દુઃખની પાનખરમાં

# આનંદનો એક ટહુકો

– કુમારપાળ દેસાઈ



શ્રી ઍમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન

# પ્રકાશકીય

માનવીનું જીવન આજે અત્યંત વ્યસ્ત બની ગયું છે. પરિણામે એ નથી તો શાંતિથી જમી શકતો કે નથી તો શાંતિથી ઊંઘી શકતો. એના કુટુંબીજનો સાથે સુખદુ:ખની વાત કરવાની પણ એને ફુરસદ નથી. સાચી રીતે જીવન જીવવાની રીત જ એ ભૂલી ગયો છે. અર્થોપાર્જન જ જાણે એનું જીવનધ્યેય બની ગયું છે.

સાચું જીવન કેવી રીતે જીવી શકાય? જીવન જીવ્યું ક્યારે સાર્થક બને? જીવન જીવવાનો હેતુ શો હોઇ શકે?

આ અને આ પ્રકારના પ્રશ્નોનું નિરાકરણ આ પુસ્તકમાં આપેલ સંતો-મહાત્માઓ, સર્જકો, રાજપુરુષો, પંડિતો વગેરેના જીવનપ્રસંગોમાંથી આપણને મળી રહે છે.

પ્રેરણાનું ભાથું પૂરું પાડતું ડૉ. કુમારપાળ દેસાઇનું આ પુસ્તક 'દુ:ખની પાનખરમાં આનંદનો એક ટહુકો' પ્રગટ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તક અમારા વાચકોને સુલભ કરી આપવા બદલ ડૉ. કુમારપાળ દેસાઈના અમે આભારી છીએ.

અમારા તરફથી શરૂ કરેલ જીવનલક્ષી શ્રેણીને મળેલા ઉષ્માભર્યા આવકારથી પ્રેરાઈને આ પુસ્તક પ્રગટ કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ. આ પુસ્તકના પ્રકાશન આયોજન પાછળ લીધેલ શ્રમ બદલ અમારા સ્નેહીમિત્ર તથા 'નવચેતન' ના તંત્રી શ્રી મુકુન્દ શાહનો આભાર માનીએ છીએ.

આ પુસ્તક સંબંધી વાચક મિત્રોનાં રચનાત્મક સૂચનો આવકારીશું.


૩-૪, વિઠ્ઠલભાઇ ભવન,<br>
સરદાર પટેલ કોલોની,<br>
રેલ્વે ક્રોસીંગ પાસે,<br>
અમદાવાદ-૩૮૦ ૦૧૩.

મંગળભાઈ પી. પટેલ<br>
મુકેશ એમ. પટેલ


તા. :૧૩-૨-૧૯૯૭

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશનની જીવનઘડતર
પ્રકાશન શ્રેણીની ૨૪મી ભેટ

# દુઃખની પાનખરમાં આનંદનો એક ટહુકો

● કુમારપાળ દેસાઈ

સ્નેહી શ્રી ..........................................................

આપના જીવનમાં પ્રેરણાનું ભાથું પૂરું પાડતું આ પુસ્તક આપનું સાથી બની રહે તેવી શુભ કામનાઓ સહ ......

સપ્રેમ
મંગળભાઈ પી. પટેલ
મૂકેશ એમ. પટેલ

**શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન પ્રકાશન**
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન', સરદાર પટેલ કૉલોની
રેલ્વે ક્રૉસિંગ પાસે, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
ફોન નં. ૪૪૮૫૬૪-૭૪૫૪૩૧૦

શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન
જીવનઘડતર પ્રકાશન શ્રેણીનું ચોવીસમું પુસ્તક

# દુઃખની પાનખરમાં આનંદનો એક ટહુકો


* લેખક : કુમારપાળ દેસાઈ


© કુમારપાળ દેસાઈ


* પ્રથમ આવૃત્તિ : ફેબ્રુઆરી, ૧૯૯૭
* પ્રકાશક : શ્રી એમ. પી. પટેલ ફાઉન્ડેશન વતી મૂકેશ એમ. પટેલ
૩-૪, 'વિઠ્ઠલભાઈ ભવન',
સરદાર પટેલ કૉલોની રેલ્વે ક્રૉસિંગ પાસે,
અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

* મૂલ્ય : સદ્ભાવ-સુવાચન-સદ્ ઉપયોગ
* પ્રકાશન-આયોજન : મુકુન્દ શાહ, ફોન નં. ૪૧૦૯૫૯
* આવરણ : જય પંચોલી, ફોન નં. ૬૬૧૪૬૭૮
* આવરણ મુદ્રણ : દીપક પ્રિન્ટરી, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.
ફોન નં. ૨૧૪૩૬૩૫
* લેસર કંપોઝ : મિનળ ગ્રાફિક્સ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
ફોન નં. ૭૪૧ ૨૩૯૫
* મુદ્રક : ઉદય ઑફસેટ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
ફોન નં. ૫૬૨૧૯૬૭

## જીવન-કલાની ઝાંખી

નાનીશી બારીમાંથી અફાટ, વિરાટ આકાશ દેખાય તે રીતે વ્યક્તિના જીવનની એકાદ મહત્ત્વપૂર્ણ પ્રસંગ-રેખામાંથી વિશિષ્ટ જીવનની ઝાંખી સાંપડે છે. એના વ્યક્તિત્વનો 'વિશેષ' એમાં પ્રગટ થતો હોય છે. માનવીના જીવનમાં અદ્યતન સુખ-સુવિધા હોવા છતાં દુ:ખ, સંતાપ અને વેદનાનો ઊભરો આવ્યો છે. જીવન પામ્યાનો આનંદ, મળ્યાનો સંતોષ અને યાતનાપૂર્ણ પરિસ્થિતિમાં સ્વસ્થતા જાળવવાની શક્તિ ગુમાવતો રહ્યો છે. જીવન એને માટે દુ:ખરૂપ બન્યું છે. અસંતોષ એને સદા અજંપો આપનારો બન્યો છે અને પરિસ્થિતિની થોડીક અકળામણ એના ચિત્તને અસ્વસ્થ બનાવી દે છે. આવા જીવનમાં ક્યાંક એક ટહુકો સંભળાય અને એ ટહુકો જીવન જીવવાનો નવો આનંદ આપી જાય તે આ પુસ્તકની રચનાનો હેતુ છે.

આ પુસ્તકમાં સંતો-મહાત્માઓ, સર્જકો, રાજપુરુષો, પંડિતો વગેરેના પ્રસંગોની ફૂલગૂંથણી કરી છે. વ્યક્તિને આ પ્રસંગોમાંથી જીવન જીવવાની કોઈ શૈલી કે તરાહ મળી રહે એવો આશય રાખ્યો છે. મહાન રશિયન લેખક મૅક્સિમ ગૉર્કી રશિયાના ગામડામાં ઘૂમતો હતો. પ્રજાને વિજ્ઞાનની પ્રગતિ અને નવા જ્ઞાનનો ખ્યાલ આપતો હતો. એક ગામડામાં યોજાયેલી સભામાં એણે ગ્રામજનોને કહ્યું,

''હવે માનવી આકાશમાં ઊડી શકશે અને છેક સાગરના પેટાળમાં જઈ એના તળિયે ઊગેલી વનસ્પતિને જોઈ શકશે.''

મૅક્સિમ ગૉર્કીની આ વાત સાંભળીને એક વૃદ્ધે ઊભા થઈને પૂછ્યું,''માણસ આકાશમાં ઊડે કે સાગરના તળિયે પહોંચી જાય એ તો

બરાબર છે, પરંતુ માણસને આ ધરતી પર જીવવું કઈ રીતે તે આવડે એવું કશું છે ખરું ?''

કોઠાસૂઝ ધરાવતા વૃદ્ધની વાત સાંભળીને મૅક્સિમ ગૉર્કી ઊંડા વિચારમાં પડી ગયો. આ પૃથ્વી પર જીવવાની કલા જાણવી એ માનવીની પહેલી જરૂરિયાત છે.

આ પુસ્તકમાં આપેલા પ્રસંગો વ્યક્તિની જીવનશિલ્પની રચનામાં ટાંકણાનું કામ કરે તેવા છે. એમાંય જેમને જીવનકલાનો મર્મ સાંપડ્યો છે, તેવા મારા સ્નેહાળ મુરબ્બી શ્રી મંગળભાઈ પટેલની ગ્રંથશ્રેણીમાં આને સ્થાન મળ્યું છે તે આનંદની વાત છે. ૭૮ વર્ષની ઉંમરે જીવનમાં સાદાઈ અને સંયમની ઉપાસના કરીને યુવાનની પેઠે જીવતા તેઓનું જીવન જ ઉદાહરણરૂપ છે. વળી, જીવનઘડતર કરે તેવાં પુસ્તકોનું પ્રકાશન કરીને સમાજને સારું વાચન અને સારા વિચારો આપવાનો એમનો પુરુષાર્થ ચોપડીપૂજનને બદલે ચોપડાપૂજનમાં માનતા ગુજરાતને કેટલો બધો પ્રેરક બને તેવો છે ! આવી વ્યક્તિનું વ્યક્તિત્વ જ હૃદયમાં આનંદનો એક ટહુકો જગાડે છે.

મારા આ કાર્યમાં શ્રી મુકુંદભાઈ શાહ અને શ્રી ગિરીશ જેસલપુરાએ આપેલો સાથ કઈ રીતે ભૂલી શકું ?

૧૦-૧-૯૭ - કુમારપાળ દેસાઈ

# અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | વ્યક્તિ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | મુક્તિની ઝંખના | ભગવાન બુદ્ધ | ૪ |
| ૨. | દુશ્મન સાથે દિલાવરી | શ્રીરામ | ૬ |
| ૩. | સોય આપી જજે | ગુરુ નાનક | ૮ |
| ૪. | રાહ અને ગુમરાહ | લાઓત્સે | ૧૦ |
| ૫. | જ્ઞાનનો પ્રકાશ | શ્રી સહજાનંદ સ્વામી | ૧૨ |
| ૬. | માનવતાની મૂર્તિ | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૪ |
| ૭. | ‘હું’ની શોધ | ભિક્ષુ નાગસેન | ૧૬ |
| ૮. | શ્રદ્ધાની શક્તિ | સંત મારપા | ૧૮ |
| ૯. | ઊંચે જુઓ તો ખરા ! | સંત મન્સૂર | ૨૦ |
| ૧૦. | ક્રોધ અને પ્રેમ | સંત તુકારામ | ૨૨ |
| ૧૧. | મન પાછળ માણસ | શેખ ફરીદ | ૨૪ |
| ૧૨. | પાણીમાં ઘા | મહાપ્રભુ ચૈતન્ય | ૨૬ |
| ૧૩. | સાહજિક ત્યાગ | સંત અજર કૈવાન | ૨૮ |
| ૧૪. | નજર સામે મરણ | સંત એકનાથ | ૩૦ |
| ૧૫. | સાચો પ્રભુસેવક | સંત અબૂબન | ૩૨ |
| ૧૬. | પશ્ચાત્તાપનો તાપ | સંત તિરુવલ્લુવર | ૩૪ |
| ૧૭. | દૃષ્ટિ તેવી સૃષ્ટિ | સ્વામી રામદાસ | ૩૬ |
| ૧૮. | પ્રેમનું ઝરણું | આચાર્ય રામાનુજ | ૩૮ |
| ૧૯. | ખુદાની ખુશી | સંત હરિદાસજી | ૪૦ |
| ૨૦. | પારકાની પીડા | સ્વામી રામકૃષ્ણ પરમહંસ | ૪૨ |

| ક્રમ | શીર્ષક | વ્યક્તિ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૨૧. | પ્રાપ્તિની પ્રસન્નતા | સ્વામી વિવેકાનંદ | ૪૪ |
| ૨૨. | ગુનાની માફી | સંત સર્રિસકીત | ૪૬ |
| ૨૩. | મૌનની વાણી | સંત કબીર અને ફરીદ | ૪૮ |
| ૨૪. | મનમાં ખાલીપો | સંત નાનઈન | ૫૦ |
| ૨૫. | તુકારામની માફી | સંત તુકારામ | ૫૨ |
| ૨૬. | દુઃખ જગાડે | સૂફી ફકીર જુનૈદ | ૫૪ |
| ૨૭. | બમણી ફી | સૉક્રેટીસ | ૫૬ |
| ૨૮. | સમર્પણનાં ફૂલ | વાચસ્પતિ મિશ્ર | ૫૮ |
| ૨૯. | ક્રોધ પર કાબૂ | શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી | ૬૦ |
| ૩૦. | પરિશ્રમથી પ્રાપ્તિ | સંત ટૉલ્સ્ટૉય | ૬૨ |
| ૩૧. | સર્જનનો આનંદ | ચિત્રકાર વોનગાર્દ | ૬૪ |
| ૩૨. | કૅન્વાસ કે ચિત્ર ? | પિકાસો | ૬૬ |
| ૩૩. | તથ્ય અને સત્ય | વિદ્વાન આર્સ્પેસ્કી | ૬૮ |
| ૩૪. | શિલ્પીનું રુદન | શિલ્પી બર્ટાન થોર્વાલ્ડસન | ૭૦ |
| ૩૫. | મનનું એટેન્શન | વિલિયમ જેમ્સ | ૭૨ |
| ૩૬. | એકલો ખાય તેને કરડે | મહારાજા પ્રસેનજિત | ૭૪ |
| ૩૭. | બગડે તે બે | રાજા નમિરાજ | ૭૬ |
| ૩૮. | સ્મરણ અને સ્મારક | શહેનશાહ સિકંદર | ૭૮ |
| ૩૯. | દેહ છતાં વિદેહી | મહારાજા જનક | ૮૦ |
| ૪૦. | સુખનું પહેરણ | રાજા આનંદવર્ધન | ૮૨ |

| ક્રમ | શીર્ષક | વ્યક્તિ | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૪૧. | વૈભવમાં ખુદા | સમ્રાટ ઈબ્રાહીમ આદમ | ૮૪ |
| ૪૨. | સુખ અને દુઃખ | સોલોમન | ૮૬ |
| ૪૩. | ઇનામ શાનું ? | બિન કાસિમ | ૮૮ |
| ૪૪. | સબસે ઊંચી પ્રેમસગાઈ | મહાત્મા ગાંધીજી | ૯૦ |
| ૪૫. | લયલા અને મજનૂ | મજનૂ | ૯૨ |
| ૪૬. | પાયાની વાત | દાસીપુત્રી પૂર્ણિમા | ૯૪ |
| ૪૭. | જનનીની જોડ | દ્રૌપદી | ૯૬ |
| ૪૮. | કાલ કોણે દીઠી છે ? | યુધિષ્ઠિર | ૯૮ |
| ૪૯. | ભૂલ મારી છે | ગોપાલકૃષ્ણ ગોખલે | ૧૦૦ |
| ૫૦. | આચરણ એ ધર્મ | કેશવચંદ્ર સેન | ૧૦૨ |
| ૫૧. | મૂળની મહત્તા | માઓ-ત્સે-તુંગ | ૧૦૪ |
| ૫૨. | ગીત ના જડ્યું | કવિવર રવીન્દ્રનાથ ટાગોર | ૧૦૬ |
| ૫૩. | અપરિગ્રહનો આદર્શ | રવિશંકર મહારાજ | ૧૦૮ |
| ૫૪. | કાનની વાળી | ખીમચંદ શેઠ | ૧૧૦ |
| ૫૫. | સમતા એ જ સાધ્ય | તુલાધર વૈશ્ય | ૧૧૨ |
| ૫૬. | ગાયના પગ કેટલા ? | અબ્રાહમ લિંકન | ૧૧૪ |
| ૫૭. | સેવાનું સ્મારક | ક્રુગર | ૧૧૬ |
| ૫૮. | પ્રસિદ્ધિની પરેશાની | ક્રાંતિકારી વોલ્તેર | ૧૧૮ |
| ૫૯. | બાઈબલ અને બગીચો | વિન્સ્ટન ચર્ચિલ | ૧૨૦ |
| ૬૦. | આજની ઘડી રળિયામણી | ઈસુ ખ્રિસ્ત | ૧૨૨ |

## ૧ મુક્તિની ઝંખના

મધુર રમણીય પ્રભાતે એક મુમુક્ષુએ અકળાઈને ભગવાન બુદ્ધને કહ્યું,

"પ્રભુ ! મને આ જગતનો ખેલ સમજાતો નથી. આપ કહો છો કે બધાને મોક્ષ મળી શકે. જો મોક્ષ સહુ કોઈને મળતો હોય તો પછી કેમ કોઈનેય પ્રાપ્ત થતો નથી ?"

ભગવાન બુદ્ધના પ્રશાંત ચહેરા પર હાસ્યની એક લકીર ઊપસી આવી. એમણે જિજ્ઞાસુને કહ્યું કે "તું એક કામ કર. આ નગરમાં જા અને તપાસ કર કે કોની શી શી ચાહના છે ? દરેક વ્યક્તિ શું મેળવવા મથે છે ?"

મુમુક્ષુ તો રાજા પાસે ગયો, તો રાજાએ કહ્યું કે, "બસ, હું તો રાત-દિવસ એક જ ઇચ્છા રાખું છું અને તે છે દુશ્મનનો પરાજય. મારા રાજ્યનો વધુ ને વધુ વિસ્તાર કરવો, એ જ મારું જીવનધ્યેય છે. એ માટે લડવા તૈયાર છું. પ્રાણ આપવા તૈયાર છું."

ગામના શ્રેષ્ઠીને મળ્યો તો એણે કહ્યું કે "મારી તો એટલી ચિંતા છે કે આ અઢળક ધન કઈ રીતે સાચવવું ? આમાં ને આમાં તો મને અનિદ્રાનો રોગ લાગુ પડ્યો છે."

કોઈ યુવાનને પૂછ્યું તો એ બોલી ઊઠ્યો કે "જીવનને આવા હેતુથી બાંધવું જોઈએ નહિ. જીવન એ તો વહેતા ઝરણા જેવું છે. ગાતા પંખી જેવું છે. મોજમજા ઉડાવો, ગાતા જાઓ. બસ, આ જ આપણું તો જીવન."

કોઈ રૂપસુંદરીને મળ્યો. તો એ નમણી નારીએ જવાબ આપ્યો કે "જીવન એટલે જ રૂપની જાળવણી, બીજું વળી શું ?"

સાધુસંતોને મળ્યો. કોઈ મંદિર બંધાવવાના ખર્ચની ચિંતામાં પડ્યા હતા, કોઈ આશ્રમની વ્યવસ્થામાં ગૂંથાયેલા હતા. કેટલાક સેવકોની સેવાચાકરીમાં બંધાયેલા હતા. કોઈએ કહ્યું કે ખર્ચ વધ્યો છે; હવે એના નિભાવની ચિંતા વધતી જાય છે.

યોગીને મળ્યો. યોગીએ કહ્યું કે સાધના માટે સંસાર છોડ્યો હતો, પરંતુ હવે ભક્તોની ભીડ એટલી જામે છે કે એમને સંતોષવામાં જ સમય પૂરો થઈ જાય છે. એમની ભક્તિ આટલી બધી હોય તેથી કરું પણ શું ?

યુવાન પાછો આવ્યો. એણે જોયું તો કોઈને યશની ઝંખના હતી, કોઈને પદની ચાહના હતી. કોઈ ધન માટે, તો કોઈ વૈભવ માટે વલખાં મારતા હતા.

મુમુક્ષુ ભગવાન બુદ્ધ પાસે આવ્યો. એણે કહ્યું કે "પ્રભુ ! મારા પ્રશ્નનો ઉત્તર મળી ચૂક્યો છે."

ત્યારે ભગવાન બુદ્ધના મુખમાંથી વાણી સરી ગઈ :

"મોક્ષ તો સહુ કોઈને મળી શકે છે. મુક્તિ તો છે જ, પણ એ તરફ મુખ માંડનારા ક્યાં છે ?"

• • •

## ૨ દુશ્મન સાથે દિલાવરી

રામ અને રાવણ. રામ એટલે સત્ય અને નિષ્ઠા. રાવણ એટલે અસત્ય અને અનાચાર. એમના વેરની વાત તો સહુ કોઈ જાણે છે, પણ એમની વચ્ચેના સદ્ભાવની વાત ભાગ્યે જ કોઈ જાણતું હશે. એ અજાણી વાત આવી છે :

રાવણ સીતાને ઉપાડી ગયો. લંકાની અશોકવાટિકામાં એમને રાખ્યાં.

રામ હનુમાનની વાનરસેના સાથે લંકા જવા નીકળ્યા. રાવણને હરાવવો હતો. સીતાને બંધનમાંથી મુક્ત કરવાં હતાં.

લંકા પહોંચતાં આડો આવ્યો સમુદ્ર. સમુદ્રને પાર કરવા માટે સેતુ તૈયાર કર્યો.

સેતુ-પુલ તો તૈયાર થયો, પણ એના વાસ્તુ માટે પુરોહિત લાવવા ક્યાંથી ?

આજુબાજુ તપાસ કરી. પણ ઋષિ-મુનિઓ, બ્રાહ્મણો, એ તમામ રાવણના ત્રાસથી પરેશાન થઈ ગોદાવરીને કાંઠે ચાલ્યા ગયા હતા. છેક પંચવટી સુધી રાવણનું રાજ ચાલે. આથી આજુબાજુ ક્યાંયથી બ્રાહ્મણ મળ્યો નહિ.

અપાર મુશ્કેલી ઊભી થઈ. હવે કરવું શું ? રામ, લક્ષ્મણ અને હનુમાન ચિંતામાં પડ્યા. આખી વાનરસેના સમુદ્રકિનારે આવીને ઊભી હતી.

વાસ્તુની વિધિ કરાવ્યા વિના તો સેતુ પર પ્રવેશ કરાય કેમ ? અને સેતુ વિના લંકામાં પહોંચાય કેમ ?

વાત વહેતી વહેતી લંકાના રાજા રાવણ પાસે આવી. તેણે સાંભળ્યું કે રાજા રામને સેતુનું વાસ્તુ કરાવવું છે, પણ કોઈ બ્રાહ્મણ જડતો નથી.

રાવણ બ્રાહ્મણ હતો. એ પોતાના વિરોધી રામચંદ્રની મુશ્કેલી કળી ગયો. રાવણનું બ્રાહ્મણ લોહી બોલી ઊઠ્યું.

એણે ભગવાનને સંદેશો મોકલ્યો અને કહ્યું કે 'કોઈ પણ મંગલ કાર્ય માટે બ્રાહ્મણ ન મળે તો તેને હું મારા બ્રાહ્મણત્વના કલંકસમું ગણું છું. તમને વાંધો ન હોય તો હું પુરોહિત તરીકે ધર્મક્રિયા કરાવું.'

ભગવાન રામે રાવણની વાત કબૂલ રાખી. રાવણ આવ્યો. બ્રાહ્મણ તરીકે બેઠો. સેતુનું વાસ્તુ કરાવ્યું.

કામ તો બધું બરાબર ચાલ્યું, પણ વિધિ એવી હતી કે ધર્મક્રિયા પૂરી થયા પછી પુરોહિત યજમાનને આશીર્વાદ આપે. જે આશયથી રચના કરી હોય તેમાં તેને સફળતા મળે તેવાં વચનો ઉચ્ચારે.

વાસ્તુની ક્રિયા પૂરી થઈ. ભગવાન રામ પુરોહિત રાવણના પગમાં પડ્યા.

રાવણે તેમને આશીર્વાદ આપતાં એમ કહ્યું :

''હે યજમાન, તમારું કાર્ય સિદ્ધ થાઓ. એમાં તમને યશ અને કીર્તિ મળો.''

● ● ●

# ૩ સોય આપી જજે

લાહોર નજીક આવેલા એક ગામમાં ગુરુ નાનક આવ્યા હતા. ગામમાં રહીને તેઓ લોકોને ઉપદેશ આપતા હતા. ગુરુ નાનક પાસે એક ધનપતિ રોજ આવે. આવીને ગુરુ નાનકને વિનંતી કરે કે, ''મને આપની સેવાનો લાભ આપો. મારી પાસે અઢળક સંપત્તિ છે. આપના ખપમાં આવશે તો મને આનંદ આવશે.''

ગુરુ નાનક એની વાત ટાળતા ગયા. ધનવાનને ભારે તાલાવેલી હતી. એ રોજ પોતાની વિનંતી કહેતો અને એનો સ્વીકાર કરવા આગ્રહ રાખતો.

એક દિવસ સભાની વચ્ચે એણે ફરી પોતાની વિનંતી રજૂ કરી. ગુરુ નાનકે કહ્યું, 'લો, આ કપડાં સીવવાની સોય રાખો. આપણા બન્નેનું મૃત્યુ થાય એ પછી મને પાછી આપી જજો.''

ધનવાન ચોંકી ઊઠ્યો. આવી વિચિત્ર વાત તો એણે સાંભળી ન હતી. આટલી મોટી મેદની વચ્ચે આવી અસંગત વાત ! મૃત્યુ પામ્યા બાદ સોય કઈ રીતે પાછી આપી શકાય ?

લોકસમુદાયની હાજરીમાં આ વિશે ચર્ચા કરવાનો કોઈ અર્થ ન હતો. બધાની હાજરીમાં કહે પણ શું ? વળી પોતે જ સેવાનો લાભ આપવા વારંવાર વિનંતી કરી હતી, અને હવે જ્યારે સેવા સોંપે ત્યારે એનો ઇન્કાર કઈ રીતે થઈ શકે ?

એ સમયે તો ધનવાન ચૂપ રહ્યો, પણ પછીને દિવસે વહેલી સવારે ચાર વાગે ગુરુ નાનક પાસે પહોંચી ગયો. એમના પગમાં પડી ગયો અને કહ્યું કે, ''આપની વાત મને સમજાતી

નથી. મૃત્યુ બાદ હું કઈ રીતે આ સોય પાછી આપી શકું ? માટે આપ સોય આજે જ પાછી લઈ લો. આ વિશે મેં ઘણો વિચાર કર્યો. એનો કોઈ ઉપાય હોત તો મેં મારી બધી સંપત્તિ એની પાછળ ખર્ચી નાંખી હોત, પરંતુ હું મરી ગયો હોઉં પછી તમને કઈ રીતે આ સોય પાછી મોકલાવી શકું ? કોને ખબર કે હું કયા લોકમાં હોઈશ ? આપ ક્યાં હશો ? હું કેવી રીતે મળવા આવી શકું ?''

ગુરુ નાનકે કહ્યું, ''તેં આટલું બધું મેળવ્યું, પણ ક્યારેય એવો વિચાર કર્યો છે ખરો કે આમાંથી મૃત્યુને પાર તું શું લઈ જઈશ ?''

ધનવાને કહ્યું, ''આજ સુધી મેળવ્યું તો ઘણું, પણ આવો વિચાર ક્યારેય ન આવ્યો કે આમાંથી મૃત્યુને પાર હું શું લઈ જઈશ ?''

ગુરુ નાનકે કહ્યું, ''તો સાંભળ, જે મૃત્યુને પાર લઈ જઈ શકાય નહિ તે સંપત્તિ નથી. જે મૃત્યુની આ બાજુ જ રહી જાય તે વિપત્તિ હોઈ શકે, સંપત્તિ નહીં. સામાન્ય માનવી મૃત્યુની આ પારની સંપત્તિનો વિચાર કરે છે જે એના મૃત્યુ સાથે સમાપ્ત થઈ જાય છે. છતાં માને છે કે મૃત્યુને પેલે પાર લઈ જઈ શકાશે. આથી ધનની પાછળ આંધળી દોટ મૂકે છે. તું મૃત્યુની પેલે પારની સંપત્તિનો વિચાર કર, જે સદાય માનવીના આત્મા સાથે અભિન્નરૂપે જોડાયેલી હોય છે એ જ સાચી સંપત્તિ છે.''

• • •

# ૪ રાહ અને ગુમરાહ

ચીનમાં બે મહાન વિચારકો થઈ ગયા. એક લાઓત્સે અને બીજો કોન્ફ્યુશિયસ.

ચીનના મહાન તત્ત્વજ્ઞાની લાઓત્સેએ 'તાઓ' સિદ્ધાંતનો પ્રચાર કર્યો. તાઓ એટલે રસ્તો અથવા તો ઉત્તમ સિદ્ધાંત. ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં થયેલા લાઓત્સેને એમના ગહન જ્ઞાનને માટે ખુદ ચીનના સમ્રાટ આદર આપતા હતા.

આમેય જગતના ધાર્મિક ઈતિહાસમાં ઈ. સ. પૂર્વે છઠ્ઠો સૈકો ખૂબ મહત્ત્વનો ગણાય. બરાબર આ જ સમયે ચીન પર સૌથી વધુ પ્રભાવ પાડનાર અને આદર મેળવનાર કોન્ફ્યુશિયસનો જન્મ થયો. કોન્ફ્યુશિયસે વિદ્વત્તા, ચારિત્ર્ય, પ્રમાણિકતા અને વફાદારી પર ભાર મૂક્યો. સત્યના ઉપાસક કોન્ફ્યુશિયસ નમ્ર, વિવેકી અને કરકસરયુક્ત જીવન ગાળતા હતા. તેઓ લાઓત્સે માટે અપાર આદર ધરાવતા હતા.

એક વાર કોન્ફ્યુશિયસ લાઓત્સે પાસે ગયા. જ્ઞાની લાઓત્સેને વિચારક કોન્ફ્યુશિયસે વિનંતી કરી, "આપ મને કોઈ ઉપદેશ આપો. જીવનનું કોઈ માર્ગદર્શન આપો. એવો કોઈ પ્રકાશ આપો કે જેના અજવાળે હું મારું જીવન આગળ ધપાવી શકું."

લાઓત્સે તો અનોખા ઉપદેશક હતા. એટલા મર્મી અને ગહન જ્ઞાની હતા કે સામાન્ય માનવીને એમની વાત કાં તો સમજાય નહીં અથવા તો સાવ અવળી લાગે.

કોન્ફ્યુશિયસની માગણીનો પણ લાઓત્સેએ વિચિત્ર

પ્રત્યુત્તર વાળ્યો. લાઓત્સેએ કહ્યું, ''બીજાના માર્ગદર્શનથી પોતાનો માર્ગ નક્કી કરવા જાય એ જરૂર માર્ગ ભૂલવાનો. હું તમને રાહ બતાવીને ગુમરાહ કરવા માગતો નથી.''

કોન્ફ્યુશિયસને આ ઉત્તરથી સંતોષ ન થયો. એ લાઓત્સેને મળવા માટે લાંબી મુસાફરી કરીને આવ્યા હતા. એની પાસેથી ખાલી હાથે પાછો ફરે તે કેવું કહેવાય ?

આથી ફરી કોન્ફ્યુશિયસે વિનંતી કરી, ''આ વિશ્વમાં જેને જીવનનો મર્મ સાંપડ્યો છે તેવી વિરલ વ્યક્તિઓમાં આપ એક છો. આપને મળવા માટે દૂરદૂરથી હું અહીં આવ્યો છું. જીવન વિશેનું માર્ગદર્શન ભલે ન આપો, પરંતુ જીવન વિશેનો ખ્યાલ અને જ્ઞાન તો આપો.''

લાઓત્સેએ કહ્યું, ''અરે ભાઈ, હું જ્ઞાન આપવાની ભૂલ કદી કરતો નથી. મારું કામ તો જ્ઞાન છીનવી લેવાનું છે, કારણ કે પહેલાં અજ્ઞાની બન્યા પછી જ સાચા જ્ઞાની બની શકાય. પહેલાં વ્યક્તિને એના અગાઉના જ્ઞાન કે એની માહિતીથી મુક્ત કરે પછી જ એ વ્યક્તિ જ્ઞાન તરફ જઈ શકે છે.''

કોન્ફ્યુશિયસ વિચારમાં પડ્યા. આજ સુધી ક્યારેય આવું વિચાર્યું નહોતું.

લાઓત્સેએ કહ્યું, ''આપણું સંચિત જ્ઞાન એટલું બધું પૂર્વગ્રહયુક્ત હોય છે કે સાચા જ્ઞાનનો પ્રકાશ રૂંધાઈ જાય છે. પહેલાં એ જ્ઞાન તજો. પછી જ બીજું કંઈ પામી શકો.''

• • •

# ૫ જ્ઞાનનો પ્રકાશ

સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામી ઠેર ઠેર ઉપદેશ આપે. લોકોને સારે માર્ગે વાળે. લૂંટ-ફાટ કરનારી કોમ પણ એમના ઉપદેશથી બદલાઈ ગઈ. બૂરાઈને બદલે ભલાઈ કરવા માંડી.

એક વાર શ્રી સહજાનંદ સ્વામીને મળવા માટે દીનાનાથ ભટ્ટ નામના સંસ્કૃતના પ્રકાંડ પંડિત આવ્યા. એમની પંડિતાઈ આગળ ભલભલા પાણી ભરે. શ્લોકો તો એટલા બધા મોઢે કે ગણ્યા ગણાય નહીં. એમની સાથે વાદવિવાદમાં ઊતરવાનું કોઈનું ગજું નહીં.

આવા પંડિતજીનો શ્રી સહજાનંદ સ્વામીએ આદર કર્યો અને એમને પૂછ્યું :

"આપ તો સંસ્કૃતના પ્રકાંડ શાસ્ત્રી છો. આપની વિદ્વત્તાનાં સઘળે વખાણ થાય છે. આપની યાદશક્તિ પણ અજોડ છે. એક પ્રશ્ન પૂછું ?"

"પૂછો, જરૂર પૂછો." શાસ્ત્રી દીનાનાથ ભટ્ટને થયું કે સ્વામીજી એમની પરીક્ષા કરવા માગે છે.

શ્રી સહજાનંદ સ્વામીએ પૂછ્યું, "આપને કેટલા શ્લોકો મોઢે છે ?"

પંડિત દીનાનાથ ભટ્ટે જવાબ વાળ્યો, "પૂરા અઢાર હજાર ! કહો તો અત્યારે જ ગાઈ સંભળાવું."

શ્રી સહજાનંદ સ્વામીએ પ્રશ્ન કર્યો : "મારે એ શ્લોકો

સાંભળવા નથી, પરંતુ તમારી પાસેથી એ જાણવું છે કે આ અઢાર હજાર શ્લોકોમાંથી કેટલા શ્લોક તમને મોક્ષ અપાવવામાં સહાયરૂપ બનશે ?''

પંડિતજી તો ઊંડા વિચારમાં પડી ગયા. એમણે આજ સુધી શ્લોકનો વિચાર કર્યો હતો, મોક્ષનો નહિ. આથી એમણે કહ્યું :

''ઓહ, સ્વામીજી ! એની તો મેં ક્યારેય ગણતરી કરી જ નથી. એવો હિસાબ તો મેં માંડ્યો જ નથી.''

''તો પછી આટલા બધા શ્લોકો યાદ રાખવાનો અર્થ શો ? એમ તો પોપટ પણ ક્યાં શ્લોક નથી બોલતા ? જે શાસ્ત્ર મુક્તિ ન અપાવે તેનો અભ્યાસ કરવાથી શો લાભ ? એનાથી કંઈ આત્માનું કલ્યાણ ઓછું થાય ?''

વિદ્વત્તાના સાગરસમા પંડિત દીનાનાથ સ્વામીજીને નમી પડ્યા. એમણે વિદ્વત્તા પૂરી કરી હતી, પણ તેનો મર્મ સ્વામીજી પાસેથી મળ્યો.

માત્ર અનુભવહીન કોરા કે શુષ્ક જ્ઞાનથી શું વળે ? કડકડાટ શ્લોકો બોલી જાઓ તેનો અર્થ શો ? સંચિત જ્ઞાન વ્યક્તિગત જીવનમાં ઊતરે ત્યારે જ એની સાર્થકતા સધાય. માત્ર જ્ઞાનનું રટણ એ તો એક વ્યાયામ કહેવાય. એ જ્ઞાન અંતરમાં અજવાળું પાથરે અને આચારમાં પ્રગટ થાય ત્યારે માનવીને જ્ઞાનદીપકનો પ્રકાશ લાધે છે.

• • •

# ૬ માનવતાની મૂર્તિ

મુંબઈમાં રાયચંદભાઈ ઝવેરાતનો ધંધો કરતા હતા.

વેપાર ખેડે, પણ નીતિ-નિયમથી, પૂરી પ્રામાણિકતા અને સચ્ચાઈથી.

એક વાર એક સોદો કર્યો. રાયચંદભાઈએ બાનાની રકમ આપી દીધી.

સામા વેપારી સાથે નક્કી કર્યું કે એણે અમુક ભાવે આટલું ઝવેરાત આ તિથિએ આપવું.

બંનેએ કરારના કાગળ પર સહી કરી. ઝવેરાતના બજારમાં મોટી ઊથલપાથલ આવી. ભાવ એકાએક વધવા લાગ્યા. બીજી ચીજમાં થોડી તેજી-મંદી થાય, પણ આ તે ઝવેરાત ! ભાવ વધે એટલે ઊંચા આસમાને જ પહોંચી જાય. વેપારીના હોશ-કોશ ઊડવા માંડ્યા. દશા એવી આવી કે વેપારી નક્કી કરેલું ઝવેરાત ખરીદે તો એને ઘરબાર હરાજ કરવાં પડે.

રાયચંદભાઈ ઊથલપાથલથી માહિતગાર હતા. વેપારીની દશા ને વ્યથા કેવી હશે, એનો એમનો ખ્યાલ આવ્યો.

સામે પગલે ચાલીને વેપારીની દુકાને ગયા. દૂરથી રાયચંદભાઈને આવતા જોઈને જ વેપારીને તો પરસેવો છૂટવા લાગ્યો. એને તો પોતાનો કાળ સામે આવતો હોય તેમ લાગ્યું !

વેપારીએ ધ્રૂજતા અવાજે રાયચંદભાઈને કહ્યું : "માફ કરજો ! હું ગોઠવણ કરી જ રહ્યો છું. ભલે મારું સર્વસ્વ લૂંટાઈ જાય, પણ હું બેવચની નહિ બનું. તમે સહેજે ચિંતા રાખશો નહિ."

રાયચંદભાઈએ કહ્યું : "ચિંતા તને નહિ, પણ મને થાય છે."

વેપારી વચ્ચે બોલ્યો, "ના, તમે ફિકર ન કરશો. હું બધું વેચીનેય કરારનું પાલન કરીશ."

રાયચંદભાઈ એ કહ્યું : "ભલા માણસ, મારી અને તારી ચિંતાનું કારણ આ લખાણ જ છે ને ? આ લખાણને લીધે જ તારી અવદશા થાય તેમ છે. તો લાવને, તારી અને મારી ચિંતાનો નાશ કરવા આ લખાણનો જ નાશ કરી નાખીએ. આપણે બંને નકામી ચિંતાઓથી ઊગરી જઈશું."

વેપારીએ દયામણા મોંએ વિનંતી કરતાં કહ્યું, "પણ આપ એવું શા માટે કરો છો ? હું બે-ત્રણ દિવસમાં મારી જવાબદારી અદા કરી દઈશ."

હજી વેપારી વધુ કંઈ બોલે તે પહેલાં તો રાયચંદભાઈએ એ કરારના કાગળના ટુકડેટુકડા કરી નાખ્યા. તેઓ બોલ્યા,

"ભાઈ ! હું જાણું છું કે તમે વાયદાથી બંધાઈ ગયા છો, પણ અત્યારે પરિસ્થિતિ પલટાઈ ગઈ છે. તમે કરાર પ્રમાણે ઝવેરાત આપો, તો ભવિષ્યમાં તમારી શી સ્થિતિ થાય, તે હું કલ્પી શકું છું. રાયચંદ દૂધ પી શકે છે, લોહી નહીં."

વેપારી એમનાં ચરણમાં ઝૂકી પડ્યો. એ બોલ્યો : "તમે માનવ નહિ, પણ માનવતાની સાક્ષાત્ મૂર્તિ છો !"

આ રાયચંદ તે મહાન આધ્યાત્મિક પુરુષ શ્રીમદ્ રાજચંદ્ર બન્યા.

● ● ●

# ૭ 'હું'ની શોધ

સમ્રાટ મિલિંદે ભિક્ષુ નાગસેનને દરબારમાં પધારવા આમંત્રણ આપ્યું.

આમંત્રણનો સ્વીકાર કરતાં ભિક્ષુ નાગસેને કહ્યું, "પ્રેમને વશ હું આવીશ ખરો, પરંતુ સમ્રાટને એટલું કહેજો કે આ જગતમાં ભિક્ષુ નાગસેન જેવું કશું નથી. એ તો માત્ર એક કામચલાઉ નામ છે."

સમ્રાટ મિલિંદ પોતાના નિમંત્રણનો સ્વીકાર થયો એથી આનંદ પામ્યો. પણ ભિક્ષુ નાગસેનના ઉત્તરથી આશ્ચર્ય પામ્યો.

કેમ એણે એમ કહ્યું હશે કે ભિક્ષુ નાગસેન જેવું કશું જ નથી ! એ તો માત્ર ક્ષણિક સંજ્ઞા છે !

સમ્રાટને મળવા માટે રથમાં બેસીને ભિક્ષુ નાગસેન આવ્યા. સમ્રાટે આદરસત્કાર કરતાં કહ્યું,

"પધારો, ભિક્ષુ નાગસેન ! અમે આપનો હૃદયભેર આદર કરીએ છીએ. ભિક્ષુ નાગસેનનું અમે સ્વાગત કરીએ છીએ."

તરત જ ભિક્ષુ નાગસેને ઉત્તર આપ્યો, "તમારા સ્વાગતનો સ્વીકાર કરું છું. પરંતુ ભિક્ષુ નાગસેન જેવું કશું છે જ નહિ."

સમ્રાટે પૂછ્યું, "આપની વાત અમને સમજાતી નથી. એક બાજુ આપ અમારું સ્વાગત સ્વીકારો છો અને બીજી બાજુ કહો છો કે ભિક્ષુ નાગસેન જેવું કશું છે જ નહિ. આ કેવી રીતે બની શકે ?"

ભિક્ષુ નાગસેને કહ્યું, ''સમ્રાટ ! જુઓ, હું તમને સમજાવું.''

આમ કહીને ભિક્ષુ નાગસેને રથના ઘોડાને મુક્ત કર્યા, પછી ઘોડા તરફ આંગળી ચીંધીને કહ્યું,

''આ ઘોડા તે રથ છે ?''

રાજાએ કહ્યું, ''ઘોડા તે ઘોડા જ છે. તે રથ કઈ રીતે હોઈ શકે ?''

પછી રથનું પૈડું દૂર કરીને પૂછ્યું, ''રાજન્ ! તમે આને રથ કહેશો ખરા ?''

સમ્રાટ મિલિંદે કહ્યું, ''આને રથ કઈ રીતે કહી શકાય ? આ તો પૈડાં છે.''

આ રીતે ભિક્ષુ નાગસેન એક એક વસ્તુ દૂર કરતા ગયા અને સમ્રાટને પૂછતા ગયા. છેવટે કશું બાકી રહ્યું નહીં ત્યારે ભિક્ષુએ પૂછ્યું,

''જેટલી વસ્તુઓ વિશે તમને મેં પૂછ્યું, તેના ઉત્તરમાં તમે કહ્યું કે આ રથ નથી, તે પણ રથ નથી. તો હવે બતાવો કે આ રથ ક્યાં છે?''

સમ્રાટ વિચારમાં પડી ગયા. ભિક્ષુ નાગસેને સમજાવ્યું કે ''રથ એ અમુક ચીજ-વસ્તુઓનો સંગ્રહ છે. રથનું પોતાનું કોઈ અસ્તિત્વ નથી. એનું કશું સ્વ નથી. રાજનું, તમારું 'હું' પણ આવા જ છે. ખરેખર જોવા જાઓ તો તે શૂન્ય છે.''

• • •

## ૮ શ્રદ્ધાની શક્તિ

તિબેટમાં મારપા નામના સંત થઈ ગયા. તેઓ સાવ સીધા-સાદા આદમી હતા. હંમેશાં ભક્તિમાં લીન રહેતા. ગુરુની આજ્ઞા પાળે અને સંયમી જીવન ગાળે.

મારપા સરળતાથી જીવન જીવતા હતા. સરળતાથી જીવવું તે જીવનમાં સૌથી અઘરું છે, કિંતુ સંતોને આવી સરળતા સહજ હોય. પહાડ પરથી ઝરણું વહે, એમના જીવનમાં સરળતા વહેતી હોય છે.

મારપાની સાથે ભણતા બીજા શિષ્યોને મનમાં દહેશત પેઠી. એમને થયું કે નક્કી, આપણા ગુરુ આ મારપાને એમનો ઉત્તરાધિકારી બનાવશે.

ગુરુની ગાદીએ બેસવા ઘણા શિષ્યો તલપાપડ હતા. એમાંના કેટલાકે મારપાનો કાંટો દૂર કરવાની યોજના કરી.

એક શિષ્યે આવીને ભલા-ભોળા મારપાને કહ્યું, ''અરે તારે માટે ગુરુની આજ્ઞા છે - જો તને એમના પર શ્રદ્ધા હોય તો આ ઊંડી ખાઈમાં કૂદી પડવું.''

ગુરુએ તો આવી કોઈ આજ્ઞા કરી નહોતી. માત્ર શિષ્યોએ આ વાત ઉપજાવી કાઢી હતી.

મારપાએ ઊંડી ખાઈમાં ઝંપલાવ્યું. એના સાથીઓ જુદે રસ્તેથી ખાઈમાં નીચે આવ્યા. એમણે તો ધાર્યું હતું કે મારપાનો મૃતદેહ મળશે પણ એને બદલે સાથીઓએ મારપાને એક વૃક્ષ નીચે સમાધિમાં લીન બનીને બેઠેલો જોયો.

# સંત મારપા

એક વાર મારપા નદી પાર કરતો હતો. કેટલાક શિષ્યોએ કહ્યું: "મારપા ! શાસ્ત્રમાં કહ્યું છે કે જેની ગુરુ પર અતૂટ શ્રદ્ધા હોય છે, તે પાણી પર ચાલી શકે છે. તું તારી શ્રદ્ધા પુરવાર કરી આપ."

મારપાએ તો પાણીમાં ઝંપલાવ્યું. આશ્ચર્યની સાથે એ પાણી પર ચાલીને નદી પસાર કરી ગયો.

શિષ્યોની વિમાસણનો પાર ન રહ્યો. વાત વહેતી વહેતી ગુરુ પાસે પહોંચી ગઈ. શિષ્યોએ ગુરુને કહ્યું કે "અમે આપનું નામ લઈને, ખોટું બોલીને એને ખાઈમાં પડવાનું, આગમાં ઝંપલાવવાનું કે પાણી પર ચાલવાનું કહ્યું. મારપાએ અમે કહ્યું તે પ્રમાણે કર્યું, પણ એને ઊની આંચ પણ આવી નહિ. આપના નામનો મહિમા અપાર છે." આ વાત સાંભળતાં ગુરુના મનમાં અહંકાર જાગ્યો.

એક વાર ગુરુ નદી પાર કરતા હતા ત્યારે તેમણે મનોમન વિચાર્યું કે જો મારા નામ પર મારપા પાણી પર ચાલી શક્યો તો મારા માટે આ વાત સાવ આસાન ગણાય. એમણે શિષ્યોને કહ્યું કે "જુઓ, મારા નામના મહિમાથી મારપા ચાલ્યો એમાં મારપાની ખૂબી નથી, મારા નામની તાકાત છે."

આટલું બોલી ગુરુ પાણી પર ચાલવા ગયા. ચાલવાને બદલે તેઓ તો ડૂબવા લાગ્યા. મહામુશ્કેલીએ શિષ્યોએ એમને ડૂબતા બચાવ્યા.

• • •

## ૯ ઊંચે જુઓ તો ખરા !

સૂફી સંત મન્સૂર. મધ્ય એશિયાના આ સંત દેશ-દેશ ઘૂમ્યા અને સૂફી-ભાવનું ગાન કર્યું. તેઓ ભારતના પ્રવાસે પણ આવ્યા હતા. આવા મસ્ત ફકીર હતા સંત મન્સૂર.

આ સંત સર્વત્ર ઈશ્વરને જોતા હતા. ઈબલિસ(શેતાન)ને પણ ઈશ્વરનો અનુયાયી માનતા હતા.

સૂફી મતમાં 'અનલ હક'(અહં બ્રહ્માસ્મિ)નો પોકાર કરનાર સંત મન્સૂરની વાતનો રાજકારણીઓ અને ધર્મપ્રચારકોએ વિરોધ કર્યો. આઠ વર્ષ બગદાદની કેદમાં રાખવામાં આવ્યા. કારાવાસની અંધારી કોટડી એમના વિચારના અજવાળાને ઝાંખું કરી શકી નહીં. મન્સૂર માનવતાના ચાહક હતા. માનવતા કાજે જીવન સમર્પિત કરનારા શહીદ હતા.

સ્વાભાવિક રીતે જ ભગત અને જગતનો મેળ મળતો નથી. ઈ.સ. ૯૨૨ ની ૨૬મી માર્ચે મહાન મન્સૂરને ફાંસી મળી.

ભગતનું જીવન જગતને ગમતું નથી. જગત એને સાંખી શકતું નથી. આથી જ એને ખામોશ કરવા કાં ફાંસીનો ફંદો લાવે છે, કાં તો ઝેરનો કટોરો.

સંત મન્સૂર ફાંસીના ફંદા તરફ ઊંચે ચડતો હતો. પણ સાથોસાથ ખડખડાટ હસતો હતો.

મન્સૂરના વિરોધીઓ અપશબ્દો બોલતા હતા, પથ્થરો

મારતા હતા. પણ મન્સૂરનો તો એક જ જવાબ - મોજીલું ખડખડાટ હાસ્ય !

ફાંસી આપનારો જલ્લાદ પણ વિચારમાં પડ્યો, આ તે કેવો આદમી ! એણે કેટલાયને ફાંસીએ ચડાવ્યા હતા. કોઈને ધ્રૂજતા જોયા હતા, કોઈને કરગરતા જોયા હતા, કોઈ મોતના ભયથી બેબાકળા તો કોઈ સૂનમૂન જોયા હતા, પણ કોઈને આમ હસતા જોયા ન હતા !

એણે મન્સૂરને પૂછ્યું : ''અલ્યા, આટલું ખડખડાટ હસે છે શા માટે ? તું કોઈ વિચિત્ર માણસ લાગે છે. પાગલ તો નથી ને ?''

મન્સૂરે કહ્યું, ''પ્યારા જલ્લાદ ! તને ખબર નથી ? આજે આખરે મારો વિજય થયો છે.''

જલ્લાદ કહે, ''તારો વિજય ? શાનો ? તને તો મોત મળ્યું છે. આ ફાંસીનો ફંદો દેખાતો નથી તને ?''

મન્સૂરે કહ્યું : ''જોને, આખી જિંદગી મેં આ લોકોને ઊંચે જોવાનું કહ્યું. આજ ફાંસીના ફંદે લટકતા મન્સૂરને જોવા માટે એમને કેટલું ઊંચે જોવું પડશે ?''

મન્સૂરનું આ કથન જલ્લાદને સમજાયું નહીં, પરંતુ મન્સૂરના કથનમાં ઊંડો મર્મ છુપાયો હતો.

• • •

## ૧૦ ક્રોધ અને પ્રેમ

સંત તુકારામના અંતરમાં સતત ઈશ્વરની રટણા ચાલે. આખો દિવસ પ્રભુભજનમાં મસ્ત રહે. ન જગતની ચિંતા, ન સંસારની પરવા.

એક વાર બજારમાં શેરડીના સાંઠા લેવા ગયા. દસ સાંઠા લીધા, સાંઠા લઈને ઘરભણી ચાલ્યા.

સંતની સુવાસ એવી કે બાળક ને બુઢ્ઢા સહુ કોઈ એમની પાસે ખેંચાઈ આવે.

બાળકોએ તુકારામને જોયા કે બધા એમને ઘેરી વળ્યા. નિર્દોષ બાળકોને જોઈ તુકારામ પણ ઘેલા થઈ ગયા. બાળકો સાથે રમવા લાગ્યા. વાતો કરવા લાગ્યા, ને વિદાય વખતે બાળકોએ હાથ લાંબો કર્યો તો એમણે દરેકને એક-એક સાંઠો આપી દીધો.

બજારમાંથી દસ સાંઠા લઈને નીકળેલા સંત તુકારામ ઘેર પહોંચ્યા ત્યારે હાથમાં એક સાંઠો હતો.

બારણે એમનાં પત્ની ઊભાં હતાં. એમણે જોયું કે દસ સાંઠાને બદલે આ તો એક જ સાંઠો લાવ્યા છે. એ વાતને પામી ગયા. નક્કી રસ્તામાં નવ સાંઠા માગનારાઓને આપી દીધા હશે.

તુકારામનાં પત્નીનો ગુસ્સો સળગી ઊઠ્યો અને બોલ્યાં, “વાહ રે દાનવીર, તમારી દાનવીરતા ! ઘરમાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો ! ઘરે તો હાંલ્લાં કુસ્તી કરે છે, અને તમે તો દાનેશ્વરી કર્ણની માફક વર્તો છો.”

સંત તુકારામે કશો જવાબ આપ્યો નહીં. માત્ર સાંઠો પત્નીના હાથમાં મૂક્યો.

આથી તુકારામની પત્નીનો ગુસ્સો વધુ ફાટી નીકળ્યો. એણે તિરસ્કારથી કહ્યું, ''લઈ જાવ આને. મોટા દાનેશ્વરી થઈને બધાય સાંઠા આપી દીધા, એમ આનેય આપી દેવો હતો ને ? આને અહીં શું કરવા લાવ્યા ?''

ક્રોધના આવેશમાં એણે શેરડીનો સાંઠો પતિના બરડા પર ફટકાર્યો. સાંઠો એટલા જોરથી વીંઝાયો કે એના બે કટકા થઈ ગયા.

તુકારામ તો હસતા હસતા ઊભા રહ્યા. જાણે પત્નીએ પીઠ પર મીઠો સ્પર્શ કર્યો ન હોય એટલી વહાલપ એમના મુખ પર હતી !

મીઠું હાસ્ય કરતાં સંત તુકારામે કહ્યું : ''બરાબર છે, બરાબર છે. હું જાણતો જ હતો.''

''શું જાણતા હતા, મારું કપાળ ?'' એમ કહી તુકારામની પત્નીએ સામો છણકો કર્યો.

''હું જાણતો હતો કે મને મૂકીને તું એકલી શેરડી તો નહિ જ ખાય. તું તો મારી અર્ધાંગના કહેવાય. મને અર્ધો ભાગ આપ્યા વિના તું ખાય ખરી ? સાચે જ તેં અર્ધાંગનાનો ધર્મ બરાબર પાળ્યો છે.'' આટલું કહીને સંત તુકારામ શેરડીનો ટુકડો મોંમાં મૂકી બાળકની જેમ ચૂસવા લાગ્યા.

તુકારામની પત્નીની આંખમાં આંસુ આવી ગયાં. કેવો ઉદાર પતિ !

અને તુકારામે ક્રોધને પ્રેમથી જીતી લીધો.

• • •

## ૧૧ મન પાછળ માણસ

ઈ.સ. ૧૧૭૨ થી ૧૨૬૫ એ સૂફી સંત શેખ ફરીદનો જીવનકાળ. એના પૂર્વજો અફઘાનિસ્તાનમાં વસતા હતા. પરંતુ શેખ ફરીદ ભારતમાં સ્થાયી થયા હતા. માત્ર આઠ વર્ષની વયે સૂફી સંતોની સોબત થઈ. ફરીદને સાધુતાનો રંગ લાગ્યો. ઈરાક, ઈરાન, અરબસ્તાન જેવા કેટલાય દેશોનો આ નિઃસ્પૃહ સંતે પ્રવાસ કર્યો. એ સમયના રાજા નાસીરોદ્દીન સંત ફરીદના અનન્ય ભક્ત હતા.

આ શેખ ફરીદે જીવનભર જનકલ્યાણનાં કાર્યો કર્યાં. લોકોને ઉપદેશ આપ્યો. માનવીને જીવનમાં શાંતિ કેમ સાંપડે એનું રહસ્ય બતાવ્યું. આવા શેખ ફરીદના જીવનમાં સરળતા હતી અને કાર્યમાં માનવતા હતી.

શેખ ફરીદ એક નગરમાં થઈને પસાર થતા હતા. એમની સાથે પાંચ-સાત શિષ્યો હતા.

રાજમાર્ગ ઉપર એકાએક ઊભા રહી ગયા. ગુરુ થોભ્યા એટલે શિષ્યો પણ અટકી ગયા. શેખ ફરીદે એક દૃશ્ય ભણી આંગળી ચીંધતાં પોતાના શિષ્યોને કહ્યું :

"જુઓ, પેલો માનવી ગાયને લઈને જાય છે. આ દૃશ્ય પરથી મારા મનમાં એક તાત્ત્વિક પ્રશ્ન ઊઠે છે."

શિષ્યગણે એકસાથે પૂછ્યું : "કયો ?"

શેખ ફરીદ કહે : "આ માનવી ગાયને લઈને જાય છે,

પણ ગાયને માનવીએ બાંધી રાખેલી છે કે માનવી ગાયથી બંધાયેલો છે એ મોટો પ્રશ્ન છે.''

શિષ્યો તો ખડખડાટ હસી પડ્યા. એમણે કહ્યું : ''આ તે શું મોટી વાત ? આમાં વળી તાત્ત્વિક પ્રશ્ન શો ? સાવ સીધી વાત છે. ગાયને માણસે બાંધી છે. એનું સીધું કારણ પણ છે કે દોરડું ગાયના ગળામાં છે અને તે માણસના હાથમાં છે.''

શેખ ફરીદ કહે, ''તમને મારો પ્રશ્ન સહજ લાગ્યો, કિંતુ મારો સવાલ એ છે કે જો ગાયને માણસે બાંધી હોય તો પછી માણસને ફિકર શી હોય ? હવે ધારો કે આ દોરડું વચમાંથી કોઈ તોડી નાખે તો ગાય માણસની પાછળ જશે કે માણસ ગાયની પાછળ દોડશે ?''

શિષ્ય-સમુદાય વિચારમાં પડી ગયો. એમને થયું કે ગુરુ કોઈ મજાક કરતા નથી. એમની વાત ગહનતાથી વિચારવા જેવી છે. બધા શિષ્યોએ સ્વીકાર કર્યો કે જો દોરડું તોડી નાખવામાં આવે તો માણસની પાછળ ગાય નહિ દોડે. ગાયની પાછળ માણસ દોડશે.

શેખ ફરીદે કહ્યું : ''મારું તમને આ જ કહેવું છે. દોરડું ભલે માણસના હાથમાં હોય, પણ હકીકતમાં એના ગળામાં વીંટળાયેલું છે. બહારથી એમ લાગે કે ગાયને માણસે બાંધી છે. જરા ઊંડાણથી જોશો તો જણાશે કે ખરેખર તો માણસ ગાયથી બંધાયેલો છે.''

• • •

# ૧૨ પાણીમાં ઘા

મહાપ્રભુ ચૈતન્ય સદાય ભક્તિમાં મસ્ત રહેતા હતા. એમના એક પરમ મિત્ર રઘુનાથ શિરોમણિ હતા. બંને વચ્ચે એવી દોસ્તી કે જાણે પુષ્પ અને પરિમલ.

રઘુનાથ શિરોમણિએ ન્યાયશાસ્ત્ર પર એક સુંદર ટીકા લખી. એણે એ પોતાના પરમ મિત્ર ચૈતન્યદેવને ઉમંગ અને ઉત્સાહથી બતાવી. ચૈતન્યદેવ મિત્રની વિદ્વત્તાથી પ્રસન્ન થયા અને કહ્યું કે ''સાચે જ અદ્‌ભુત છે !''

રઘુનાથ શિરોમણિના અંતરના શબ્દો બહાર સરી પડ્યા. એમણે કહ્યું, ''મિત્ર ! આ ટીકા તો મને ભારતભરનો એક શ્રેષ્ઠ પંડિત બનાવશે. મારી કીર્તિ જગતભરમાં ફેલાઈ જશે. સાચે જ મારું જીવતર સફળ થયું. મારો શ્રમ સાર્થક બન્યો.''

ચૈતન્યદેવે મિત્રને કહ્યું કે તેઓ પણ ન્યાયશાસ્ત્ર પર આવી એક ટીકા લખી રહ્યા છે. રઘુનાથના હૃદયમાં ફાળ પડી. એ ચૈતન્યદેવના ઘેર ગયા અને એમની પાસેથી એ પુસ્તક લઈને વાંચવા લાગ્યા. પણ જેમ પુસ્તક વાંચે તેમ એમનો ચહેરો વધુ ને વધુ કાળો પડતો ગયો. એમના મુખ પર ઘેરો વિષાદ છવાઈ ગયો. જાણે નૂર ઊડી ગયું હોય એવો તેમનો દેખાવ લાગવા માંડ્યો.

ચૈતન્યદેવ મિત્રનો મનોભાવ કળી ગયા. એમણે રઘુનાથને પૂછ્યું, ''કેમ, આટલા બધા વિચારમાં પડી ગયા ?''

રઘનાથે કહ્યું, ''મિત્ર, તારી ટીકા આગળ મારી ટીકા તો કૂતરાંય નહિ સૂંઘે. મને એમ હતું કે મારી ટીકાથી ભારતભરમાં કીર્તિ મેળવીશ પણ તારી ટીકા વાંચતાં એમ લાગે છે કે હવે એ

વાત સ્વપ્ન બની જશે. ઓહ ! મારી વર્ષોની મહેનત સાવ વ્યર્થ ગઈ !''

ચૈતન્યદેવ કશું બોલ્યા નહિ. એ રાત્રે બંને મિત્રો જલવિહાર કરવા નીકળ્યા. પૂર્ણિમાની ચાંદનીમાં નાનીશી હોડીમાં બંને નીકળ્યા. બંને વાતોમાં ડૂબી ગયા. એવામાં ચૈતન્યપ્રભુએ કપડામાં વીંટાળેલી એક પોથી બહાર કાઢી અને નદીના જળમાં પધરાવી દીધી.

રઘુનાથ શિરોમણિના વિસ્મયનો પાર ન રહ્યો. એમણે પૂછ્યું, ''મિત્ર ! આ તેં શું કર્યું ? પાણીમાં પોથી કેમ પધરાવી દીધી ?''

હળવું સ્મિત કરતાં ચૈતન્યપ્રભુએ કહ્યું : ''રઘુનાથ ! એ તો તેં જોયેલી ન્યાયશાસ્ત્ર પરની મારી ટીકા હતી. એને મેં પાણીમાં પધરાવી દીધી.''

રઘુનાથ કહે, ''અરે ! એવી સુંદર ટીકાને તેં પાણીમાં પધરાવી દીધી ? આવું કેમ કર્યું ?''

ચૈતન્ય મહાપ્રભુએ કહ્યું, ''જે ગ્રંથ મારા મિત્રની કીર્તિને હણી નાખે તે ગ્રંથ શા કામનો ! જે ગ્રંથે તારા દિલ પર ઘા કર્યો, તેનો મેં પાણીમાં ઘા કર્યો.''

રઘુનાથ ચૈતન્યદેવનાં ચરણોમાં ઢળી પડ્યા. ત્યારે ચૈતન્યદેવે કહ્યું, ''રઘુનાથ ! મારી કીર્તિ મારા મિત્રની અપકીર્તિ બને તે હું કેવી રીતે સહન કરી શકું ? હકીકતમાં જે કીર્તિનો મોહ છોડે છે તે જ કલ્યાણ સાધી શકે છે.''

• • •

## ૧૩ સાહજિક ત્યાગ

મહાન સંત અજર કૈવાન પાસે અનેક માનવીઓ આવે. એમાં કોઈ દીન-દુઃખિયાં હોય, કોઈ અમીર તો કોઈ ગરીબ હોય. કોઈ એમનાં દર્શન કરે, કોઈ સલાહ લે તો કોઈ આશીર્વાદ માગે.

એક મેઘલી ઘનઘોર રાતે સંસારથી બળ્યો-ઝળ્યો એક માનવી આવ્યો. એણે અજર કૈવાનનાં ચરણોમાં માથું ઢાળી દેતાં કહ્યું,

"હે મહાન સંત ! હવે તો મેં સોગંદ લીધા છે કે આ સંસારને છોડી દઈશ. એના બનાવટી એશઆરામ તજી દઈશ. સંસારના ફંદામાંથી છૂટીને મારે ફકીર બનવું છે. હવે આ દુન્યવી ભૌતિકતા, આ માયાવી જળોજથા, આ આધિ, વ્યાધિ અને ઉપાધિ હરગિજ નહીં જોઈએ."

સંસાર છોડવાના ઉત્સાહથી ઊછળતા જુવાનને સંતે માર્મિક જવાબ આપ્યો,

"ભાઈ ! આને માટે પ્રયત્ન કરવો પડે. આને માટે યત્ન કર."

થોડા દિવસ પછી ફરી એ યુવાન સંતની પાસે આવ્યો અને કહેવા લાગ્યો, "બસ, હવે પારખી ચૂક્યો છું કે જગત મિથ્યા છે, સંસાર ક્ષુદ્ર છે, ભોગવિલાસ ક્ષણિક છે. મારે તો ખુદાને ખોળવો છે. એને કાજે ફનાગીરી કરવી છે."

સંતે કહ્યું, "ભલે."

યુવાન ફરી પાછો સંસારમાં ગયો. થોડાં સંસારી સુખ ભોગવ્યાં. સારી એવી સંપત્તિ એકઠી કરી.

ધીરે ધીરે એ વિચારવા લાગ્યો કે જો સંસાર આટલો સુખમય હોય તો એને છોડવાની આટલી બધી અધીરાઈ કરવાનો અર્થ શો ? ફકીરી આજે નહીં તો આવતીકાલે લેવી જ છે, પણ એને માટે અતિ ઉતાવળ કરવાની જરૂર શી ? જીવનનો સઘળો વ્યવહાર ગોઠવાઈ જાય પછી નિરાંતે ફકીરી સ્વીકારીશ.

આ ભૌતિક સુખો તજવાં છે એ તો નક્કી, પરંતુ એ પહેલાં આ સુખો જરા માણી લઉં. વળી એવામાં સંસારનો કોઈ કટુ અનુભવ થતાં યુવાનનું અંતર જાગી ઊઠતું. મનોમન વિચારવા લાગતો કે હવે પળનાય વિલંબ વિના આવા ખારા અને નકારા સંસારને છોડી દઉં.

ફરી થોડા દિવસે યુવાન પાછો આવ્યો અને બોલ્યો,

“જુઓ, સંસાર છોડવાનો નિર્ણય તો નિશ્ચિત છે. અત્યારે ગોદડી અને ફકીરી પોશાક બનાવું છું. સામાન તૈયાર થઈ જતાં જ ફકીર બની જવું છે.”

સંત અજર કૈવાને કહ્યું, “જુવાન ! રહેવા દે, રહેવા દે. લોકો સામાન છોડવા માટે ફકીર બને છે. તું એક સામાન છોડીને બીજો સામાન અપનાવવા માગે છે ? તું તારી દુનિયામાં પાછો જા. ફકીરી તારા કામની ચીજ નથી.”

● ● ●

## ૧૪ નજર સામે મરણ

સંત એકનાથ પાસે એક માનવી આવ્યો. એ ઘણો હેરાન-પરેશાન થઈ ગયો હતો. એણે સંત એકનાથને કહ્યું, "ઓહ ! આપનું જીવન કેવું સુંદર છે ? કેવું નિષ્પાપ અને નિર્દોષ છે ? કોઈની સાથે ટંટો-ફિસાદ નથી કે નથી કોઈની સાથે તકરાર ! મને તો થાય છે કે આવું જીવન મારું હોય તો કેવું સારું ?"

પ્રશ્ન પૂછવા આવેલા માનવીને શાંત પાડતા સંત એકનાથે કહ્યું, "ભાઈ, હવે જીવનની વાત છોડ. એટલું જાણી લે કે આજથી સાતમે દિવસે તારું મરણ થવાનું છે. માટે જે કંઈ કરવું હોય તે છ દિવસમાં પતાવી દે."

પેલા માનવીને માથે તો આકાશ તૂટી પડ્યું. બસ, સાત જ દિવસ બાકી ? ભારે થઈ ! માત્ર એકસોને અડસઠ કલાક જ જીવવાનું રહ્યું છે !

હજી જીવનનો વિચાર શરૂ કર્યો હતો, ત્યાં તો મૃત્યુનો સમય સમીપ આવ્યો. જીવનમાં શાંતિ મેળવવાની ખોજ કરતો હતો, ત્યાં જ જીવન સમેટવાની ઘડી આવી પહોંચી. પેલા માણસની અકળામણનો પાર ન રહ્યો. એકદમ રઘવાયો થઈ ગયો. શું કરું અને શું ન કરું- એના વિચારના વમળમાં અટવાઈ ગયો. જીવનમાં અત્યાર સુધી જેને વિશે અતિ આસક્તિ હતી, તેવી બાબતો તરફ અભાવ અને અણગમો થવા લાગ્યા.

રાત નાની એન વેશ ઝાઝા ! હજી તો ઘણાં કામો કરવાનાં બાકી હતાં. હવે એનું કરવું શું ? અધૂરાં રહેશે તો શું

થશે ? વળી મનમાં વિચાર જાગતો કે અધૂરાં રહે તો ભલે અધૂરાં રહે, પણ હવે પહેલાં મૃત્યુની તૈયારી કરી લઉં.

પેલો માણસ તો દોડતો ઘેર ગયો. બધાં કામ આટોપી લીધાં. જે કાંઈ સોંપણી કરવાની હતી તે કરી લીધી. એવામાં એ માંદો પડ્યો, પણ પથારીમાં સૂતાં સૂતાં ભગવાન-ભજન ચાલુ રાખ્યું. આમ છ દિવસ પૂરા થયા. સાતમા દિવસે સંત એકનાથ એના ઘેર આવ્યા. આવીને પૂછ્યું,

''કેમ ભાઈ ? કેમ ચાલે છે ?''

પેલાએ જવાબ આપ્યો, ''બસ, છેલ્લા છ દિવસથી તો ભગવાનની ભક્તિ જ કરું છું. ભજન ગાઉં છું અને એની કૃપા યાચું છું. હવે છ દિવસમાં તો મારે એની વિદાય લેવાની છે.''

સંત એકનાથે પૂછ્યું, ''એ તો ઠીક, પણ આ છ દિવસમાં કંઈ પાપ ખરું ? કોઈ દુષ્ટ વિચાર મનમાં આવ્યો ખરો ?''

''ના, મહારાજ ! પાપની તો વાત જ કેવી ? ફક્ત પુણ્યનો જ વિચાર કર્યો. સામે મરણ દેખાતું હોય અને પાપનો વિચાર કઈ રીતે આવે ?''

સંત એકનાથે કહ્યું, ''ભાઈ ! આમાં જ અમારા નિષ્પાપ જીવનનું રહસ્ય છુપાયેલું છે. પાપ કરવા માટે થોડી નિશ્ચિતતા જોઈએ. અમે જીવનની અનિશ્ચિતતા જાણીએ છીએ. મરણને સામે રાખીને જ જીવીએ છીએ. જેથી પાપનો વિચાર આવતો અટકે.''

• • •

## ૧૫ સાચો પ્રભુસેવક

ભક્ત અબૂબન. બધાં પર સમાન દૃષ્ટિ રાખે. હોંશે હોંશે સહુની સેવા કરે. પારકાના ભલામાં પોતાનું ભલું જુએ.

લક્ષ્મીનો મોહ નહીં. સત્તા મેળવવાની કોઈ લાલસા નહીં. બસ, રાત-દિવસ માનવની સેવા-સુશ્રૂષા કરે જાય.

કોઈ ગરીબ માનવી આવે તો એને સામે ચાલીને આદર આપે. બધી જ મદદ પૂરી પાડે. જરૂરી તમામ સહાય કરે.

સહુ જાણે કે સંત અબૂબન એ ખુદાનો એવો બંદો છે કે જે પીડ પરાઈ જાણે છે ! રાત-દિવસ બીજા માનવીનો જ વિચાર કરે છે. કોઈ દર્દીને જુએ તો એને મદદ કરવા દોડી જાય. કોઈ દુઃખીને જુએ તો એને સાંત્વન આપે. ભૂખ્યાંને અન્ન અને તરસ્યાંને પાણી આપે. અબૂબન બેસહારા માનવીઓનો સહારો બની ગયો. સહુ જાણે કે ગમે તેટલી પીડા હશે, પણ અબૂબન પાસે જઈએ એટલે શાંતિ અને સ્નેહ મળશે. વેદનામાંથી ઉગારો મળશે. અબૂબનને પણ દર્દી અને દરિદ્રની સેવામાં ખુદાની ખિદમત લાગતી હતી.

એક વખત મધરાતે અચરજ જોયું. ઊંઘમાંથી એકાએક ઊઠેલા ભક્ત અબૂબને આખા ઓરડામાં પ્રકાશ-પ્રકાશ જોયો.

મધરાતે આવું અજવાળું ક્યાંથી ? જાણે પોતાના ઓરડામાં સૂરજ ઊગ્યો હોય !

અબૂબને ચારે તરફ નજર ફેરવી. જોયું તો એક ખૂણામાં બેસીને દેવદૂત સોનેરી પુસ્તકમાં કંઈક લખી રહ્યા હતા.

# સંત અબૂબન

ભક્ત અબૂબન પથારીમાંથી ઊભા થયા. દેવદૂતની નજીક ગયા. જઈને પૂછ્યું, ''અરે, આપ આ મધરાતની વેળાએ દિવ્ય પુસ્તકમાં શું લખી રહ્યા છો ?''

દેવદૂતે ઊંચે જોયું. એણે જવાબ વાળ્યો, ''આ પુસ્તકમાં ઈશ્વરના સાચા ચાહકોનાં નામ લખું છું. જે મનુષ્યો સાચા દિલથી ઈશ્વરને પ્રેમ કરે છે એમનાં નામ એકઠાં કરું છું.''

ભક્ત અબૂબને નિખાલસતાથી પૂછ્યું, ''શું આમાં મારું નામ લખ્યું છે ખરું ?''

''ના.'' દેવદૂતે જવાબ આપ્યો.

અબૂબન કહે, ''ઈશ્વરના ચાહક તરીકે મારું નામ ન લખ્યું હોય, તો કશી હરકત નથી. પરંતુ એટલું લખી લો કે અબૂબન બધાં માનવીઓને હૃદયથી પ્યાર કરે છે.''

એટલામાં તો દેવદૂત અદૃશ્ય થયો. બીજી મધરાતે ફરી એ પાછો આવ્યો. એણે સોનેરી પુસ્તક અબૂબનની નજર સામે મૂક્યું.

ભક્ત અબૂબને જોયું કે પુસ્તકમાં જેટલા ઈશ્વરભક્તોનાં નામ લખ્યાં હતાં, એમાં એનું નામ સૌથી પહેલું લખાયેલું હતું.

ભક્ત અબૂબન આશ્ચર્યથી આ જોઈ રહ્યો. દેવદૂત કહે, ''જનસેવક એ જ સાચો પ્રભુસેવક છે. જનતાને પ્યાર કર્યા વિના પ્રભુનો પ્યાર નથી મળતો.''

• • •

# ૧૬ પશ્ચાત્તાપનો તાપ

દક્ષિણ ભારતના મહાન સંત તિરુવલ્લુવર. આજથી બે હજાર વર્ષ અગાઉ આ સંતે તમિળ સાહિત્યમાં 'કુરલ' નામનો મહાન ગ્રંથ લખ્યો. સંત તિરુવલ્લુવરનું નામ તો હતું વલ્લુવર, પરંતુ તમિળ ભાષામાં 'તિરુ'નો અર્થ થાય છે 'પવિત્ર સંત'. એ વિશેષણ એમના નામ સાથે જોડાઈ ગયું. તિરુવલ્લુવરનું જીવન જેવું સાદું હતું તેવી જ એમની ભાષા પણ સાદી હતી. એમના ગ્રંથમાં એમની વિશાળ ભાવના જોવા મળે છે. સંત તિરુવલ્લુવરે જુદા જુદા ધર્મોનો અભ્યાસ કર્યો હતો. આને કારણે એમની દૃષ્ટિ વ્યાપક હતી. જીવનમાં સુવાસ અને ઈશ્વરમાં શ્રદ્ધા એ બે એમના જીવનનાં મહત્ત્વનાં પાસાંઓ. તેઓ સવાર-સાંજ નિયમિત પ્રભુભક્તિ કરે. ભક્તિમાં એમના અંતરના ભાવનો રંગ જોવા મળે.

બન્યું એવું કે એક વાર એ ખૂબ બીમાર પડ્યા. તાવથી શરીર ધગધગે. પીડાનો કોઈ પાર નહિ. આખી રાત ઊંઘ ન આવી. પણ પરોઢિયાની શીતળ હવામાં આંખો મીંચાઈ ગઈ. ગાઢ ઊંઘ પણ આવી ગઈ.

પરંતુ ત્યાં જ કોઈએ એમને ઢંઢોળ્યા. ગાઢ ઊંઘમાંથી જગાડ્યા.

સંત તિરુવલ્લુવર જાગી ગયા અને એકાએક ખ્યાલ આવ્યો કે પરોઢિયાની પ્રાર્થના કરવાનો તો સમય થઈ ચૂક્યો છે. એમણે પોતાને જગાડનારનો ભારે આભાર માન્યો. નહીં તો પોતાનું રોજ સવાર-સાંજ પ્રાર્થના કરવાનું વ્રત તૂટી ગયું હોત !

સંતે આભારની લાગણી સાથે પેલા જગાડનારને કહ્યું, ‘‘ભાઈ, તેં મારા પર અનહદ ઉપકાર કર્યો છે. જો તેં મને જગાડ્યો ન હોત તો મારું વ્રત ભંગ થયું હોત. પ્રભુનો હું દોષી બન્યો હોત. મને તારું નામ કહીશ ખરો ?’’

પેલા જગાડનારે કહ્યું, ‘‘હું છું શેતાન.’’

તિરુવલ્લુવરના આશ્ચર્યનો પાર ન રહ્યો. એમણે શેતાનને પૂછ્યું : ‘‘અરે ! તારું કામ તો પ્રભુ-ભજનમાં ભંગ પડાવવાનું છે અને તેં તો મને પ્રભુ-ભજનનો સંગ કરાવ્યો. તું તો માનવીને ઈશ્વરથી દૂર લઈ જાય છે, પણ મને તો તું ઈશ્વરની નજીક લાવ્યો. આવું વિપરીત કામ તેં કેમ કર્યું ?’’

શેતાને કહ્યું, ‘‘એક વાર તમે આ જ રીતે ભજન ભૂલી ગયા હતા. તમને એનો ખ્યાલ આવતાં એટલો બધો પશ્ચાત્તાપ કર્યો હતો કે તમારું પાપ તો બળી ગયું પરંતુ તમે ઊલટાના પ્રભુના પ્યારા બની ગયા. આથી ફરી એવું ન થાય માટે મેં તમને જગાડ્યા છે.’’

સંત તિરુવલ્લુવર શેતાનની વાત પર હસી પડ્યા.

● ● ●

શબ્દકોશમાં રાજકારણનો એક અર્થ લખાયો નથી. એ છે ભ્રષ્ટાચાર.

**- જોનાથન સ્વીફ્ટ**

# ૧૭ દૃષ્ટિ તેવી સૃષ્ટિ

સ્વામી રામદાસ ભગવાન રામના અપૂર્વ ભક્ત હતા.

રામાયણ રચાયાને વર્ષો વીતી ગયાં. સ્વામી રામદાસ એ રામકથા જનસમૂહ સમક્ષ ગાતા જાય, લખતા જાય.

આવી રામભક્તિની કથામાં લોકોની ભીડ માય નહિ. અસંખ્ય લોકો આ રામકથા સાંભળવા આવે.

કહે છે કે હનુમાનને આ ખબર મળી. જ્યાં રામ હોય, ત્યાં હનુમાન હાજર થઈ જાય. હનુમાન પણ રોજ કથાશ્રવણ કરવા માટે આવવા લાગ્યા. અદૃશ્ય બનીને કથા સાંભળવા લાગ્યા.

એવામાં હનુમાન લંકાગમનનો પ્રસંગ આવ્યો. સ્વામી રામદાસજીએ ભાવવિભોર થઈને એનું વર્ણન કરતાં કહ્યું,

“જ્યારે હનુમાનજી અશોકવાટિકામાં ગયા ત્યારે અશોકવાટિકામાં ચાંદની રેલાઈ રહી હતી, અને મનોહર શ્વેત પુષ્પો મધુર ચાંદનીમાં ચમકી રહ્યાં હતાં.”

હનુમાન તો આ સાંભળીને એકાએક ચોંકી ઊઠ્યા. અશોકવાટિકામાં ગયા હતા તેઓ. પુષ્પ જોયાં હતાં એમણે, અને એ પુષ્પો તો રક્તરંગી હતાં. એનો રંગ તો લાલ ચટાકેદાર હતો. અદૃશ્ય હનુમાને કહ્યું, “સ્વામીજી ! ક્ષમા કરશો. પણ એ પુષ્પો તો લાલચટક રંગનાં હતાં.”

સ્વામી રામદાસે તરત જ જવાબ આપ્યો,

“અરે, આમાં તમને કંઈ ખબર ન પડે. તમે શાંત બેસો.”

સ્વામી રામદાસનાં વચનો સાંભળી હનુમાનને ક્રોધ ચડ્યો. કથા પૂરી થતાં એમની પાસે ગયા. પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરીને કહ્યું,

"જુઓ, રામદાસજી ! હું પોતે હનુમાન છું. હું અશોકવાટિકામાં ગયો હતો અને મેં એ સમયે રક્તરંગી ફૂલો જોયાં હતાં, માટે હવે આપ આપની ભૂલ સુધારી લો."

સ્વામી રામદાસજીએ કહ્યું, "ભલેને, તમે હનુમાન હો. પણ મેં જે કહ્યું છે તે સાચું છે. ફૂલો શ્વેત જ હતાં. એમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી."

બેમાંથી એકેયે મચક આપી નહીં. ઝઘડો વધી પડ્યો.

સ્વામી રામદાસ કહે હું સાચો છું. રામકથામાં મેં લખ્યું તેમાં કાનો-માત્રાનો ય ફેર થશે નહિ. હનુમાન્ કહે કે એક તો તમે ખોટું બોલ્યા અને આટઆટલું કહું છું તોય મારી વાત કાને ધરતા નથી.

હનુમાનજી તો રામદાસને પકડીને રામની પાસે લઈ આવ્યા, અને આખી વાત કરીને કહ્યું કે જુઓ, "આ માણસ કેવો હઠાગ્રહી છે. હવે તમે જ સાચી વાતનો ફેંસલો કરો."

રામે કહ્યું, "હનુમાન, રામદાસજી સાચા છે. એ વખતે અશોકવાટિકાનાં પુષ્પો તો સફેદ જ હતાં, પરંતુ તમે પારાવાર ક્રોધમાં હતા. તમારી આંખો લાલ થઈ ગઈ હતી, માટે તમને એ પુષ્પો લાલ દેખાયાં હતાં !"

● ● ●

# પ્રેમનું ઝરણું

આચાર્ય રામાનુજ એક સંત તરીકે સર્વત્ર પ્રખ્યાત હતા.

ઠેર ઠેરથી લોકો આવે. સહુને ઉપદેશ આપે.

એક દિવસ એક જુવાન આવ્યો. આવીને આચાર્ય રામાનુજના પગમાં પડ્યો.

એણે કહ્યું, ‘‘મારે આપના શિષ્ય થવું છે. મને તમારો શિષ્ય બનાવો.’’

રામાનુજાચાર્ય કહે, ‘‘તારે શા માટે મારા શિષ્ય થવું છે ?’’

યુવાન કહે, ‘‘મારો શિષ્ય બનવાનો હેતુ તો પરમાત્મા સાથે મારે પ્રેમ કરવો તે છે.’’

સંત રામાનુજ કહે, ‘‘આનો અર્થ એ કે તારે પરમાત્મા સાથે પ્રીતિ કેળવવી છે. પણ મને એ તો કહે કે તારા ઘરના કોઈ સ્વજન પર તને પ્રેમ છે ખરો ?’’

‘‘ના, સહેજે નહિ.’’ જુવાને જવાબ વાળ્યો.

ફરી સંત રામાનુજે પ્રશ્ન કર્યો, ‘‘તને તારાં માતા-પિતા કે ભાઈ-બેન પર હેત છે ખરું ?’’

આવનાર યુવાને કહ્યું, ‘‘ના, મહારાજ ! મને કોઈના પર સહેજે હેત નથી. આખી દુનિયા સ્વાર્થી છે, મિથ્યા છે. માયાજાળ છે. આથી તો આપનાં ચરણમાં શરણ લેવા ઇચ્છું છું.’’

સંત રામાનુજે તરત જ કહ્યું, ‘‘પણ ભાઈ ! તારો અને મારો મેળ ખાય તેમ નથી. તારે જે મેળવવું છે તે હું તને નહિ આપી શકું.’’

યુવાન તો આભો જ બની ગયો. એણે કહ્યું, ‘‘સંસારને મિથ્યા માની મેં કોઈની સાથે પ્રીત બાંધી નથી. પરમાત્માની શોધ કરવા ઠેર ઠેર ભટક્યો છું. પણ સહુએ એક જ વાત કરી, પરમાત્મા સાથે પ્રીતિ જોડવી હોય તો સંત રામાનુજને મળ. અને આપ તો એ અંગે ઇન્કાર કરો છો.’’

રામાનુજ કહે, ‘‘ભાઈ, તને તારા કુટુંબ ઉપર પ્રેમ હોત, જિંદગીમાં તેં સ્નેહબંધ કેળવ્યો હોત તો હું એને વિશાળ અને વિરાટ સ્વરૂપ આપી શકત. થોડા પ્રેમભાવને વિશાળ બનાવવાની અને એને પરમાત્માનાં ચરણો સુધી પહોંચાડવાની શક્તિ મારામાં છે. નાના સરખા બીજમાંથી વિશાળ ઘેઘૂર વડલો બની શકે, પણ મૂળમાં બીજ તો હોવું જ જોઈએ. જે પથ્થરની જેમ શુષ્ક અને નીરસ હોય, એમાંથી પ્રેમનું ઝરણું કેવી રીતે વહાવી શકાય ? જો બીજ જ ન હોય તો મોટું વૃક્ષ ઊગે કેવી રીતે ? તેં હૃદયમાં કોઈનો ય પ્રેમ ધારણ કર્યો હોત તો જ તારા હૃદયમાં હું પરમાત્માના પ્રેમની ગંગા વહાવી શકું.’’

જુવાનનું માથું શરમથી ઝૂકી ગયું. જેવો આવ્યો હતો એવો જ એ ચાલતો થયો.

• • •

## ૧૯ ખુદાની ખુશી

તાનસેનનું મૂળ નામ હતું ત્રિલોચન (તન્ના) મિશ્ર. આ તન્નાને ગ્વાલિયરના મહારાજાએ તાનસેનની ઉપાધિ આપી.

બાળપણમાં તાનસેન પશુ, પક્ષી અને પ્રાણીઓની જુદી જુદી બોલીઓની હૂબહૂ નકલ કરતો હતો. એની આ નકલ કરવાની કલા પર સ્વામી હરિદાસ ખુશ થયા. એમણે તન્નાને સંગીતની દીક્ષા આપી. દસ વર્ષ સુધી તાનસેને સ્વામી હરિદાસની પાસે સંગીતની તાલીમ લીધી. ગુરુએ રાત-દિવસ જોયા વિના શિષ્યને સંગીતની સાધના કરાવી.

તાનસેન ગાયક તરીકે દેશભરમાં પ્રસિદ્ધિ પામ્યો. રેવાના રાજા રામચંદ્રે એને રાજગાયક બનાવ્યો. અકબરે એને પોતાના દરબારના નવ રત્નોમાં માનભર્યું સ્થાન આપ્યું. તાનસેને નવા રાગો સર્જ્યા. ધ્રુપદ શૈલીનો વિસ્તાર કર્યો. ભૈરવ રાગ તો એવો ગાય કે ન પૂછો વાત.

શહેનશાહ અકબર એક વાર તાનસેનના સંગીત પર ઝૂમી ઊઠ્યો. અને એણે સ્વાભાવિક રીતે તાનસેનને પૂછ્યું,

"વાહ ! કેવું અદ્ભુત છે તમારું સંગીત ! તમારી કલા પર વારી જાઉં છું. અને એમ પણ થાય છે કે તમારા ગુરુનું સંગીત તો કેવું ડોલાવનારું હશે ! કોણ છે તમારા ગુરુ ?"

તાનસેને જવાબ વાળ્યો, "જહાંપનાહ ! મારા ગુરુ છે હરિદાસજી. એમની પાસેથી મને સંગીતની તાલીમ મળી."

બસ, પછી તો શહેનશાહ અકબરને થયું કે હરિદાસજીનું

દિલ ડોલાવનારું સંગીત સાંભળવું છે. શહેનશાહ તો તાનસેનને લઈને હરિદાસજી પાસે ગયા.

હરિદાસજી તો નિરંતર ઈશ્વરભક્તિમાં મસ્ત રહેતા હતા. બાદશાહે એમને સંગીત સંભળાવવા વિનંતી કરી. હરિદાસનો બાદશાહ તો એક જ હતો. અને તે, બાદશાહોનો બાદશાહ એવો ઈશ્વર. એમણે તો ખૂબ તન્મય થઈને પ્રભુભજન ગાયું. બાદશાહને એનાં ભાવ અને ભક્તિ સ્પર્શી ગયાં.

આ બનાવને થોડો વખત વીતી ગયો અને એક દિવસ શહેનશાહ અકબરે મશહૂર તાનસેનને કહ્યું કે હરિદાસજીએ ગાયેલું ભજન આજે સાંભળવાની ઈચ્છા છે. તાનસેને ઘણી મહેનત કરીને બરાબર એ જ રીતે એ ભજન ગાયું. પરંતુ બાદશાહના મન પર હરિદાસજીએ ગાયેલા ભજન જેવી અસર ન થઈ. એમણે તાનસેનને પૂછ્યું,

"આવું કેમ થતું હશે ? એ દિવસે ભજનની જેવી મજા આવી હતી, એવી મજા આજે ન આવી."

તાનસેને કહ્યું, "જહાંપનાહ ! એનું કારણ છે. હું આપ બાદશાહ સલામતને ખુશ કરવા ગાઉં છું, જ્યારે મારા ગુરુ તો બાદશાહોના બાદશાહ ઈશ્વરને પ્રસન્ન કરવા ગાય છે. ભજન તો એ જ છે પણ એના તફાવતનું કારણ આ છે."

બાદશાહને તાનસેનની વાત સમજાઈ.

• • •

# ૨૦ પારકાની પીડા

સ્વામી રામકૃષ્ણ પરમહંસ.

એમનું બાળપણનું નામ હતું ગદાધર. નાની વયથી જ એમનું સુંદર રૂપ સહુને આકર્ષતું હતું. એમનો સંગીતમય કંઠ અને ચારિત્ર્યની પવિત્રતા પ્રભાવિત કરતાં હતાં. સ્વામી રામકૃષ્ણ ઊંડી ધાર્મિક ભાવનાઓ અને અવારનવાર જાગતી સમાધિને કારણે સંત તરીકે જાણીતા હતા.

આ સંતને માતા-પિતા પ્રત્યે અગાધ ભક્તિ હતી. એમનું દક્ષિણેશ્વરનું મંદિર એટલે સાધુ, સંતો અને વિચારકોનું પ્રેરણાસ્થાન. આવા મહાન સંતની સંવેદનશીલતા એટલી કે સામાન્યમાં સામાન્ય ઘટના પણ એમના અંતરને ખળભળાવી જાય.

સ્વામી રામકૃષ્ણ પરમહંસ એક વાર દક્ષિણેશ્વરથી ગંગા પાર કરી રહ્યા હતા. તેઓ જેવા હોડીમાં બેઠા કે તરત જ જોરશોરથી ચીસો પાડવા માંડ્યા. તેઓ કહેતા હતા :

"મને મારો નહિ ! મને મારશો નહિ ! મને મારો નહિ !"

હોડીમાં બેઠેલા સહુ કોઈને આશ્ચર્ય થયું. એમણે સ્વામી રામકૃષ્ણ પરમહંસને શાંત પાડવા કોશિશ કરી..ધીરેથી એમને સમજાવતાં કહ્યું,

"અરે ! આપને ક્યાં કોઈ મારે છે ? આપ તો હોડીમાં બિરાજમાન છો. અહીં વળી કેવો ભય ?"

સાથેના મિત્રોએ હિંમત આપતાં કહ્યું, "તમને કોણ

મારી શકે ? અમે તમારી સાથે છીએ. તમે સહેજે ફિકર ન કરશો.''

આમ છતાં સ્વામી રામકૃષ્ણ પરમહંસ તો જોરથી ચીસો પાડતાં બોલતા હતા, ''મને મારો નહિ. મને જવા દો. મેં તમારું શું બગાડ્યું છે ? મને મારો નહિ.''

અને આમ ચીસો પાડતાં પાડતાં એમની આંખોમાંથી આંસુની ધારા વહેતી હતી. જાણે પીઠ પર કોઈ મારતું હોય તેમ પોતાની પીઠને બચાવતા હતા.

હોડીમાં બેઠેલાઓએ એમની પીઠ જોઈ અને આશ્ચર્ય થયું. પીઠ પર કોરડા માર્યાનાં નિશાન હતાં. ચામડી ઉતરડાઈ ગઈ હતી. એમાંથી લોહી નીકળતું હતું.

હોડી કિનારે પહોંચી અને લોકોએ જોયું તો એક ટોળું ભેગું થઈને એક માણસને કોરડા મારતું હતું. એની પીઠ પર પણ રામકૃષ્ણ પરમહંસની પીઠ જેવાં જ નિશાન હતાં.

મિત્રોએ સ્વામી રામકૃષ્ણને પૂછ્યું કે આવું બન્યું કઈ રીતે ?

ત્યારે સ્વામીજીએ એટલો જ ઉત્તર આપ્યો કે ''હું હોડીમાં બેસતો હતો, ત્યારે મેં જોયું કે સામે કિનારે કોઈ માનવી પર કોરડા વીંઝવાની તૈયારી થઈ રહી છે. મારા અંતરાત્મામાંથી અવાજ આવ્યો કે એને મારશો નહિ. પછી શું થયું તેની મને ખબર નથી.''

• • •

## ૨૧ પ્રાપ્તિની પ્રસન્નતા

સ્વામી વિવેકાનંદના પિતાનું અવસાન થયું. વિવેકાનંદને માથે ઘણું દેવું આવી પડ્યું. દેવું ચૂકવવાનો કોઈ રસ્તો નહોતો.

વળી વિવેકાનંદ તો કોઈ બીજી જ દુનિયાના માનવી હતા. એમના મન પર તો સ્વામી રામકૃષ્ણ છવાઈ ગયા હતા. આથી આખો દિવસ એમની સાથે પસાર કરે, સત્સંગ કરે, સાધુસંગત કરે.

ઘેર હાંલ્લાં કુસ્તી કરે. વિધવા માની વેદનાનો પાર નહિ. વિવેકાનંદ ઘેર આવે અને જુએ કે માંડ એક વ્યક્તિને પૂરું થાય એટલું ભોજન છે, તો માતાને કહે કે 'આજે તો મારે મિજબાનીમાં જવાનું છે. હમણાં ભોજન લઈને આવું છું.'

વિવેકાનંદ બહાર જાય. આમતેમ ફરી આવે. રસ્તા પરના નળનું ખૂબ પાણી પીએ અને ઓડકાર બોલાવતાં ઘરમાં દાખલ થાય.

વિવેકાનંદની આ હાલત રામકૃષ્ણ પરમહંસથી છૂપી ન રહી. એમણે જોયું કે પોતાના શિષ્યને એવી કારમી ગરીબાઈમાંથી પસાર થવું પડે છે કે એક ટંક ખાવાના પણ સાંસા છે.

સ્વામી રામકૃષ્ણ પરમહંસે પોતાના જુવાન શિષ્ય વિવેકાનંદને બોલાવ્યા, કહ્યું કે 'આટલો પરેશાન શા માટે થાય છે ? મંદિરમાં જઈને મા કાલિની મૂર્તિ પાસે માગી લે, જે માંગવું હોય તે માગી લે.'

ગુરુની આજ્ઞા હતી. વિવેકાનંદ મંદિરમાં ગયા. રામકૃષ્ણ બહાર ઊભા રહ્યા. એકાદ કલાક પસાર થઈ ગયો. વિવેકાનંદ

બહાર આવ્યા. એમના ચહેરા પર આનંદ આનંદ છવાઈ ગયો હતો.

રામકૃષ્ણે પૂછ્યું, ‘‘કેમ, માગી લીધું ને ?’’

વિવેકાનંદ કહે : ‘‘અરેરે, હું તો માને જોઈને માગવાનું જ ભૂલી ગયો. સારું થયું તમે મને યાદ કરાવ્યું.’’

સ્વામી રામકૃષ્ણે શિષ્યને ફરી અંદર મોકલ્યો, ત્રણેક કલાક પછી વિવેકાનંદ બહાર આવ્યા. એમના ચહેરા પર પ્રસન્નતા લહેરાતી હતી.

સ્વામી રામકૃષ્ણે પૂછ્યું, ‘‘કેમ, માગી લીધુંને ?’’

વિવેકાનંદે લાચાર અવાજે કહ્યું, ‘‘ગુરુદેવ ! મા પાસે તો કઈ રીતે માગી શકાય ? મા જે કરે તે સારા માટે હોય. એની ઇચ્છા કરતાં આપણે કંઈ વધુ સમજદાર નથી. એ જે કરે છે એની પાછળ જરૂર કોઈ હેતુ હશે.’’

‘‘તો પછી ફરી વાર અંદર ગયો શા માટે ?’’ સ્વામી રામકૃષ્ણે પૂછ્યું.

‘‘ગુરુદેવ ! આપની આજ્ઞા હતી માટે. એનો મારાથી કઈ રીતે અનાદર થઈ શકે ? આપ કહેતા એટલે હું મા પાસે જતો. મા પાસે જતો ત્યારે એટલા આનંદમાં ડૂબી જતો કે પેટની ભૂખ અને મનની માંગ ક્યાંય વિસરાઈ જતી. ગુરુદેવ ! મારાથી માગી શકાશે નહિ.’’

• • •

## ૨૨ ગુનાની માફી

સર્રિસકીત એક સાચો ઈશ્વરભક્ત હતો. એના જીવનમાં પદે પદે જાગૃતિ પ્રગટ થતી હતી.

રોજ ખુદાની બંદગી કરે અને બંદગી કર્યા પછી હંમેશાં એક વાક્ય કહે : 'હે ખુદા ! તું મને માફ કર.'

સર્રિસકીતની બંદગી પછી આ વાક્ય અનેક લોકોએ રોજ સાંભળ્યું હતું, પણ કોઈને એનો તાગ કે તાળો મળતો ન હતો.

કેટલાકને એમ થતું કે આવો ખુદાપરસ્ત માનવી ક્યાં ગુનો કરે છે ! શા માટે એ રોજ જેટલી વાર ખુદાની બંદગી કરે, એટલી વાર એની માફી માગતો હશે ?

એક દિવસ એમના એક સાથીથી રહેવાયું નહિ. એને થયું કે શા માટે સર્રિસકીત રોજેરોજ માફી માંગતા હશે ! એવો તે એ કયો ગુનો કરે છે કે એમને આ રીતે સતત ક્ષમાયાચના કરવી પડે ?

સાથીએ મહાત્મા સર્રિસકીતને પૂછ્યું, 'આપને વાંધો ન હોય તો હું મારા મનમાં જાગેલી એક શંકા વિષે પૂછું.'

સર્રિસકીતે એને પ્રેમથી કહ્યું, 'જે કંઈ પૂછવું હોય તે નિઃસંકોચ પૂછો.'

સાથીએ પૂછ્યું, 'મારા મનમાં સવાલ એ જાગે છે કે આપ છેલ્લાં ત્રીસ વર્ષથી ખુદાની બંદગી કર્યા બાદ એમ બોલો છો કે, 'હે ખુદા ! મને માફ કર.' આવું રોજેરોજ કરવાની શી જરૂર ? ખુદાનો એવો તે કયો ગંભીર ગુનો કર્યો છે કે જેથી તમારે આમ દરરોજ સતત માફી માંગવી પડે ?'

મહાત્મા સર્રિસકીતે કહ્યું, 'વાત એવી છે કે આજથી ત્રીસ વર્ષ પહેલાં આ શહેરની બજારમાં મોટી આગ લાગી. આગના

સમાચાર સાંભળતાં જ હું બજાર ભણી દોડ્યો, કારણ કે એ બજારમાં મારી પણ એક દુકાન હતી. ઝડપથી બજાર તરફ દોડતો હતો, ત્યાં રસ્તામાં એક માણસ મળ્યો અને એણે મને સમાચાર આપ્યા. એણે કહ્યું કે 'તમારે આટલી બધી દોટ મૂકવાની જરૂર નથી. આગ તો સહુએ ઠારી નાંખી છે. બધાની દુકાન બળી ગઈ પણ તમારી દુકાનને ઊની આંચ પણ આવી નથી. હું જોઈને આવ્યો છું કે તમારી દુકાન સાવ સલામત છે.'

આ સાંભળીને હું બોલી ઊઠ્યો, 'હે ખુદા ! તને લાખ લાખ ધન્યવાદ. તારો પાડ માનું તેટલો ઓછો છે.

બસ, આજ સુધી મારા એ શબ્દો માટે ખુદાની માફી માંગું છું. ખુદાને કહું છું કે આવો ગુનો ફરી કરી બેસું નહિ તેવી ખબરદારી મને આપજે.

સાથીએ કહ્યું, 'આમાં તે વળી ખુદાની માફી શા માટે માંગવાની હોય ? તમારી દુકાન સલામત રહી એ ખુદાનો પાડ જ કહેવાય ને !'

મહાત્મા સર્રિસકીતે કહ્યું 'મારી એ જ ભૂલ થઈ ગઈ. મારી દુકાન સલામત રહી એ સાચું, પરંતુ મારી આસપાસની દુકાનો ધરાવનારાઓનો મેં વિચાર ન કર્યો. એમની સંપત્તિ નાશ પામી છતાં મેં ખુદાને ધન્યવાદ આપ્યા. હકીકતમાં તો મેં મારા સાથી દુકાનદારોની ઘોર ઉપેક્ષા કરી કહેવાય. મેં આવો મોટો ગુનો કર્યો એ જાણ્યા પછી એટલો બંધો પસ્તાવો થયો કે એ દિવસથી રોજ મારા ગુના માટે ખુદાની માફી માંગું છું.'

• • •

## ૨૩ મૌનની વાણી

એક દિવસ સંયોગ ઊભો થયો. દેશના બે મહાન મર્મી સંતોના મિલનની શક્યતા જાગી હતી.

સંત કબીર તો સદા કાશીમાં વસતા હતા. એ કાશીની નજીકથી સંત ફરીદ પોતાના શિષ્યો સાથે પસાર થવાના હતા.

બંને સંતોના શિષ્યોને ઇચ્છા જાગી કે આ બે મહાન સંત મળે તો કેવી વિરલ ઘટના સર્જાય ! એમની એકબીજા સાથેની ચર્ચા સાંભળવા મળે તો કેવા ધન્ય થઈ જઈએ ! આથી ફરીદના શિષ્યોએ ગુરુને વિનંતી કરી,

"ચાલોને, સંત કબીરના આશ્રમમાં જઈએ, અને બે દિવસ વિશ્રામ કરીએ."

આવી જ વાત સંત કબીરના શિષ્યોએ કબીરને કરી અને કહ્યું કે "સંત ફરીદ આવે છે એમનો આપણે આદર-સત્કાર કરીએ, અને થોડો સમય આપણા આશ્રમમાં વ્યતીત કરવા વિનંતી કરીએ."

સંત કબીર શિષ્યોની વાત સ્વીકારીને ફરીદનો આદર-સત્કાર કરવા નીકળ્યા. સામે જ સંત ફરીદની મંડળી મળી. કબીર અને ફરીદ એકબીજાને ભેટી પડ્યા.

કબીરના આશ્રમમાં એક બાજુ કબીર અને એમના સાથીઓ અને બીજી બાજુ ફરીદ અને એમના સાથીઓ બેઠા. બંનેના શિષ્યોને ભારે ઉત્કંઠા હતી કે ક્યારે આ મર્મી સંતોની જ્ઞાનચર્ચા ચાલે.

પણ આ શું ? કબીર અને ફરીદ સામસામે બેઠા. આંખોમાં આંખ પરોવી. પણ પછી કોઈ કશું બોલે નહીં.

સમય વીતતો ગયો તેમ તેમ શિષ્યોનો અજંપો વધતો ગયો.

થોડો વખત બંને એકબીજા સામે બેઠા અને વિદાય લીધી.

બપોરે બંને સંતો ફરી મળ્યા. શિષ્યોએ માન્યું કે કદાચ સવારે વાત કરવાની પહેલ કોણ કરે તેની પ્રતીક્ષામાં વાત નહીં થઈ હોય. કયા વિષય પર વાત કરવી, તેનો વિચાર કરતા હોય. પણ હવે બપોરે તો વાત કરશે જ.

સવાર જેવું જ બપોરે થયું. બંને બેઠા. એકબીજાને જોયા, પણ એકેયના મુખમાંથી કોઈ શબ્દ સર્યો નહીં.

આવી નિઃશબ્દ બેઠકનો સિલસિલો ચાલુ રહ્યો. સાંજે બંને મળ્યા. એ પછી બીજે દિવસે પણ સવાર, બપોર અને સાંજે મળ્યા, પણ કોઈ વાતચીત નહીં.

ત્રીજે દિવસે ફરીદ એના શિષ્યો સાથે સંત કબીરની વિદાય લેવા આવ્યા. કબીરે ભાવભરી વિદાય આપી.

બંને સંતોના શિષ્યો હેરાન-પરેશાન થઈ ગયા. બે-બે દિવસ સુધી રાહ જોઈ કે આ સંતો શબ્દ-સમાગમ કરે, સત્સંગ કરે, પણ એવું કશું બન્યું નહીં. શિષ્યોની અકળામણનો પાર રહ્યો નહીં.

વિદાય લેતી વખતે સંત કબીરે કહ્યું, ''ભવિષ્યમાં જરૂર પધારજો. આવો જ આનંદભર્યો શાસ્ત્ર-સત્સંગ અને આત્મસંવાદ કરીશું.''

• • •

## ૨૪ મનમાં ખાલીપો

નાનઈન નામના સંતને એક જિજ્ઞાસુ મળવા આવ્યો. આ સંતની ચારેબાજુ મોટી નામના હતી. એમ કહેવાતું કે એમને સત્યનો સાક્ષાત્કાર થયેલો છે.

આગંતુક જિજ્ઞાસુએ પોતાની અકળામણ વ્યક્ત કરી. એણે કહ્યું, "હું ઈશ્વરની શોધમાં ઠેર ઠેર ભટક્યો. પંડિતોને મળી આવ્યો. સંતોને પ્રશ્ન કર્યા, મહાન ગ્રંથોનો અભ્યાસ કર્યો. આટલી બધી દોડધામ કરવા છતાં ક્યાંય ઈશ્વરની ભાળ મળી નહીં."

જિજ્ઞાસુ સતત બોલી ગયો, પરંતુ એ બોલતો હતો ત્યારે એના ચહેરાની રેખાઓ તંગ થઈ જતી હતી. એની આંખો ચકળવકળ ઘૂમતી હતી. ભવાં તણાયેલાં હતાં. આખું શરીર ડોલાયમાન થતું હતું.

જિજ્ઞાસુના ચિત્તની ચંચળતા પ્રગટ થતી હતી. એના મનમાં વિચારોનો ધસમસતો પ્રવાહ ચાલતો હતો તે એની વાણીમાં આમતેમ અથડાતો હતો અને શબ્દો ગમે તેમ ફંગોળાતા હતા. જિજ્ઞાસુના ચિત્તના અપાર અજંપાનો લેશમાત્ર સ્પર્શ સંત નાનઈનને થયો નહીં.

નાનઈન વિલક્ષણ પ્રકારના સંત હતા. એમણે જિજ્ઞાસુને નિરાંતે બેસવા કહ્યું. વળી કહ્યું કે તારે ઈશ્વર વિશે જાણવું છે ? સત્યને પામવું છે? પણ તું એટલો બધો થાકેલો દેખાય છે કે પહેલાં હું તને ચા પિવડાવું પછી બધી વાત કરીએ.

સંત નાનઈન રસોડામાં ગયા. ચા બનાવવા લાગ્યા. ચા તૈયાર થઈ એટલે કીટલીમાં ચા લઈને બહાર આવ્યા.

આવીને જિજ્ઞાસુને ખાલી કપ અને રકાબી હાથમાં આપ્યાં. કીટલીમાંથી ચા કાઢવા લાગ્યા. કપ ભરાઈ ગયો, નીચેની રકાબીમાંથી ચા પડવા માંડી, પણ સંત સહેજે થોભ્યા નહીં. રકાબી ભરાઈ ગઈ અને ચા બહાર પડવા લાગી એટલે તરત જ પેલા જિજ્ઞાસુએ કહ્યું,

‘અરે ! હવે થોભી જાવ. વધુ ચા સમાય તેમ નથી. કપ અને રકાબી બંને ભરાઈ ગયાં છે. હવે બહાર ઢોળાશે. તમે આવું કેમ કરો છો ? હવે વધુ ચા નાખશો તો મારાં કપડાં બગડશે અથવા તો જમીન ઉપર ઢોળાશે.’’

સંતે કહ્યું, ‘‘અરે, ભાઈ ! તું ચાના કપની બાબતમાં જેટલો જાગ્રત છે, એટલો પણ તારા મનની બાબતમાં જાગ્રત નથી. ભરાયેલા કપમાં વધુ ચા કઈ રીતે આવે ? ચાને માટે કોઈ જગા નથી. હકીકતમાં તારા મનમાં કોઈ જગા છે ખરી કે જેથી પરમાત્મા પ્રવેશી શકે ? મનનો કોઈ ખૂણો એવો ખાલી રાખ્યો છે ખરો કે જ્યાં પરમાત્માને આવવું હોય તો આવી શકે ? તારા ઘરમાં પ્રવેશવા એ બારણે ટકોરા મારતો હોય પણ ઘરમાં તારા વિચારોની એટલી બધી ભીડ જામેલી છે કે તને એ ટકોરા સંભળાય ક્યાંથી ? ચાનો કપ ભરાઈ જાય એની તને ખબર છે પણ મનના ભરાઈ ગયેલા કપની તને કશી જાણ નથી.’’

• • •

# ૨૫ તુકારામની માફી

સંત તુકારામ.

સદાય ભગવદ્-ભજનમાં લીન.

ભક્તિનો રંગ એટલો ચડ્યો કે પોતાની પાસેના ખતપત્રો ઇંદ્રાયણી નદીમાં ડુબાડી દીધા. જાતે મજૂરી કરીને રહેવા લાગ્યા.

ભાંગી-તૂટી ઝૂંપડીમાં રહે. એમાં એમના સસરાએ આપેલી દૂઝણી ભેંસ રાખે. પહેલાં વાછરડાંને પેટ ભરીને દૂધ પિવડાવે અને બાકી વધે તે ઘરના ઉપયોગમાં લે.

એક ચોરની નજર આ ભેંસ પર પડી. એને થયું કે ભક્તની આ ભેંસ ચોરી જવા જેવી છે. વળી ચોરી કરવી પણ ઘણી આસાન છે, કારણ કે ભક્ત ઘરની કશીય દરકાર રાખતો નથી. એનું ઘર તો રેઢું પડ્યું હોય છે !

એક રાત્રે સંત તુકારામ મંદિરમાં કીર્તનની ધૂન લગાવીને બેઠા હતા. કીર્તન બરાબર જામ્યું હતું. એવામાં એમના ઘરમાં ચોર દાખલ થયો. ચોરને પણ આવું ઘર ક્યાંથી મળે ? એણે તો નિરાંતે ભેંસને બહાર કાઢી, અને જંગલને માર્ગે ભગાડીને લઈ જવા લાગ્યો.

ભક્તની રખેવાળી કરતા ભગવાનથી આ કઈ રીતે સહન થાય ? જંગલમાં દોડતા ચોરને ભગવાને પરચો બતાવ્યો. વિકરાળ રૂપ ધારણ કરી ચોરને અટકાવી દીધો. ચોરની ગભરામણનો પાર ન રહ્યો. આ વિકરાળ સ્વરૂપ આગળ એ ધ્રૂજવા લાગ્યો. માફી માગવા લાગ્યો.

આખરે એણે પોતાની ભૂલ કબૂલ કરી. એ ભેંસને લઈને

દોડતો દોડતો તુકારામને ઘેર આવ્યો. પણ ઘરમાંથી બહાર નીકળે છે ત્યાં ફરી પેલું સ્વરૂપ દેખાયું. એણે ચોરને કહ્યું,

'ભાઈ ! આટલો પસ્તાવો પૂરતો નથી, તારે ગુનાની માફી માગવી જોઈએ. જા, જઈને તુકારામની માફી માગી આવ.'

ચોર ડરતો ડરતો મંદિરમાં આવ્યો. મંદિરમાં કીર્તનનો રંગ જામ્યો હતો. તુકારામના કીર્તનમાં આખું વાતાવરણ તલ્લીન હતું. કીર્તન પૂરું થાય ત્યાં સુધી ચોર બેઠો. કીર્તન પૂરું થયું અને તુકારામ મહારાજ ઊભા થતા હતા, ત્યાં જ ચોર દોડીને એમના પગમાં પડ્યો, અને ભેંસની ચોરી કરવા માટે તુકારામની માફી માગી.

સંત તુકારામે તો ચોરને કહ્યું, 'અરે ભાઈ, તારે ભેંસની જરૂર હોય તો લઈ જા. એમાં શું ?'

પણ ચોર ભેંસ લઈ જવાનો વિચાર કરે કઈ રીતે ? એણે કહ્યું કે 'મારે તો કશું નથી જોઈતું. બસ, મને માફી આપો.'

સંત તુકારામે એને માફી આપી, અને ઘેર પાછા આવ્યા. પણ મનોમન વિચાર કરવા લાગ્યા. એમને એ વિચાર આવ્યો કે ચોરને ચોરી કરવાનું મન જ કેમ થાય ?

વળી થયું કે નક્કી મારી પાસે કશુંક વધારાનું હોય તો જ ચોર ચોરી કરવા આવે.

આમ ખૂબ મનોમંથન કર્યું, અને બીજે દિવસથી ભેંસનું બાકીનું દૂધ ઘરમાં વાપરતા હતા તે ગામના ગરીબોને વહેંચવાનું શરૂ કર્યું.

• • •

## ૨૬ દુઃખ જગાડે

જુનૈદ નામનો એક સૂફી ફકીર થઈ ગયો. આ ફકીર સદાય ધર્મની મસ્તીમાં ડૂબેલો રહેતો હતો. હંમેશાં આત્મચિંતન અને અધ્યાત્મખોજમાં રત રહેતો હતો.

ફકીર જુનૈદ ઈશ્વરને પ્રાર્થના કરવાનું ક્યારેય ચૂકતો નહીં, એ આ પ્રાર્થના મોટે ભાગે એકાંતમાં કરતો હતો. એક દિવસ જુનૈદની પાસે એનો એક શિષ્ય ઊભો હતો, અને એણે આ સૂફી ફકીરની પ્રાર્થના સાંભળી.

ફકીર જુનૈદ કહેતો હતો, ''હે ઈશ્વર ! મને દુઃખ આપવાનું ચાલુ રાખજે. મને ક્યારેય સુખ આપતો નહીં.''

ફકીર જુનૈદની આ પ્રાર્થના એના શિષ્યે સાંભળી ત્યારે એને એના કાન પર વિશ્વાસ બેઠો નહીં. એણે વિચાર્યું કે એણે ઊલટું સાંભળી લીધું હશે. ખરેખર તો ઈશ્વરને એમ કહ્યું હશે કે સુખ આપજે. દુઃખ ક્યારેય દઈશ નહીં.

બીજે દિવસે ફરી ફકીર જુનૈદ પ્રાર્થના કરવા બેઠા. શિષ્ય એમની પાસે પહોંચી ગયો અને ધ્યાનથી પ્રાર્થના સાંભળી. ફકીર જુનૈદ ઈશ્વરને કહેતા હતા કે, ''હે કરુણામય ! દુઃખની ધારા સતત વહાવતો રહેજે. સુખથી સદાય અળગો રાખજે.''

આ પ્રાર્થના સાંભળીને શિષ્યને આશ્ચર્ય થયું. એણે ફકીર જુનૈદને કહ્યું, ''તમારી વાત ભારે વિચિત્ર લાગે છે. જગત આખું સદાય સુખની વર્ષા ઝંખે છે ત્યારે તમે તો સામે ચાલીને દુઃખની માંગણી કરો છો.''

ફકીર જુનૈદે કહ્યું, ''હે શિષ્ય ! આપણે તો હંમેશાં

દુઃખની જ માંગણી કરવાની હોય. સુખથી તો ડરવાનું હોય.''

શિષ્યે પૂછ્યું, ''ગુરુદેવ! આપની વાતનો મર્મ હું પારખી શક્યો નહીં. દુનિયા દુઃખથી ભાગે છે ત્યારે આપ તો દુઃખને ભેટવાનું કહો છો.''

સૂફી ફકીર જુનૈદે કહ્યું, ''હે શિષ્ય ! સુખ આપણને સુવાડી દે છે. સુખ પરમાત્માને ભુલાવી દે છે. જ્યારે દુઃખ હંમેશાં જાગ્રત રાખે છે. જ્યારથી હું સમજણો થયો ત્યારથી પરમાત્મા પાસે આ જ માંગું છું.''

શિષ્યે સવાલ કર્યો, ''વિચિત્ર વાત છે તમારી. આજ સુધી દુઃખોથી ભાગનારા જોયા છે. દુઃખને માગનારા જોયા નથી.''

ફકીર જુનૈદે કહ્યું, ''આનું કારણ એ કે તેઓ જીવનને પ્રકાશિત કરનારા દુઃખને સમજ્યા નથી. આ દુઃખ એ તો આપણા હૃદયના પાત્રને (વાસણને) સતત માંજતું-ચળકતું રાખે છે. માનવીને નમ્ર બનાવે છે. સ્વસ્થતાની સૌથી મોટી પાઠશાળા આ દુઃખ છે. એથી એને મારા હૃદયનાં દ્વાર ખોલીને આવવા માટે નિમંત્રણ આપું છું. એ માટે પ્રાર્થના કરું છું.''

શિષ્યે પ્રશ્ન કર્યો, ''આવું દુઃખ ચાહવાથી લાભ શો ? ફાયદો શો ?''

ફકીર જુનૈદે કહ્યું, ''આને કારણે સતત પરમાત્માનું સ્મરણ રહે છે. જાગ્રત આત્મા અજાગૃતિથી અળગો રહે છે. શુભ ભાવ ચિત્તમાં જળવાઈ રહે છે.''

• • •

## ૨૭ બમણી ફી

ગ્રીસનો મહાન તત્ત્વચિંતક સૉક્રેટીસ (ઈ.સ. પૂર્વે ૪૬૯-૩૯૯). એણે ગ્રીસના વિચારકોને જાગ્રત કર્યા. તત્ત્વજ્ઞાનના પ્રવાહને પલટી નાખ્યો.

સૉક્રેટીસે આત્મખોજનો આરંભ કર્યો. શેરીઓમાં જઈને પ્રજાને જગાડવાની કોશિશ કરી. સત્તાધીશો સૉક્રેટીસની વાતથી છળી ઊઠ્યા. સૉક્રેટીસ પર એથેન્સના યુવાનોને બહેકાવવાનો આરોપ મૂક્યો.

સૉક્રેટીસે સત્યને માટે ખોજ આદરી. માનવી એ કે જે પોતાની જાતને પૂછે કે માનવી કોણ છે ?

સત્યનો રાહ સદા કપરો હોય છે. સૉક્રેટીસના જીવનમાં અપાર મુશ્કેલીઓ આવી. રાજસત્તાએ એને ખામોશ કરવા કોશિશ કરી, પણ સૉક્રેટીસે સત્યનો રાહ છોડ્યો નહિ.

એ યુવાનોને માર્ગદર્શન આપતો હતો. એક યુવાન ગ્રીસના મહાન તત્ત્વચિંતક પાસે આવ્યો.

વિચારક સૉક્રેટીસ છટાદાર વક્તા હતો. એની વાણીની મોહિની અજબ હતી. એના જમાનાના કેટલાય યુવાનો એની પાસે છટાદાર ભાષણની કલા શીખવા આવતા હતા.

એક દિવસ આવો જ કોઈ મહત્ત્વાકાંક્ષી યુવાન સૉક્રેટીસ પાસે આવ્યો. યુવાને પોતાના હૃદયની ઇચ્છા પ્રગટ કરતાં કહ્યું,

"આપ ગ્રીસના માત્ર વિચારક જ નહિ, પરંતુ મહાન

વક્તા છો. આપની પાસેથી વેધક અને સચોટ ભાષણ આપવાની કલા મારે શીખવી છે.''

સૉક્રેટીસે એના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો અને પેલા યુવાનનું હૈયું આનંદથી નાચી ઊઠ્યું.

એણે પોતાની વાણીને વહેતી મૂકી દીધી. જીભ ચાલવા નહિ પણ દોડવા લાગી. જરૂરી અને બિનજરૂરી એવી બધી વાતો એણે કરવા માંડી. એને પોતાની વાણીની છટા બતાવવી હતી પછી ચૂપ કઈ રીતે રહી શકે ?

એનું લાંબું, ઢંગધડા વગરનું બોલવું સાંભળીને સૉક્રેટીસે કહ્યું, ''જો ભાઈ ! તને હું ભાષણની કળા શીખવીશ ખરો; પરંતુ આ શિક્ષણ માટે તારે બીજા કરતાં મને બમણી ફી આપવી પડશે.''

પેલો જુવાન તો ચમકી ઊઠ્યો. એકાએક આટલો બધો ફી વધારો કેમ થયો, એની એને કશી સમજ પડી નહિ. આથી સૉક્રેટીસને પૂછ્યું.

''શા માટે મારી બમણી ફી ?''

''તને એક વિદ્યા શીખવવાથી નહિ ચાલે, તારે તને બે વિદ્યા શીખવવી પડશે : એક તો ભાષણ કરવાની કળા અને એથીય વધુ મૌન રહેવાની કળા. આથી તારી બમણી ફી લઈશ.''

• • •

# ૨૮ સમર્પણનાં ફૂલ

વાચસ્પતિ મિશ્ર. ભારતના એક સમર્થ તત્ત્વચિંતક.

થયું એવું કે લગ્નના આગલે જ દિવસે એમણે એક મહાન ગ્રંથ પર ટીકા લખવાનો પ્રારંભ કર્યો. બ્રહ્મસૂત્રના શંકરભાષ્ય પર તેઓએ પોતાનું વિવેચન લખવું શરૂ કર્યું હતું.

ઘણો અઘરો ગ્રંથ. અને એમાંય તેના પર ટીકા લખવી, એ અત્યંત કઠિન કામ હતું.

પંડિતજી તો રાત-દિવસ પોતાના કામમાં ડૂબેલા રહેતા. ક્યારેક ઊંડા વિચારમાં પડી જતા. ક્યારેક મહાન ગ્રંથો ઉથલાવતા. ક્યારેક પોતાની ટીકા લખવા બેસી જતા.

વખત વહેતો ગયો. કામ આગળ વધતું ગયું. એમની પત્ની ભામતી સુશીલ નારી હતી. તે ભણેલી-ગણેલી હતી. પતિના પ્રચંડ કાર્યની મુશ્કેલીઓથી વાકેફ હતી.

પંડિતજી લખતા જ રહ્યા. તરતમાં જ પરણેલી ભામતી યુવાનીના આનંદ-પ્રમોદને અળગા કરીને પતિની મદદમાં મગ્ન રહેવા લાગી.

અવનિ પર અંધારાં ઊતરવાની વેળા હોય, કે ભામતી ચૂપચાપ આવીને દીવો સળગાવી જાય. ભોજનની વેળાએ ભોજન મૂકી જાય. વાચસ્પતિ મિશ્ર તો પોતાની ધૂનમાં એટલા બધા ડૂબી ગયેલા હતા કે એમને આનો કશો ખ્યાલ પણ ન આવે. પતિને સહેજે ખલેલ ન પડે એ રીતે ભામતી બધાં કામ કરતી.

બંનેની યુવાની ઓસરી ગઈ. બુઢાપો ડોકિયાં કરવા લાગ્યો. બાર-બાર વર્ષનાં વહાણાં વીતી ગયાં. મહાન ગ્રંથની રચનાનું કામ પણ લગભગ પૂરું થવા આવ્યું હતું.

એવામાં એક દિવસ હવાના ઝપાટાથી દીપક બૂઝાઈ ગયો. બહાર બેસીને ધ્યાન રાખતી ભામતી તરત દોડી આવી. એકાએક અંધારું થતાં પંડિતજીની લેખિની અટકી ગઈ. ભામતી દીવો સળગાવતી હતી, ત્યારે પંડિતજીની નજર એના પર પડી.

અરે, આ શું ? કેવી કૃશ કાયા થઈ ગઈ છે એની ? શરીર પરનાં આ વસ્ત્રો સાવ સાધારણ છે. આભૂષણનું નામ-નિશાન નથી. પંડિતજીએ ગળગળા અવાજે ભામતીને પૂછ્યું,

''અરે, શું તું આ રીતે જીવી રહી છે ? તારું યૌવન ક્યાં ખોવાઈ ગયું ? તારી કાયા તો કોઈ તપસ્વિની જેટલી કૃશ બની ગઈ છે.''

ભામતીએ હસતાં હસતાં પંડિતજીને કહ્યું : ''આપ બાર-બાર વર્ષથી આકરું વિદ્યાતપ કરી રહ્યા છો, ત્યારે મારે થોડું તપ કરવું જોઈએ ને ? આમાં શું ?''

ગહન જ્ઞાની વાચસ્પતિ મિશ્રનું અંતર ઝૂકી ગયું, અને તેઓ બોલ્યા,

''ભામતી, મારું તો વિદ્યાનું તપ હતું, પણ તેં તો જીવન અને યૌવનને આ તપમાં હોમ્યાં છે. જો આપણે યૌવનના અભરખાથી વિલાસના ઉછાળામાં જ ઊછળતાં રહ્યાં હોત તો સાચે જ કશું કરી શક્યાં ન હોત. તારા જીવનતપને પરિણામે હું આ ગ્રંથ લખી શક્યો છું, જે તને અને મને અમર બનાવી દેશે. તારા નામ પરથી આ ટીકાનું નામ હું ''ભામતી ટીકા'' રાખું છું.''

• • •

## ૨૯ ક્રોધ પર કાબૂ

મુંબઈની કચેરીમાં એક મોટો મુકદમો ચાલે. એક હોશિયાર વકીલે એ હાથ ધરેલો.

મુકદમો બહુ ગૂંચવણવાળો હતો. વકીલે એ જીતવા માટે રાતદિવસ એક કરી નાખ્યાં. કંઈ કેટલાંય કાયદાનાં પુસ્તકો વાંચી નાખ્યાં !

આ બધા પરથી મુકદમાના કાગળો તૈયાર કર્યા, એમાં કેટલાંય પુસ્તકોમાંથી લઈને દાખલા-દલીલો ટાંક્યાં. બધું તૈયાર કરી વકીલે એ કાગળો ફરી વાંચી જોયા. વાંચતાં તેઓને ખાતરી થઈ કે કામ બરાબર થયું છે. મુકદમો નક્કી જીતી શકાશે.

આ બધા કાગળો નકલ કરવા માટે આપવાના હતા. એ બધાને મૂકી વકીલ બહાર ફરવા નીકળ્યા. ઘણા દિવસની મહેનતને લીધે કંટાળી ગયા હતા. એટલે દૂર દૂર નીકળી ગયા.

આ વખતે ઘરમાં રમતી એક દશેક વર્ષની બાળકી ત્યાં આવી. એ વકીલના કમરામાં બેસીને રમવા લાગી ! એણે ટેબલનું ખાનું ઉઘાડ્યું ને એમાંથી કાગળિયાં બહાર કાઢ્યાં.

કેટલાંક કાગળિયાં આમ ફેંક્યાં, કેટલાંક તેમ ફેંક્યાં, એક કાગળમાંથી પતંગ બનાવવા બેઠી !

દસ વર્ષની છોકરીને પતંગ બનાવતાં કેમ ફાવે ? પણ એણે તો મહેનત ચાલુ રાખી. ભારે ઉદ્યમી છોકરી ! એક કાગળ બગાડ્યો, તો બીજો લીધો !

આખરે પતંગ બનાવ્યો. એ લઈને તે ફરવા લાગી.

ફરતાં ફરતાં એક પતંગ ફાટી ગયો. ફરી એણે પિતાના ટેબલનાં ખાનાંમાંથી બીજાં કાગળિયાં બહાર કાઢ્યાં. કાગળિયાં કાઢીને નવો પતંગ બનાવવા લાગી.

નાની છોકરીને ખૂબ મજા પડી. ટેબલમાંથી કાગળિયાં કાઢે. એમાંથી પતંગ બનાવે. પતંગ બનાવતાં કેટલાંય કાગળિયાં ફાટી જાય. એના ડૂચા કરીને બહાર ફેંકે. ક્યારેક ફાટેલા કાગળના ટુકડેટુકડા કરી નાખે.

પેલા વકીલ ફરીને પાછા આવ્યા. પેલી બાળકી તો આનંદમાં હતી. એણે કહ્યું,

''બાપુ ! જુઓ આ મારો પતંગ ! મેં બનાવ્યો.''

વકીલે પતંગ જોયો, પણ જોતાંની સાથે ફાળ પડી. અરે ! દીકરીએ ગજબ કર્યો. મારા મહત્ત્વના કાગળોનું જ કચુંબર કરી નાખ્યું ! કેવું ભારે નુકસાન ! વળી આબરૂનો પણ સવાલ !

આ વખતે બીજો કોઈ બાપ હોત તો ગુસ્સે થઈ જાત, પણ આ વકીલે કાગળના ડૂચા ભેગા કરતાં દીકરીને એટલું જ કહ્યું :

''બહેન ! મારા કાગળોને ન અડાય હોં.''

આ વકીલનું નામ શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી. ગુજરાતી ભાષાના એક સમર્થ સાહિત્યકાર જેમણે 'સરસ્વતીચંદ્ર' નામની અમર કૃતિની રચના કરી.

● ● ●

## ૩૦ પરિશ્રમથી પ્રાપ્તિ

રશિયાના મહાન નવલકથાકાર ટૉલ્સ્ટૉય. તેઓ મહાન સર્જક હતા અને હૃદયના ઉચ્ચ ગુણોને કારણે સંત ગણાતા હતા.

સંત ટૉલ્સ્ટૉય પાસે એક યુવાન આવ્યો. એમના પગમાં પડી દીન સ્વરે કરગરતો કરગરતો કહેવા લાગ્યો,

"હું ખૂબ-ખૂબ દુ:ખી છું. મારી પાસે કશી સંપત્તિ નથી. મારી પાસે એક પૈસો પણ નથી."

ટૉલ્સ્ટૉયે હળવાશથી કહ્યું, "હં........તારી વાત સમજ્યો. તારે ધન મેળવવું છે, તારે સંપત્તિ જોઈએ છે, ખરું ને ?"

યુવાને હકારમાં માથું હલાવ્યું.

ટૉલ્સ્ટૉયે કહ્યું, "જો તને એક સરસ ઉપાય બતાવું. હું એક વેપારીને ઓળખું છું. એ માણસની આંખો ખરીદે છે. એની પાસે જા. તારી બે આંખના એ તને વીસ હજાર રૂપિયા આપશે."

યુવાન ગભરાઈ ગયો. એણે કહ્યું, "અરે ! આંખો તે કોઈને વેચાતી અપાતી હશે ?"

ટૉલ્સ્ટૉયે કહ્યું : "કંઈ વાંધો નહિ. એ વેપારી હાથ પણ ખરીદે છે. તારા બે હાથ આપીશ તો એ તને રોકડા પંદર હજાર રૂપિયા આપશે. તું ધનવાન બની જઈશ."

"હાથ ! હાથ તે અપાતા હશે ? હાથ જાય પછી શું રહે ?"

ટૉલ્સ્ટૉયે હળવેથી કહ્યું, "જો ભાઈ, તારે આંખ આપવી નથી, હાથ આપવા નથી, તો એ માણસ પગ પણ ખરીદે છે.

તારા બે પગ આપીશ તો પણ તારી ગરીબી સાવ દૂર થઈ જશે.''

યુવાન ટૉલ્સ્ટૉયેની વાત સમજી શક્યો નહિ. એણે અકળાઈને કહ્યું, ''અરે ! આપ કેવી વાતો કરી રહ્યા છો ?''

ટૉલ્સ્ટૉયે કહ્યું, ''હું સાવ સાચી વાત કરું છું. જો તારે ખૂબ પૈસા જોઈતા હોય તો આખું શરીર વેચી નાખ ! એ વેપારી માણસના શરીરમાંથી કંઈ કંઈ કીમતી દવાઓ બનાવે છે. તારા શરીરના બદલામાં એ તને એક લાખ રૂપિયા આપશે !''

યુવાનની ધીરજ ખૂટી. એ બોલી ઊઠ્યો, ''અરે, આપ કેવી વિચિત્ર વાત કરો છો ? એક કરોડ રૂપિયા મળે તોય હું મારા શરીરને - મારા પ્રાણને વેચવાનો નથી !''

ટૉલ્સ્ટૉયે હસતાં હસતાં કહ્યું, ''જે માણસ એક લાખ રૂપિયા લઈને પણ પોતાના શરીરને વેચવા તૈયાર નથી, એ જો એમ કહે કે મારી પાસે એક પૈસા જેટલીય સંપત્તિ નથી, તો એ વાત કેવી વિચિત્ર ગણાય ?''

ટૉલ્સ્ટૉયે યુવકનો આત્મવિશ્વાસ જગાડતાં કહ્યું : ''હે નવજુવાન ! આ આંખો, આ હાથ, આ પગ, આ શરીર અને પ્રાણ - એ ધનના અખૂટ ભંડાર છે. એને ઓળખ અને પરિશ્રમ કર. પોતાની નજરમાં જ પોતાનું મૂલ્ય ઓછું ન કર. જે પોતાનું મૂલ્ય સમજે છે, એને માટે ચાંદી અને સોનું તો શું પણ ચાંદો અને સૂરજ પણ એના પોતાના બની જાય છે.''

● ● ●

## ૩૧ સર્જનનો આનંદ

વોનગાર્દ જગતનો મશહૂર ચિત્રકાર હતો. એનાં ચિત્રોની કલાત્મકતા અપૂર્વ હતી, પરંતુ એના સમયના સમાજને વોનગાર્દની કલામાં રસ કે રુચિ નહોતાં.

આ ચિત્રકાર એકએકથી ચઢિયાતાં ચિત્રો સર્જતો હતો. એવી કલાકૃતિ રચે કે એને નિહાળનાર કલાપારખુનું હૃદય આનંદથી ભરાઈ જાય. પણ સવાલ એ હતો કે આવા કલાપારખુ હતા ક્યાં ? એવું હૃદય ક્યાં હતું કે કલાને માણી - અનુભવી શકે !

વોનગાર્દ એક પછી એક કલાકૃતિ સર્જતો રહ્યો પણ કોઈ એના ચિત્રને ખરીદવા આવે નહીં. કલાકારનું સર્જનકર્મ તો ચાલ્યા કરે, પણ વોનગાર્દનો નાનો ભાઈ વિચારે કે મોટા ભાઈના દિલમાં કેટલું બધું દર્દ થતું હશે !

રાતદિવસ એક કરીને પોતાનું સત્ય નિચોવીને કલાકૃતિનું સર્જન કરે છે પણ સમ ખાઈ શકાય એવો ય કોઈ ખરીદનાર આવતો નથી.

પોતાના મોટા ભાઈ હતાશ કે નિરાશ થઈ જાય અને એમના હૃદયને આઘાત લાગે નહીં, તે માટે નાના ભાઈએ એક યુક્તિ વિચારી. એણે દૂરની પરિચિત એક વ્યક્તિને બોલાવીને કહ્યું કે તમે વોનગાર્દ પાસે જાવ. તમને અમુક રકમ આપું છું. એમાંથી થોડાં વોનગાર્દનાં ચિત્રો ખરીદી લાવો.

પેલા દૂરના પરિચિત તો કલાકાર પાસે ગયા. એમણે જઈને કહ્યું કે મારે ચિત્રો ખરીદવાં છે. મને ચિત્રો બતાવો.

વોનગાર્દે ચિત્રો બતાવવા શરૂ કર્યાં. પેલો માણસ

વાહિયાત પ્રશંસા કરવા લાગ્યો. કલાકાર પારખી ગયો કે આ કોઈ નફાખોર વેપારી લાગે છે. ચિત્રકલાનો કંઈ પારખુ નથી.

પેલા માણસને પણ ચિત્ર ખરીદવું હતું એથી એને માત્ર ચિત્રના પૈસા જ નક્કી કરવામાં રસ હતો.

પેલાએ ચિત્ર ખરીદ્યું પણ કલાકારની નજર પારખી ગઈ કે આવો માણસ આટલા ઊંચા દામ આપીને કંઈ ચિત્ર ખરીદે નહીં.

વોનગાર્દે ગળગળા થઈને પેલા સજ્જનને સાચી વાત કરવા વિનંતી કરી. વોનગાર્દને ખબર પડી કે આ ગ્રાહકને તો એના નાના ભાઈએ મોકલ્યો છે.

એવામાં નાનોભાઈ આવ્યો અને એણે વોનગાર્દને પૂછ્યું.

"તમે આટલાં બધાં ચિત્રો બનાવો છો અને કોઈ ખરીદનાર મળતો નથી તેથી તમને કેટલું બધું દુઃખ થતું હશે ?"

વોનગાર્દે કહ્યું, "ભાઈ, તું ભૂલે છે. હું ચિત્ર બનાવું છું તેમાં જ મને બધું મળી જાય છે. એના જેટલો આનંદ બીજા કશામાંથી સાંપડતો નથી. એના સર્જન પછી આમાંથી વિશેષ કશું મેળવવાનું મારે હોતું નથી. કલાસર્જનના આનંદથી વિશેષ એનું કયું મૂલ્ય હોય ? આ આનંદની તોલે વિશ્વની કોઈ સમૃદ્ધિ આવતી નથી. પછી ખરીદનાર મળે કે ન મળે, તેની ફિકર શી ? એનાથી મારા સર્જનમાં કે આનંદમાં ઊની આંચ આવતી નથી."

• • •

# ૩૨ કેન્વાસ કે ચિત્ર ?

વીસમી સદીનો મહાન ચિત્રકાર પાબ્લો પિકાસો. સ્પેનના આ ચિત્રકારે માત્ર ચિત્રકલા પર જ નહિ, બલકે સ્થાપત્ય અને અન્ય કલાઓ પર પણ પુષ્કળ પ્રભાવ પાડ્યો.

નાની વયથી પિકાસો (ઈ.સ. ૧૮૮૧ થી ૧૯૭૩) ચિત્રકાર તરીકે નામના પામ્યા હતા. એમનાં ચિત્રોએ વિષય અને શૈલીની નવીનતા સર્જી. તેઓ સતત નવાનવા પ્રયોગો કરીને પોતાની કલાને વિસ્તારતા ગયા.

પાબ્લો પિકાસોની આ કલાએ એને વિશ્વવિખ્યાત બનાવ્યો.

આવા આધુનિક ચિત્રકલાના પ્રણેતા પિકાસોએ વર્ષોની મહેનત પછી એક સુંદર ચિત્ર બનાવ્યું.

ચિત્રકાર તરીકે પિકાસોની ખ્યાતિ દૂર-દૂર સુધી ફેલાયેલી હતી. એનાં ચિત્રો ખરીદવા માટે દેશ-દેશમાંથી કલાના શોખીન ધનિકો આવતા હતા.

એક અમેરિકન કરોડપતિ પિકાસો પાસે આવ્યો. એણે પિકાસોની છેલ્લામાં છેલ્લી ઉત્તમ કલાકૃતિ જોઈ. એ ધનપતિએ સ્વાભાવિક રીતે જ આ ચિત્ર ખરીદવાની ઇચ્છા પ્રગટ કરી અને એની કિંમત પૂછી.

પિકાસોએ કહ્યું, ‘‘આ મારી કલાકૃતિની કિંમત છે પાંચ હજાર ડૉલર.’’

આટલી મોટી કિંમત જોઈને પેલો ધનવાન તો સ્તબ્ધ થઈ ગયો. એણે વધુમાં વધુ એક હજાર ડૉલરની કિંમત ધારી હતી. આ તો એનાથી પાંચ ગણી કિંમત થઈ !

એણે પૂછ્યું, ''આટલી બધી કિંમત તે હોય ? આમાં વળી મોટી વાત શી છે ? એક કૅન્વાસ જોઈએ અને રંગપેટી જોઈએ. આના પાંચ હજાર કહો, એ તો ઘણા કહેવાય.''

તરત જ પિકાસોએ પોતાના સાથીને કહ્યું, ''આનાથી મોટું કૅન્વાસ લઈ આવો, અને આનાથી મોટી રંગોની પેટી લઈ આવો. આપને માત્ર કૅન્વાસ અને રંગો જ દેખાય છે, ચિત્ર નહીં.''

થોડીવારમાં પિકાસોનો સાથી મોટું કૅન્વાસ અને રંગો લઈ આવ્યો. પિકાસોએ બધી સામગ્રી પેલા કરોડપતિને આપી અને કહ્યું કે,

''તમે ચિત્ર ખરીદી શકો તેમ નથી તો મારા તરફથી રંગ અને કૅન્વાસ લઈ જાઓ.''

પેલા ધનવાને કહ્યું, ''અરે ! પણ હું આ રંગ અને કૅન્વાસનું કરું શું ? મને ક્યાં તમારા જેવી ચિત્રકલા આવડે છે ?''

આ સાંભળીને પિકાસોએ કહ્યું, 'મહાશય, હવે તમને સમજાયું હશે કે અમે જેની કિંમત લઈએ છીએ તે રંગ અને કૅન્વાસની નથી, પરંતુ એનાથી અનેકગણા વિશેષ એવા ચિત્રની છે. કૅન્વાસ અને રંગ બજારમાંથી મળે; પણ ચિત્ર ન મળે.''

અંતે કરોડપતિને કલાકારના સર્જનકર્મની ઝાંખી થઈ.

• • •

## ૩૩ તથ્ય અને સત્ય

આર્સ્પેસ્કી નામનો મહાવિદ્વાન એક સંતની પાસે ગયો. એ સંતને એણે કહ્યું,

“જીવનભર અદ્ભુત જ્ઞાનોપાસના કરી છે. એના અર્કરૂપે જગતમાં વિખ્યાત એવા ગ્રંથોની રચના કરી છે. મારા એક ગ્રંથમાં તો ઈશ્વર વિશે ઘણી લંબાણથી ચર્ચા કરી છે. હજારો પાનાંનો એ ગ્રંથ આજે જગતમાં અજોડ ગણાય છે.”

સંતે કહ્યું, “કેવી વિરાટ છે તમારી જ્ઞાનોપાસના ! અમે તો હજી અમારી જાતની પણ જાણકારી મેળવી શક્યા નથી, અને તમે તો ઈશ્વર વિશે આટલું બધું લખી નાખ્યું !”

વિદ્વાન આર્સ્પેસ્કીએ જરા ગર્વથી કહ્યું, “જુઓ, ઈશ્વર વિશેનું મારું એ પુસ્તક આજ સુધીનાં બધાં પુસ્તકોને આંટી જાય તેવું છે. એમાં જે જાણકારી રજૂ કરી છે એવી જાણકારી તમને જગતમાં ક્યાંય નહીં મળે.”

પેલા સંતે પોતાની પાસેનો એક નાનકડો કાગળ લઈને આર્સ્પેસ્કીને આપતાં કહ્યું, “ભાઈ ! ઈશ્વર વિશે જાણવું એ તો મારા ગજા બહારની વાત છે, પરંતુ આ કાગળમાં તમે મને તમારા વિશે જાણકારી આપો તોય આનંદ થશે. પરંતુ એવી જાણકારી આપજો કે જેને વિશે તમને પોતાને પૂર્ણ વિશ્વાસ હોય.”

આર્સ્પેસ્કી કાગળ લઈને લખવા બેઠા. એણે વિચાર કર્યો કે મારે વિશે હું શી માહિતી આપું ? વળી માહિતી પૂરેપૂરી પ્રમાણભૂત જોઈએ.

પોતાના વિશે પ્રમાણભૂત માહિતી કઈ ? ચિત્તમાં માહિતીનો ભંડાર એકઠો કર્યો હતો, પણ તે માહિતીના ભંડારથી પોતાની જાતની ઓળખ કઈ રીતે અપાય ? એણે પુસ્તકો લખ્યાં હતાં, પણ હજી સુધી એના અંતરને કશાની પ્રમાણભૂત પ્રતીતિ થઈ નહોતી.

એ પછી આ વિદ્વાને ઘણી ગડમથલ કરી, ઘણો વિચાર કર્યો, પરંતુ એ પોતે પોતાને વિશે કશું લખી શક્યા નહીં.

એણે પેલો કાગળ સંતને પાછો આપ્યો અને કહ્યું, ''ઓહ, આજ મને સમજાયું કે પરમાત્મા વિશે લખનાર એવા મારી પાસે આત્માની જ પ્રતીતિ નથી. અરે, હું સ્વયં કોણ છું એની જ મને ખબર નથી. અને મેં બીજા કોઈને વિશે તો ઠીક, પણ અમૂર્ત ઈશ્વર વિશે આટલું બધું લખ્યું ?''

વિદ્વાન આર્સ્પેસ્કી ગળગળો બની ગયો. સંતને કહ્યું, ''હું પણ કેવો દંભી ! જે ઈશ્વરની મારી પાસે પ્રમાણભૂત માહિતી નથી એને વિશે મેં ઢગલાબંધ લખાણ કર્યું. હે સંતપુરુષ ! તમે મને સાચો માર્ગ બતાવો.''

પેલા સંતે કહ્યું, ''જુઓ, હવે તમારી સાચી જ્ઞાનઆરાધનાનો પ્રારંભ થયો. વિનમ્રતા એ જ્ઞાનની આરાધનાનું પ્રથમ સોપાન છે. હવે તમારી એ આરાધના ખરેખર ચાલુ થશે. વિનમ્રતાથી સત્યને પામવાની સૂઝ જાગે છે. અત્યાર સુધી તમે તથ્યને વાગોળ્યા કર્યું, પણ એને પાર રહેલા સત્યની તમને હવે ઝાંખી થશે.''

• • •

## ૩૪ શિલ્પીનું રુદન

મુલ્કમશહૂર શિલ્પી બર્ટોન થોર્વાલ્ડસન થઈ ગયો. એણે આખી જિંદગી ઉત્તમ કલાકૃતિઓ કંડારવામાં ગાળી.

નારીની નમણાશ હોય કે વીરની વીરતા હોય, પણ પોતાના શિલ્પમાં એને અનેરી છટાથી સાકાર કરે.

સહુ કહે : ''આ શિલ્પી તો મૂંગા પથ્થરને બોલતા કરી દે છે !''

પણ શિલ્પીને સહેજે નિરાંત નહિ. એ માનતો કે પ્રગતિ માટે ગતિ સતત આવશ્યક છે !

આથી વળી એક હાથમાં હથોડી અને બીજા હાથમાં ટાંકણું લે. પોતાની કલાકૃતિને ધારી ધારીને નીરખે. એમાં અપૂર્ણતા રહી ગઈ નથી એનું સૂક્ષ્મ અન્વેષણ કરે.

લોકોએ સંપૂર્ણ કલાકૃતિ કહીને વધાવી હોય એવી કૃતિમાંય એને અપૂર્ણતા જોવા મળે.

ફરી હથોડી અને ટાંકણું લઈને બેસી જાય. એનાથીય અદકી એવી મૂર્તિ ઘડી કાઢે.

એક વાર એણે મોહક સુંદરીનું શિલ્પ ઘડ્યું. એનાં અંગેઅંગ એવી બારીકાઈથી કંડાર્યાં કે જાણે એમાંથી સૌંદર્ય નીતરતું જ લાગે ! કોઈ સૌંદર્યવતીની જીવતી-જાગતી મનોહર દેહલતા જ દેખાય.

શિલ્પીની કારીગરી પર સહુ કોઈ આફરીન પોકારી ગયા. આખાય ડેન્માર્ક દેશે આ શિલ્પને ઉમળકાથી વધાવી લીધું.

કિંતુ શિલ્પીના હૃદયમાં કોઈ આનંદ ન હતો. મુખ પર

વિષાદ છવાયેલો હતો. કલાકોના કલાકો સુધી ઊંડા વિચારમાં ડૂબીને શિલ્પને નિહાળ્યા કરે, પણ ક્યાંય ખામી જડે નહિ.

સૌંદર્યવતીના શિલ્પીની પ્રશંસા સાંભળીને દેશ-વિદેશના કુશળ શિલ્પીઓ મહાન કલાકૃતિ જોવા ઊમટવા લાગ્યા. સહુ કોઈ શિલ્પને જુએ અને એની નખશિખ સંપૂર્ણતા માટે માથું નમાવે.

ચોતરફ ધન્યવાદના શબ્દો ગુંજી રહ્યા હતા. કલાકાર પર પ્રશંસાનાં પુષ્પોની ઝંડી વરસતી હતી. તે સમયે બારીક અવલોકન કરતો શિલ્પી એકાએક રડવા લાગ્યો !

સહુ આશ્ચર્યમાં ડૂબી ગયા. અનેરા આનંદના સમયે શિલ્પી વિષાદમાં કેમ ડૂબી ગયો ? જીવનનાં સાર્થક્યના ટાણે એ શોક કેમ અનુભવી રહ્યો ?

કોઈએ શિલ્પીને પૂછ્યું, ‘‘હે મહાન કલાકાર ! તમે શા માટે રડો છે ? આજે તો તમે સિદ્ધિની ટોચે બિરાજ્યા છો. ત્યારે આવું કેમ કરો છો ?’’

ડેન્માર્કના શિલ્પી થોર્વાલ્ડસને જવાબ વાળ્યો, ‘‘ભાઈઓ, મારા રુદનનું રહસ્ય તમને સમજાવું ! જ્યારે આપણા કોઈ કાર્યમાં અપૂર્ણતા લાગે ત્યારે જ પૂર્ણતા પામવા આગળ વધવાનું મન થાય છે. પૂર્ણતા પામવા માટેનું પ્રેરક બળ જ અપૂર્ણતા છે ! આજે આ શિલ્પમાં મને કોઈ અપૂર્ણતા દેખાતી નથી. પૂર્ણતાનું ભાન થતાં પ્રગતિ અટકી પડે છે અને તેથી જ હું રડી રહ્યો છું !’’

• • •

# ૩૫ મનનું એટેન્શન

મનોવૈજ્ઞાનિક વિલિયમ જેમ્સ એક હોટલમાં બેસીને મિત્રો સાથે ગપસપ કરતા હતા. માણસના મનની ભીતરમાં રહેલી દુનિયાનાં દૃશ્યો ચર્ચતા હતા.

માનવીનું ચિત્ત જ એનો સંસાર રચે છે અને એનું જગત ઘડે છે. એના સુખ કે દુ:ખનું કારણ મન હોય છે. મન એને જે, જેવું અને જેટલું બતાવે, એટલું જ એ નિરખે છે. મનની જેવી દૃષ્ટિ હોય, તેવી આસપાસની સૃષ્ટિ લાગે.

માનવીનું મન કેવું સંકુલ અને ચંચળ છે એની ચર્ચા ચાલતી હતી. એવામાં વિલિયમ જેમ્સે ચોંકાવનારું વિધાન કર્યું,

''જુઓ, માનવીના મનને જો અમુક પ્રકારની તાલીમ આપવામાં આવે તો માનવી મશીન બની જાય છે. એવી વાસ્તવિક પરિસ્થિતિ ભૂલીને એ મશીનની પેઠે વર્તન કરવા લાગે છે.''

એક મિત્રએ વિલિયમ જેમ્સની વાત અંગે આશ્ચર્ય પ્રગટ કર્યું. એણે કહ્યું, ''માનવીના મનને મશીન બનાવવું શક્ય નથી. એને ગમે તેટલી તાલીમ આપો તો પણ મનને મશીન બનાવી શકાય નહીં.''

વિલિયમ જેમ્સે આજુબાજુ નજર ફેરવી. જોયું તો એક સૈનિક હોટલના કાઉન્ટર પરથી પીવા માટે ચાની ટ્રે લઈને આવતો હતો. વિલિયમ જેમ્સે જોરથી બૂમ પાડી,

''એટેન્શન.''

આ સાંભળીને પેલો સૈનિક તરત જ બે હાથ સીધા કરીને ટટ્ટાર ઊભો રહી ગયો. ચાની ટ્રે એના હાથમાંથી પડી ગઈ.

લશ્કરમાંથી નિવૃત્ત થયે દસેક વર્ષ થઈ ગયા હતા છતાં 'એટેન્શન' શબ્દ સાંભળતાં જ એ તરત જ બે હાથ સીધા રાખીને ટટ્ટાર ઊભો રહી ગયો.

વિલિયમ જેમ્સે કહ્યું, ''જુઓ, માનવી કેવો મશીન બની જાય છે તેનો આ નમૂનો. હું તો માત્ર 'એટેન્શન' જ બોલ્યો અને આ સજ્જન તો હાથ સીધા રાખીને ઊભા રહી ગયા. આ કોઈ લશ્કરી છાવણીમાં નથી, પરંતુ એક રેસ્ટોરન્ટમાં છે પણ હજી વર્ષોથી 'એટેન્શન' સાંભળીને એને અનુસરવાની આદત ભૂલ્યા નથી.''

મિત્રોએ કહ્યું, ''આ તે કેવું ? માનવીનું મન યંત્રવત્ વર્તે, તો એના મુક્ત વિચારનું શું ?''

વિલિયમ જેમ્સે કહ્યું, ''મુક્ત વિચાર સામે મશીન જેવું મન સમસ્યા સર્જે છે. સરમુખત્યારો પ્રજાના મન પર આવો કાબૂ જમાવે છે. દેશને એક દિશામાં દોરી જાય છે. કોઈ ધર્મઝનૂની ધર્મની વાતથી મનની આસપાસ દીવાલો ચણી દે છે. નેપોલિયન અને હિટલરમાં આથી તારણહાર દેખાય છે. પ્રજા મુક્ત બનીને મનથી જાગે, ત્યાં તો સરમુખત્યારશાહીની બેડીમાં બંધાઈ ચૂકી હોય છે.''

• • •

## ૩૬ એકલો ખાય, તેને કરડે

મહારાજા પ્રસેનજિત એક નવી રીતે વિચારતો રાજવી હતો.

સામાન્ય પરંપરા એવી હતી કે જે પાટવી કુંવર હોય તે ગાદીએ બેસે. મહારાજા પ્રસેનજિતે એ પરંપરા તોડવાનો વિચાર કર્યો.

એણે વિચાર્યું કે મારા એકસો પુત્રમાંથી જે સૌથી યોગ્ય હશે તેને ગાદી સોંપીશ. આ એકસો રાજકુમારોની પરીક્ષા કરવાનો એણે વિચાર કર્યો.

એણે બધા રાજકુમારોને ભોજન માટે નિમંત્રણ આપ્યં

ભોજન શરૂ કરવાની સૂચના મળતાં રાજકુમારોએ ખાવાનું શરૂ કર્યું. હજી પહેલો કોળિયો મોંમાં મૂકે તે પહેલાં ચારે બાજુથી શિકારી કૂતરાઓ ધસી આવ્યા.

રાજકુમારો આનાથી ડરીને ભાગવા લાગ્યા. ભોજન ભોજનને ઠેકાણે રહ્યું. આવી પરિસ્થિતિ હોય ત્યારે બીજો વિચાર કઈ રીતે થઈ શકે ?

એક માત્ર સૌથી નાનો રાજકુમાર શ્રેણિક નિરાંતે બેસી રહ્યો. એ ડર્યો કે ભાગ્યો નહીં.

બીજે દિવસે રાજસભા ભરાઈ. અમાત્ય, રાજગુરુ અધિકારીઓ અને નગરના પ્રતિષ્ઠિત સજ્જનો બેઠા હતા.

આ સમયે રાજા પ્રસેનજિતે બધા રાજકુમારોને બોલાવ્યા. નવ્વાણું રાજકુમારોએ તો અધિકારીઓની અવ્યવસ્થા માટે આક્રોશ ઠાલવ્યો. મહારાજાએ એમને સખતમાં સખત સજા

કરવી જોઈએ એવું સૂચન કર્યું.

રાજાએ પૂછ્યું, ''કાલે કોઈ રાજકુમાર ભોજન કરી શક્યો ખરો ?''

એક માત્ર શ્રેણિકે એમ કહ્યું કે એણે નિરાંતે ભોજન કર્યું હતું.

રાજા પ્રસેનજિતે કહ્યું, ''બીજા બધા રાજકુમારો ભારે સમજદાર કહેવાય. શિકારી કૂતરા આવ્યા એટલે ભોજન છોડીને ભાગી ગયા. પણ તમે ત્યાં કઈ રીતે રહ્યા ? કૂતરાએ તમને કેમ ફાડી ખાધા નહીં ?''

શ્રેણિકે કહ્યું, ''મહારાજ, જે એકલો ખાય છે એને કૂતરાઓ કરડે છે. મારી સામે એકસો ભોજનથાળ હતા. કૂતરાઓ આવતા ગયા તેમ હું થાળ સરકાવતો ગયો. એમણે પણ ખાધું. જે એકલો ખાય છે એને કૂતરો કરડે છે. જે બીજાને ખવડાવીને ખાવાનું જાણે છે એને કૂતરો કરડતો નથી. બહારની પરિસ્થિતિથી મેં મનને શાંત રાખ્યું અને નિરાંતે ભોજન લીધું.''

મહારાજા પ્રસેનજિતે શ્રેણિકને રાજગાદી સોંપી.

રાજા પ્રસેનજિતે જોયું કે રાજકુમાર શ્રેણિક બીજાનો વિચાર કરે છે. પોતાનો વિચાર કરનાર માત્ર સત્તા જમાવતો હોય છે. બીજાનો વિચાર કરનાર પ્રજાના હૃદય-સિંહાસન પર બિરાજમાન થાય છે.

• • •

# ૩૭ બગડે તે બે

નમિરાજ નામના એક મહાન રાજવી થઈ ગયા. એમના ધન-વૈભવનો કોઈ પાર નહિ. એમના અંતઃપુરમાં દેશ-દેશની રૂપવતી રમણીઓ હતી.

નમિરાજના સુખનો પાર નહોતો, પરંતુ જીવનમાં ભરતી પછી ઓટ આવે એ રીતે એકાએક આફત આવી. આજ સુધી એમને રૂપનું-દેહનું અભિમાન હતું. હવે એ દેહ જ દુઃખદાયી લાગ્યો.

નમિરાજના દેહમાં એકાએક ભયંકર રોગ ફાટી નીકળ્યો. જ્વરને કારણે એમનું શરીર તરફડતું હતું. વેદનાથી એ ચીસો પાડતા હતા. અંગેઅંગેમાં લાય બળતી હતી.

નમિરાજની રાણીઓ ચંદન ઘસવા બેઠી. એમને રાજવીના દેહ પર ચંદનનું વિલેપન કરવું હતું, જેથી એનાં બળતાં અંગોને થોડી ટાઢક મળે.

રાણીઓએ હાથે રત્નકંકણ પહેર્યાં હતાં. કેવાં સુંદર રત્નકંકણ ! કોઈ કવિ હોય તો જોઈને ડોલી જાય. કોઈ ઝવેરી હોય તો જોઈને મોહી જાય.

ચંદન ઘસવા બેઠેલી રાણીઓનાં કંકણો એકબીજા સાથે અથડાવા લાગ્યાં. એ મધુર અવાજ નમિરાજના કાનમાં શૂળની પેઠે ભોંકાવા લાગ્યો.

એકાએક ગુસ્સાથી નમિરાજ બોલી ઊઠ્યા :

"અરે ! આવો કર્કશ અવાજ બંધ કરો. એક તો શરીરની

આટલી વેદના છે અને તેમાં પાછો આવો કર્કશ અવાજ કોણ કરે છે ? મંત્રીરાજ, શેનો અવાજ છે આ ?''

મંત્રીએ કહ્યું : ''મહારાજ ! આ અવાજ તો રાણીઓનાં રત્નકંકણોનો છે.''

નમિરાજ બોલ્યા : ''ઓહ ! એક સમયે કેવો મીઠો મધુર લાગતો હતો એ રત્નકંકણનો અવાજ ! આજે એ કાનમાં સીસું રેડે તેવો લાગે છે. એક વાર જેને સાંભળવા માટે હું ઝંખતો હતો, એ જ રત્નકંકણનો અવાજ આજે સાંભળવો ગમતો નથી.''

મંત્રી કશું કહે તે પહેલાં ચતુર રાણીઓ વાત સમજી ગઈ. કંકણનો અવાજ આપોઆપ બંધ થઈ ગયો.

નમિરાજને આશ્ચર્ય થયું. એમણે મંત્રીને પૂછ્યું, ''હવે કેમ અવાજ આવતો નથી ?''

મંત્રીએ કહ્યું : ''મહારાજ ! રાણીઓએ એમના હાથ પરથી એક-એક કંકણ કાઢી નાંખ્યું. એમના હાથે એક કંકણ રહેવાથી હવે અવાજ આવતો નથી.''

નમિરાજના હૃદયમાં એકાએક આનંદનો સૂર્ય પ્રગટ્યો. તેઓ બોલી ઊઠ્યા :

''એકમાં શાંતિ, બેમાં અશાંતિ.''

• • •

## ૩૮ સ્મરણ અને સ્મારક

શહેનશાહ સિકંદર જેવો મહાન વિજેતા હતો એવો જ વિચારક હતો. એ વિરાટ રાજમહેલમાં રહે. એની નજીકમાં એક સુંદર બગીચો બનાવ્યો.

બગીચામાં સુંદર રંગબેરંગી ફૂલો થાય. દેશદેશનાં વૃક્ષો ઊગે. બગીચાની શોભા અપાર. જાણે કુદરત સોળે કળાએ શણગાર સજીને રૂમઝૂમતી ન હોય !

આ સુંદર બગીચામાં દુનિયાભરના મહાપુરુષોની મૂર્તિ ખડી કરી. આ મૂર્તિઓ એવી સુંદર કે ન પૂછો વાત !

એક દિવસ શહેનશાહ સિકંદરને ત્યાં કોઈ વિદેશી રાજવી આવ્યા. એની મહેમાનગતિમાં સિકંદરે મણા ન રાખી.

રાજવીએ સિકંદરના શાહી બગીચાની વાત સાંભળી હતી. બગીચાનાં બાવલાંઓની કુશળ કામગીરીની પ્રશંસા જાણી હતી.

શાહી મહેમાને સિકંદર સમક્ષ બગીચામાં ઘૂમવાની ઇચ્છા વ્યક્ત કરી. શહેનશાહ સિકંદર પોતે જ વિદેશી રાજવીને લઈને બગીચામાં ગયો.

એક પછી એક મૂર્તિ બતાવતો જાય. પેલા વિદેશી રાજવી પૂછે, ‘‘અરે, આ મૂર્તિ કોની છે ?’’

શહેનશાહ સિકંદર એની ઓળખ આપે. એમ બંને જણા આગળ વધે.

ગ્રીસના વીરપુરુષોની છટાદાર મૂર્તિઓ જોઈ. મહાકવિ હોમરની મૂર્તિ નિહાળી. તત્ત્વચિંતક પ્લેટોની વિચારમગ્ન

મુખમુદ્રા જોઈ. સિકંદરના ગુરુ એરિસ્ટોટલની જ્ઞાનગરિમાવાળી પ્રતિમા જોઈ.

આમ એક પછી એક બધી મૂર્તિઓ જોવાઈ ગઈ. વિદેશી રાજવીએ બગીચાની બહાર આવીને પૂછ્યું,

"સમ્રાટ ! બેઅદબી માફ કરજો. આ બધી મૂર્તિઓ જોઈ, પણ આપનું બાવલું તો ક્યાંય જણાયું નહિ ! શું કોઈ આનાથીય મોટા બગીચામાં કે ઊંચા મિનારા પર આપે આપનું બાવલું રાખ્યું છે ?"

સિકંદરે જવાબ વાળ્યો, "ના, મેં કોઈ મોટા બગીચામાં કે ઊંચા મિનારા પર મારી મૂર્તિ રાખી નથી. આ બગીચામાં પણ નથી. મેં મારી મૂર્તિ ક્યાંય મૂકી જ નથી."

વિદેશી રાજવી કહે, "અરે ! આપ જગતના સમ્રાટ અને આપની મૂર્તિ નહીં ? જગતના વીરપુરુષોમાં તો તમે ક્યારનું આગવું સ્થાન મેળવી લીધું છે. પછી તમારી તો મૂર્તિ હોવી જ જોઈએ ને ?"

સિકંદરે જવાબ વાળ્યો, "રાજવી, મારી પ્રતિમા મૂકું અને આપણી પછીની પેઢીને પૂછવું પડે કે આ બાવલું કોનું છે એ મને પસંદ નથી. એ કરતાં બાવલું મૂકું જ નહિ અને માણસો પૂછે કે સિકંદરનું બાવલું ક્યાં છે ? એ મને વધારે પસંદ છે. આ જ માનવીનું સાચું સ્મારક છે."

સિકંદરના જવાબથી વિદેશી રાજવીની બધી ભ્રમણા દૂર થઈ.

• • •

# ૩૯ દેહ છતાં વિદેહી

મહાન બ્રહ્મવેત્તા. મહારાજા જનક વિદેહના રાજવી હતા. એમની પાસે ઉચ્ચ આધ્યાત્મિક જ્ઞાન હતું. બ્રહ્મ, આત્મા અને પરલોક વિશે તેઓ મહાજ્ઞાની ગણાતા હતા.

મહારાજા જનક વિદેહી કહેવાતા હતા. મજાની વાત એ હતી કે એમને દેહ હતો છતાં વિદેહી તરીકે ઓળખાતા હતા.

એક વાર સભામાં કોઈ યુવાન દરબારીએ પ્રશ્ન કર્યો, ''મહારાજ! આ તે કેવું વિચિત્ર કહેવાય ? આપ દેહધારી છો છતાં વિદેહી તરીકે વિખ્યાત છો ? આ તે કેવો વિરોધાભાસ ?''

મહારાજા જનક હસ્યા, પણ એ સમયે યુવકની વાત પર લક્ષ્ય આપ્યું નહીં.

એ પછી કેટલોક કાળ વીતી ગયો. પેલા યુવકના મનમાંથી સંદેહ તો ગયો જ ન હતો. એવામાં મહારાજા જનકે એને ભોજન માટે નિમંત્રણ આપ્યું.

યુવકના આનંદની કોઈ અવધિ રહી નહીં. એને થયું કે આ તો કેવો સુયોગ ! આવું માન મળેલું જોઈને યુવક ખુશખુશાલ થઈ ગયો.

બપોરે જમવા જવાનો હતો, પણ ત્યાં જ એને વળી એક દુઃખદ ખબર મળી : રાજાએ એને મૃત્યુદંડ આપ્યો. આથી યુવકને ફાંસીએ ચડવાનું હતું.

યુવક વિચારમાં પડ્યો કે આ તે કેવું ? બપોરે રાજમહેલમાં

ભોજનનું નિમંત્રણ મળે અને પછી થોડી જ વારમાં ફાંસીની સજા !

યુવક મન મારીને રાજમહેલમાં જમવા ગયો. રાજા જનકે વડા રસોઈયાને તાકીદ કરી હતી કે યુવકના ભોજનમાં સહેજે મીઠું નાખવું નહીં. યુવકને મહારાજા જનકે આગ્રહપૂર્વક ભોજન કરાવ્યું. યુવકને સામે મોત દેખાતું હતું. એને વળી બીજું ક્યાંથી યાદ આવે ?

ભોજન બાદ મહારાજા જનક એને પોતાના દીવાનખંડમાં લઈ ગયા, અને યુવકને પૂછ્યું, ''કેમ, ભોજન બરાબર કર્યું ને ? એમાં કશી ખામી તો નહોતી ને ?''

ઊંઘમાંથી ઝબકીને જાગે તેમ યુવાન એકાએક વિચારવા લાગ્યો. એ બોલ્યો, ''ઓહ, મેં ભોજન તો લીધું, પણ મને કશું જ યાદ નથી. સામે મોત દેખાતું હોય પછી શું યાદ આવે ? મારી તો સઘળી સૂધબૂધ ખોવાઈ ગઈ હતી. મૃત્યુનો ભય એવો હતો કે મનમાં બીક અને ફફડાટ સિવાય બીજું કશું નહોતું.''

મહારાજા જનકે કહ્યું, ''જુઓ, તમે બીક અને ફફડાટ છોડી દો. ડર પામવાની કશી જરૂર નથી. તમને કંઈ મૃત્યુદંડ આપવાનો નથી. આ તો મેં એક યુક્તિ રચી હતી. મારે બતાવવું હતું કે જે વ્યક્તિ મૃત્યુને જોઈ શકે છે તે દેહ હોવા છતાં વિદેહી થઈ જાય છે. દેહની મર્યાદાઓથી એ મુક્ત બની જાય છે. દેહની સ્થિતિ કે દેહની આસપાસની પરિસ્થિતિથી એ પર થાય છે. તમે પળવાર અનુભવી, તે હું સદા અનુભવું છું.''

• • •

# ૪૦ સુખનું પહેરણ

વિદર્ભ દેશના રાજાનું નામ આનંદવર્ધન હતું, પણ એના જીવનમાં દુઃખનો કોઈ પાર નહોતો.

આખી જિંદગી સુખની આશામાં કાઢી. અને સુખ તો ક્યારેય મળ્યું નહિ.

ચિત્તમાં સદા તૃષ્ણાએ વાસ કર્યો અને એ તૃષ્ણા અતૃપ્તિની આગ પેટાવતી જ રહી.

સુખનાં સાધનોની તૃષ્ણામાં એણે દુઃખનો દરિયો ખડો કર્યો.

રાજા આનંદવર્ધને આનંદ પામવા માટે સામ્રાજ્યનો વિસ્તાર કર્યો, પરંતુ સામ્રાજ્ય વધતાં એની રહીસહી શાંતિ છીનવાઈ ગઈ.

ભવ્ય અને વિરાટ મહેલ બાંધીને મોજથી જીવવા પ્રયત્ન કર્યો, પરંતુ મહેલની વિશાળતાએ એને માટે સલામતીની નવી ચિંતાઓ ઊભી કરી. એણે સુવર્ણ અને સંપત્તિની પાછળ દોટ મૂકી. અપાર ભંડાર મળ્યો, પરંતુ એની ઊંઘ છીનવાઈ ગઈ. દિવસ અકળામણમાં જાય અને રાતે ઊંઘ વેરણ બને. ચિત્તને ખુશ રાખવા માટે મિજબાની અને મહેફિલો કરી. એની પાછળ અઢળક ધન વાપર્યું પરંતુ આ બધું પૂર્ણ થયે રાજા આનંદવર્ધન શાંતિથી વિચારતો કે મિજબાનીમાંથી કોઈ મોજ મળી ખરી ?

આમ રાજા આનંદવર્ધને પ્રસન્ન રહેવા માટે ઘણી કોશિશ કરી, પરંતુ એના બધા જ પ્રયત્નો વ્યર્થ ગયા. એના

ચહેરા પર સદાય નિરાશા અને ઉદાસી વસવા લાગી.

આખરે આનંદવર્ધન એક જ્ઞાની પુરુષ પાસે પહોંચ્યો. એણે કહ્યું કે, "મારી સુખની લાલસા સદાય વણછીપી રહી છે. મારી તૃષ્ણા સદાય મને દઝાડતી રહી છે. મારી આશાઓ માત્ર નિરાશાની જનની જ બની રહી. હવે કરવું શું ?"

જ્ઞાની પુરુષે આનંદવર્ધનને હૈયાધારણ આપતાં કહ્યું, "હે રાજન્ ! તમારે પૂર્ણ સુખ મેળવવું હોય તો તેનો ઉપાય સાવ સરળ છે. જે કોઈ ખરેખર સુખી હોય એનું પહેરણ લઈ આવ. એ પહેરવાથી તને પૂર્ણસુખની પ્રાપ્તિ થશે."

રાજાએ સાચા સુખની શોધ માટે ચારેકોર રાજસેવકોને દોડાવ્યા. ઠેર ઠેર તપાસ કરી. રાજ્યનો ખૂણેખૂણો શોધી વળ્યા. ઘણી તપાસને અંતે જંગલમાં એક આનંદમસ્ત સુખી માણસ મળી આવ્યો.

આ સમાચાર સાંભળી રાજા આનંદવર્ધનની ખુશીનો પાર ન રહ્યો. એણે મનમાં વિચાર્યું કે એનું પહેરણ મળતાં હું સાચા અર્થમાં આનંદવર્ધન કહેવાઈશ.

એ ખરેખરા સુખી માણસને રાજસભામાં બોલાવ્યો અને રાજાએ એનું પહેરણ માગ્યું ત્યારે આનંદના ફુવારા છોડતું મસ્ત હાસ્ય કરીને એણે કહ્યું,

"ઓહ ! મેં તો કદી પહેરણ પહેર્યું જ નથી."

• • •

# ૪૧ વૈભવમાં ખુદા

બલ્ખનો સમ્રાટ ઈબ્રાહીમ આદમ. જેટલું મોટું રાજ્ય ધરાવતો હતો એટલો જ દરિયાવ દિલ માનવી હતો. સદા ખુદાની તલાશ કરે.

એનો વૈભવ અપાર હતો, પરંતુ ક્યારેક એનું મન વૈભવને બદલે વૈરાગ્યમાં ડૂબી જતું. ક્યારેક ખુદાને બંદગી કરતો કે મારે તને પામવો છે. તું મને મળીશ કઈ રીતે ? તું મળી જાય તો મારું જીવન ધન્ય બની જાય.

એક વાર શાહી મહેલની વિશાળ અગાસીમાં સમ્રાટ મીઠી નીંદ માણી રહ્યો હતો.

એવામાં કશો અવાજ સંભળાયો. સમ્રાટની ચેનની નીંદમાં ખલેલ પડી.

મધરાતે કોઈ બારણું ખટખટાવી રહ્યું હતું !

સમ્રાટના ગુસ્સાનો પાર ન રહ્યો. એણે અગાસીમાંથી જ અવાજ કર્યો, ‘‘અરે કોણ છે ? આટલી કાળી રાતે નીંદ હરામ કરે છે ?’’

નીચેથી જવાબ મળ્યો, ‘‘શહેનશાહ, એ તો હું ઊંટવાળો છું.’’

સમ્રાટ કહે, ‘‘અલ્યા, આ અડધી રાતે તને મારું શું કામ પડ્યું ?’’

ઊંટવાળો કહે, ‘‘ખુદાવંદ ! માફ કરજો ! પણ હું બેહદ પરેશાન છું. મારું ઊંટ ખોવાઈ ગયું છે. વહેલી સવારથી શોધું

છું, પણ મળતું નથી. મને થયું કે કદાચ અહીં આવ્યું હોય તો......"

સમ્રાટ કહે, "તું સાવ પાગલ લાગે છે. અહીં તે ઊંટ શી રીતે આવ્યું હોય ? મારા મહેલની અગાસીમાં તારું ઊંટ શોધવા આવ્યો છે ?"

ઊંટવાળાએ જવાબ વાળ્યો, "સમ્રાટ ! હું પાગલ છું, તો તમે પણ ક્યાં પાગલ નથી ?"

સમ્રાટ કહે : "તારી અક્કલ તો ઠેકાણે છે ને ? આવી ગુસ્તાખીની સજા જાણે છે ને ?"

ઊંટવાળો કહે : "હા, નામદાર ! મારી પેઠે તમેય પાગલ છો. આટલા વૈભવમાં રહીને તમે ઈશ્વરને શોધી રહ્યા છો, તે પાગલપન નહીં તો બીજું શું કહેવાય ? જો તમને આ મહેલમાં અને આટલા વૈભવમાં ઈશ્વર મળી જાય છે તો મને તમારા મહેલની અગાસીમાં મારું ઊંટ કેમ ન મળે ?"

આટલું બોલીને ઊંટવાળો તો જતો રહ્યો. પણ એના જવાબથી સમ્રાટના દિલ અને દિમાગમાં ખળભળાટ મચી ગયો.

આ બનાવથી સમ્રાટ ઈબ્રાહીમ આદમને સચ્ચાઈની ખબર પડી. તેણે ખુદાની તલાશ માટે મહેલ છોડીને જંગલની વાટ લીધી.

• • •

# ૪૨ સુખ અને દુઃખ

સોલોમન અત્યંત બુદ્ધિશાળી માનવી હતો. પશ્ચિમની દુનિયાનો એ બીરબલ ગણાય. અટપટા કોયડા ઉકેલે. અવનવા અર્થ તારવે.

એક વાર રાજાએ સોલોમનને પ્રશ્ન પૂછ્યો. પૂછવાનો હેતુ તો પોતાની બડાશ હાંકવાનો હતો. રાજાએ સોલોમનને સવાલ કર્યો, ''અરે ! બુદ્ધિશાળી સોલોમન ! મારા એક પ્રશ્નનો ઉત્તર આપ. મને કહે કે જગતનો સહુથી સુખી માનવી કોણ ?''

રાજા તો ધારતો હતો કે સોલોમન એમને જ સુખી કહેશે. પરંતુ સોલોમને જુદો જ જવાબ વાળ્યો. એણે મૃત્યુ પામેલા ત્રણ અજ્ઞાત માણસોનાં નામ આપ્યાં. અને એમને જગતના સૌથી સુખી માનવીઓ કહ્યા.

સોલોમને વધુમાં કહ્યું, ''મહારાજ ! આ જગતમાં જીવતો હોય એવો કોઈ સુખી માનવી નથી, કારણ કે આજે જે વિજય મેળવે છે, તે કાલે પરાજય પામે છે. આજે જે અમીર હોય છે તે કાલે ગરીબ બની જાય છે. કાલની તો શું, પણ હવે પછી આવનારી પળની પણ માનવીને ખબર નથી. આથી જ સુખ સાથે મૃત્યુ પામેલા ત્રણ માણસોનાં નામ આપ્યાં. કોઈ જીવતો માણસ તો સુખી હોય જ ક્યાંથી ?''

રાજાના ગુસ્સાનો પાર ન રહ્યો. એને આમાં પોતાનું અપમાન લાગ્યું. સોલોમનને એણે કેદમાં પૂર્યો. વખત વહેવા લાગ્યો અને વાત પલટાવા લાગી. પડોશના રાજવીએ ચડાઈ કરી અને રાજાને કેદ પકડ્યો.

દુશ્મન સામે તો દયા ક્યાંથી હોય ? એણે હારેલા રાજાને જીવતો સળગાવી મૂકવાનો હુકમ કર્યો. હારેલા અને મુશ્કેટાટ બાંધેલા રાજાની આસપાસ આગ ચાંપવામાં આવી. એની જ્વાળાઓ

રાજાની સમીપ પહોંચી. આ સમયે રાજાને બુદ્ધિશાળી સોલોમનની વાત યાદ આવી.

એક વાર પોતાને સૌથી સુખી માનનાર રાજા આજે દુઃખના દાવાનળમાં સપડાતો હતો. એ એકાએક પોકારી ઊઠ્યો,

"સોલોમન ! સોલોમન ! સોલોમન !"

વિજયી રાજવીને નવાઈ લાગી. આ શું ? પેલો તરફડિયાં મારવાને બદલે આવા પોકાર કેમ કરે છે ? આમાં એને કોઈ ભેદ રહેલો લાગ્યો. જીતનાર રાજાએ તરત જ અગ્નિ ઠારવાનો હુકમ કર્યો અને પરાજિત રાજાને એની સામે ખડો કરવામાં આવ્યો.

હારેલા અને હાથકડીથી બંધાયેલા રાજાએ પોતાનો ભૂતકાળ કહ્યો. સોલોમન સાથેનો પ્રસંગ વર્ણવ્યો અને અંતે આંસુ સાથે એટલું ઉમેર્યું,

"આજે જ્યારે આગ મારા શરીર સુધી આવી પહોંચી, ત્યારે મને સોલોમનની વાત એકદમ યાદ આવી ગઈ. એ કહેતો હતો કે જ્યાં સુધી મનુષ્ય આ સંસારમાં જીવતો છે, ત્યાં સુધી કોણ સુખી છે અને કોણ દુઃખી છે, તે કહી શકાય જ નહિ ! સુખ કે દુઃખના આવવા-જવાનો સમય કોઈ જ કહી શકતું નથી, એવી એની વાત સાવ સાચી પડી. ગઈકાલ સુધી હું મારી જાતને જગતનો સૌથી સુખી માનવી માનતો હતો. આજે મારી આવી દશા થશે એવી તો કદી કલ્પના પણ કરી ન હતી."

હારેલા રાજાની આ વાત સાંભળીને વિજયી રાજાની આંખ ખૂલી ગઈ. એણે પરાજિત રાજાને રાજગાદી પાછી સુપ્રત કરી દીધી તેમજ કારાવાસમાં રહેલા સોલોમનને મુક્તિ આપી.

• • •

**૪૩** 

# ઈનામ શાનું ?

બગદાદ શહેરમાં ખૂબ મોટી આગ લાગી. એવામાં વળી પવન ફૂંકાયો, એટલે આગ ચોતરફ ફેલાવા લાગી.

સમયસૂચકતા વાપરીને બિન કાસિમ અને તેનાં કુટુંબીજનો તો બળતા ઘરમાંથી બહાર નીકળી ગયાં. પરંતુ બે ગરીબ ગુલામો એમાં સપડાઈ ગયા.

બિન કાસિમ અનેરો અમીર હતો. એને મન તવંગર અને ગુલામ સરખા હતા.

બિન કાસિમ આ બે ગુલામોને ઉગારવા માટે વારંવાર મોટા-મોટા ઇનામની જાહેરાત કરે. કદાચ કોઈ મરજીવો સાંભળે અને આગમાં ઝંપલાવીને સપડાયેલા ગુલામોને બચાવે. પણ કોઈ ઇનામનો પડકાર ઝીલવા આગળ વધતું નહોતું. એવું કોણ હોય કે જે સામે ચાલીને રિબામણા મોતને સ્વીકારી લે !

એવામાં ફરતાં ફરતાં એક ઓલિયો આવી ચઢ્યો. એણે આ અમીરને હાંફળો-ફાંફળો બનીને આમતેમ આંટા લગાવતો જોયો. મોટેથી બૂમો પાડતો જોયો. ઓલિયાએ પાસે જઈને અમીરને પૂછ્યું, ‘‘અરે ! એવી તે કઈ આફત તમારે માથે ચડી આવી છે કે તમે આટલા બધા અકળાઈ ગયા છે ?’’

‘‘અરે, મારા બે નેક ગુલામો આ આગમાં સપડાઈ ગયા છે. એમનો કોઈ બચાવો ! કોઈ બચાવો ! નહિ તો આ આગમાં બળીને એ ખાખ થઈ જશે.’’

‘‘ઓહ ! આટલી જ વાત છે ને !’’ આમ કહીને પેલો ઓલિયો ફકીર તો આગમાં કૂદી પડ્યો. બળબળતી આગ અને

ઘેરાયેલા ધુમાડા વચ્ચેથી જગ્યા કરતો એ પેલા ગુલામો પાસે જઈ પહોંચ્યો. એકને ખભે બેસાડી બહાર લાવ્યો. વળી આગમાં ઝંપલાવ્યું અને બીજાને પણ બહાર લઈ આવ્યો.

અમીરના આનંદનો પાર ન રહ્યો. પોતાના ગુલામોને એ ભેટી પડ્યો. એની આંખમાં હર્ષનાં આંસુ હતાં.

પેલો ઓલિયો ફકીર તો આગળ ચાલવાની તૈયારી કરતો હતો. અમીરે જોરથી બૂમ પાડીને એને અટકાવ્યો અને કહ્યું : ''અરે ! મર્દ અને મસ્ત માનવી ! તું ક્યાં ચાલ્યો ? થોડીવાર થોભી જા.''

ઓલિયાએ અમીર ભણી નિહાળતાં કહ્યું, ''અરે ભાઈ, હવે મારું શું કામ છે ? મને જવા દે.''

''અરે ! એમ તે કાંઈ જવાય ? જતાં પહેલાં તમારું ઇનામ તો લેતા જાઓ.''

''અરે ભાઈ ! આમાં તે વળી ઇનામ શેનું ?''

અમીર બિન કાસિમે કહ્યું, ''આગમાં ફસાઈ ગયેલા મારા ગુલામોને બહાર કાઢે તેને માટે મેં એક હજાર દીનારનું ઇનામ જાહેર કર્યું હતું. તમે એ કામ કર્યું છે. માટે ઇનામ લેતા જાઓ.''

ઓલિયા ફકીરે હસતાં હસતાં કહ્યું, ''અરે અમીર, આ તો મારું કામ હતું. એમાં ઇનામ શાનું ? બીજા આદમીને આપત્તિ વખતે મદદ કરવી એ હરેક ઇન્સાનની ફરજ છે. મેં મારી ફરજ બજાવી છે. એથી વિશેષ કશું કર્યું નથી.''

• • •

## ૪૪ સબસે ઊંચી પ્રેમસગાઈ

આ દેશ પર અંગ્રેજોનું રાજ ચાલતું હતું.

દેશને આઝાદ થવું હતું. તેને માટે દેશે પરદેશી સરકારની સામે લડત શરૂ કરી. અંગ્રેજ સરકારે દેશના નેતાઓને જેલમાં પૂર્યા.

ગાંધીજી તો નેતાઓનાયે નેતા. એટલે સરકાર તેમને પહેલા પકડે. ગાંધીજીને યરવડા જેલમાં રાખવામાં આવ્યા.

આફ્રિકાનો સીદી આ જેલમાં હતો. તેને પોતાની ભાષા સિવાય બીજી કોઈ ભાષા આવડતી નહોતી. જેલના ઉપરીએ તેને ગાંધીજી પાસે મૂક્યો.

ગાંધીજીની ભાષા એ ન સમજે. એની ભાષા ગાંધીજી ન સમજે. બંને ઈશારાથી વાત કરે, ને કામ ચલાવે.

સીદીને ગાંધીજી વિશે કશી ખબર નહિ. બીજા કેદીની માફક એમને એક કેદી જ ગણે. ક્યારેક સીદી આરામમાં હોય તો ગાંધીજી પાસે ઈશારાથી પાણી માગે. ગાંધીજી એને સ્નેહથી પાણી આપે. ગાંધીજી પોતાના ભોજનમાંથી એને સારો એવો ભાગ આપે.

ભાષાની દીવાલને પાર બંને વચ્ચે લાગણીનો વ્યવહાર ચાલે. ધીરે ધીરે સીદીને પણ ગાંધીજી માટે આદર જાગ્યો. બોલે તો શું, પણ આંખથી એનો આદર વ્યક્ત કરે.

એક વાર આ સીદીને વીંછીએ ડંખ માર્યો. વીંછીના ડંખની વેદના બહુ ભારે.

સીદી વેદના સહન કરી શક્યો નહીં. તે રડતો રડતો ગાંધીજી પાસે આવ્યો.

ગાંધીજીએ રડતા સીદીની પીઠ પર હાથ ફેરવ્યો ને પ્રેમના બે-ચાર શબ્દો કહ્યા.

પણ ડંખની વેદના વધતી જતી હતી. સીદી પોક મૂકીને રડવા લાગ્યો.

ગાંધીજીનું દિલ આ જોઈને દયાથી પીગળી ગયું. તેમણે તેની આંગળીને બરાબર સાફ કરી. પછી તે આંગળી મોંમાં લઈને ચૂસવા લાગ્યા.

ચૂસતા જાય ને ઝેર થૂંકતા જાય. આ પ્રમાણે તેમણે ત્રણ-ચાર વાર કર્યું.

સીદીની વેદના ઓછી થઈ ગઈ. ઘણું ઝેર ઊતરી ગયું.

થોડું ડંખમાં રહી ગયું હતું તેને દવા કરીને ઉતાર્યું.

રડતો સીદી હસી ઊઠ્યો. તે ગાંધીજીને પગે પડ્યો.

તે દિવસથી તેણે ગાંધીજીને ગમતું કામ કરવાનો ઠરાવ કર્યો.

તેણે જોયું કે ગાંધીજીને રેંટિયો ગમે છે. તેણે રોજ રોજ કાંતવા માંડ્યું.

ગાંધીજીની સોબતમાં તો તે બીજી પણ ઘણી સારી વાતો શીખ્યો. પ્રેમે એને પલટી નાંખ્યો.

● ● ●

## ૪૫ લયલા અને મજનૂ

લયલા અને મજનૂ. એવાં પ્રેમી કે બંને પળનોય વિરહ સહન કરી શકે નહિ. એવામાં મજનૂને વિરહ સહેવાનો વારો આવ્યો.

વિરહના તાપમાં મજનૂ તરફડવા લાગ્યો. આખો દિવસ રસ્તા પર રઝળવા લાગ્યો. લયલા-લયલા-લયલાના નામની બૂમો લગાવવા માંડ્યો. જ્યાં જ્યાં લયલા સાથે ફર્યો હતો, ત્યાં બેસીને કલ્પાંત કરવા લાગ્યો. ઘોર અંધારી રાતે પણ એ ઊંઘમાંથી ઝબકી જતો અને લયલાના નામની વેદનાભરી ચીસો પાડતો.

રાત-દિવસ બસ એક જ વાત - મારી લયલા ક્યાં ? ક્યારેક મજનૂ બહાવરો બનીને રાહદારીઓને પૂછતો કે એની લયલાને તમે જોઈ છે ખરી ? ક્યાં છે એ ? મને એની ભાળ બતાવશો ખરા ?

ગામના રાજાને મજનૂના બેહાલની ખબર પડી. એને વિરહી મજનૂ પર દયા આવી. મજનૂને પોતાની પાસે બોલાવ્યો, અને પ્યારથી એનો વાંસો પંપાળતાં કહ્યું,

"અલ્યા મજનૂ ! તું તો ખરો પ્રેમી છો. આખો દિવસ લયલા-લયલા કર્યા કરે છે. નથી રાત જોતો - નથી દિવસ; નથી પૂરું ખાતો-પીતો."

મજનૂએ કહ્યું : "લયલા વિના એક પળ એકસો વર્ષ જેવી લાગે છે. લયલા વિના મારું હૈયું તરફડે છે. મારો આત્મા ઝૂરી-ઝૂરીને આંસુ સારે છે."

રાજા ખડખડાટ હસી પડ્યો અને બોલ્યો, ‘‘અરે મજનૂ ! જોઈ તારી લયલા ! આમ શું ગાંડો થઈ ગયો છે ! તને લયલા-લયલા કરતો જોઈને મને થયું કે લાવ, એક વાર લયલાને જોઉં તો ખરો કે એ કેવી સુંદર છે ? મેં તારી લયલાને જોઈ. એ તો સાવ સામાન્ય છોકરી છે. મને તો એમ કે તું આટલો બધો વલોપાત કરે છે તો એ કેવીય સુંદર રમણી હશે ! ખરેખર તારા જેવો બેવકૂફ મેં કોઈ બીજો જોયો નથી. હવે ચાલ, મારી સાથે.’’

રાજા મજનૂને પોતાના અંતઃપુરમાં લઈ ગયો. એમાંથી સુંદરીઓને બોલાવી. એમને બતાવતાં મજનૂને કહ્યું, ‘‘જો મજનૂ, તારી લયલા તો આ સુંદરીઓનાં રૂપ અને કામણ આગળ કશીય વિસાતમાં નથી. તારા માટે આપણા રાજ્યમાંથી આ બાર સુંદરીઓ આણી છે. આમાંથી એકને પસંદ કરી લે. લયલાની પાછળ ખુવાર થવાનું રહેવા દે.’’

મજનૂ ખડખડાટ હસી પડ્યો. એણે કહ્યું : ‘‘આમાંની એકેય સુંદરી મારી લયલાની તોલે આવી શકે તેવી નથી.’’

રાજા તાડૂકી ઊઠ્યો અને બોલ્યો, ‘‘શું બેવકૂફ જેવી વાત કરે છે ? તારી લયલાના ચહેરામાં, આંખમાં કે હોઠ પર આવી નજાકત છે જ ક્યાં ?’’

મજનૂએ ઉત્તર આપ્યો, ‘‘મહારાજ, લયલાની સુંદરતા જોવી હોય તો એ માટે મજનૂની આંખો જોઈએ. જો મજનૂની આંખ નહિ હોય તો લયલાની સુંદરતા તમને દેખાશે નહિ.’’

• • •

## ૪૬ પાયાની વાત

શિયાળાની કડકડતી ઠંડી હતી. આવે સમયે એક બ્રાહ્મણ નદી તરફ સ્નાન કરવા માટે જતો હતો. હાડ સોંસરવો નીકળી જાય એવો ઠંડો, કાતિલ પવન વાતો હતો. બ્રાહ્મણ ઠંડીમાં ધ્રૂજતો હતો.

આવી વહેલી સવારે અનાથપિંડકની દાસીપુત્રી પૂર્ણિમા પાણી ભરવા જતી હતી. એણે આ ઠંડીથી ધ્રૂજતા બ્રાહ્મણને નદી તરફ જતો જોયો અને આશ્ચર્ય થયું.

પૂર્ણિમા પણ આ સમયે પાણી ભરવા નીકળી હતી. એ પણ નદીકિનારે આવી. એણે બ્રાહ્મણને નદીનાં ઠંડા પાણીમાં ઊતરતો જોયો. આવી થીજી જવાય તેવી ઠંડીમાં બ્રાહ્મણને પાણીમાં ઊતરતો જોઈ દાસીપુત્રી પૂર્ણિમાએ પ્રશ્ન કર્યો,

‘‘આપ શા માટે આટલા બધા ઠંડા પાણીમાં ઊતરી રહ્યા છો ? મારે તો મારા શેઠના ગુસ્સાના ભયથી આવી કારમી ઠંડીમાંય નદીએ પાણી ભરવા આવવું પડે છે. પણ આપ કયા ભયને કારણે પાણીમાં ઊતરી રહ્યા છો ?’’

બ્રાહ્મણે કહ્યું, ‘‘હે દાસીપુત્રી ! શું તું એ વાત નથી જાણતી કે હું પાપકર્મોથી છૂટવા માટે દરરોજ નદીકિનારે સ્નાન કરવા આવું છું? ગમે તેવી કાતિલ ઠંડી હોય કે પછી ગમે તેટલો મુશળધાર વરસાદ વરસતો હોય તેમ છતાં હું નિયમિત રીતે મારાં પાપકર્મોથી છૂટવા સ્નાન કરવા આવું છું. તને ખબર હોવી જોઈએ કે સ્નાન કરવાથી પાપ ધોવાય છે અને પુણ્ય પ્રાપ્ત થાય છે.’’

દાસીપુત્રી પૂર્ણિમાએ વિચિત્ર પ્રશ્ન કર્યો, "તમે સરિતામાં સ્નાન કરો છો તેથી પાપ ધોવાઈ જાય છે, પણ તે જ રીતે તમારું પુણ્ય તો ધોવાતું નહિ હોય ને ? સાચું સ્નાન એ તો આંતરસ્નાન છે. બાહ્યસ્નાનથી શું વળે ?"

બ્રાહ્મણે કહ્યું, "તને ક્યાંથી સ્નાનનો ખ્યાલ હોય ? આવા સ્નાનથી તો પાપકર્મ ધોવાય."

દાસીપુત્રી પૂર્ણિમા બોલી, "વાહ ! તમે ય ખરા ! પાપકર્મ કરીને તેને ધોવા જવું, એના કરતાં પાપકર્મો કરવાં જ નહિ એ પાયાની વાતનો વિચાર કેમ કરતા નથી ? જો પાપકર્મો થાય જ નહિ તો પછી એને ધોવા જવાનો સવાલ જ ન રહે ને ?"

દાસીપુત્રી પૂર્ણિમાની વાતમાંથી બ્રાહ્મણને એક નવી દૃષ્ટિ મળી ગઈ. એને સમજાયું કે જીવનની જાગૃતિ જરૂરી છે.

બાહ્ય ક્રિયાથી કશું નહિ વળે. ખરી જરૂર તો આંતર પરિવર્તનની છે. શરીર પરનો મેલ દૂર કરવાથી કશું નહિ વળે. મનનો મેલ અને હૃદયના વિકાર કાઢવાની જરૂર છે. શુદ્ધ હૃદય કે પવિત્ર જીવન હોય, તો પછી આવા બાહ્ય સ્નાનની જરૂર શી ?

જો વ્યક્તિ જાગ્રત હશે તો પાપકર્મ થશે જ નહીં. પછી પાપો ધોવાનો સવાલ ક્યાંથી પેદા થાય ?

• • •

## ૪૭ જનનીની જોડ

કુરુક્ષેત્રના મેદાન પર મહાભારતનું યુદ્ધ ખેલાયું. કૌરવો અને પાંડવો વચ્ચે અઢાર દિવસ યુદ્ધ ચાલ્યું.

આ યુદ્ધે સમગ્ર ભારતવર્ષ પર પ્રભાવ પાડ્યો. પિતામહ ભીષ્મ અને ગુરુ દ્રોણાચાર્ય આ યુદ્ધમાં સદાને માટે પોઢી ગયા. કર્ણ અને અભિમન્યુ જેવા ઉત્કૃષ્ટ વીરોનો સંહાર થયો.

મહાભારતનું યુદ્ધ સમગ્ર રાષ્ટ્રને ધમરોળી ગયું. શ્રીકૃષ્ણ જેવાની હાજરીમાં મહાસંહાર થયો. ભયંકર રક્તપાત થયો. અઢાર-અઢાર દિવસ સુધી રોજ સવારથી સાંજ લોહિયાળ રણસંગ્રામ ખેલાયો.

મહાભારતનું ભીષણ યુદ્ધ પૂરું થયું અને પાંડવોનો વિજયોત્સવ હજી હમણાં જ ઊજવાયો હતો. પાંડવોના વિજયના ઉલ્લાસ અને આનંદના પડઘા હજુ વાતાવરણમાં ગુંજી રહ્યા હતા.

એવામાં મધરાતે વિજયના કેફમાં સહુ કોઈ સૂતા હતા, ત્યારે અશ્વત્થામાએ હલ્લો કર્યો. દ્રૌપદીના પાંચ પુત્રોની ક્રૂર હત્યા કરી, એ નાસી છૂટ્યો.

વિજયનો મહાસાગર વિષાદના ઉલ્કાપાતમાં ફેરવાઈ ગયો. આનંદને બદલે ચોમેર આક્રંદ સંભળાવા લાગ્યું. ચોતરફ હાહાકાર મચી ગયો.

દ્રૌપદીને અનહદ વેદના થતી હતી. હજી હમણાં જ કૌરવોના પરાજયથી વેર અને અપમાનની આગ બુઝાઈ હતી,

ત્યાં જ માથે આભ તૂટી પડ્યું. દ્રૌપદી પોતાનાં સંતાનોની આવી ક્રૂર હત્યા જોઈને વારંવાર બેશુદ્ધ બનીને ધરતી પર ઢળી પડતી હતી.

નાસી છૂટેલા હત્યારા અશ્વત્થામાને પકડવા માટે ભીમ અને અર્જુને દોટ મૂકી. વેરાન જંગલમાંથી એને પકડી લાવીને દ્રૌપદી પાસે હાજર કર્યો.

શ્રીકૃષ્ણે દ્રૌપદીને કહ્યું, 'આ છે તારાં સંતાનોનો હત્યારો. એના અપરાધની એને કેવી સજા મળવી જોઈએ ? ભીમની ગદાનો એક પ્રહાર કે અર્જુનના શસ્ત્રનો એક જ વાર એનું માથું ધડથી જુદું કરી શકે તેમ છે. કહે, શી સજા કરીએ ?''

દ્રૌપદીની આંખોમાંથી ચોધાર આંસુ વહેતાં હતાં. પાંચ-પાંચ પુત્રોની હત્યાની વેદનાના બોજથી એનું હૃદય દબાઈ ગયું હતું. એણે હીબકાં ભરતાં કહ્યું,

'ઓહ ! પુત્રવિયોગની પીડા કેટલી દારુણ હોય છે ? મને તો એનો સાક્ષાત્ અનુભવ થઈ ચૂક્યો. પણ હું આની વૃદ્ધ માતાને આવો અનુભવ કરાવવા માગતી નથી. એને મારશો નહીં. માતૃહૃદયની વેદના કેટલી બધી પીડાદાયક હોય છે ! મારે એ વેદના અશ્વત્થામાની માતા અનુભવે એવું કરવું નથી. એને છોડી દો.'

અને હત્યારા અશ્વત્થામાને છોડી દેવામાં આવ્યો.

• • •

## ૪૮ કાલ કોણે દીઠી છે !

મહારાજ યુધિષ્ઠિર હસ્તિનાપુરની ગાદીએ બિરાજતા હતા. જ્ઞાની અને દાની તરીકે એમની ઘણી મોટી નામના.

એક દિવસ બારણે યાચક આવ્યો. એણે મહારાજ યુધિષ્ઠિર પાસે યાચના કરી.

યુધિષ્ઠિર રાજાને એની યાચના યોગ્ય જણાઈ. મનમાં એને દાન આપવાની ઇચ્છા પણ થઈ કિંતુ સહેજ આળસમાં કહી દીધું,

"ભાઈ, કાલે આવજેને ! કાલે તને જરૂર આપીશ."

યાચકના ચહેરા પર નિરાશાના ભાવ ઊપસી આવ્યા. એને પૂરી આશા હતી કે રાજા યુધિષ્ઠિર પાસેથી દાન જરૂર મળશે અને એનું ઘોર દારિદ્ર્ય ટળશે. પરંતુ એવું કશું નહીં બનવાથી એની સઘળી આશા પર પાણી ફરી વળ્યું.

બાજુમાં બેઠેલો ભીમ વિચારમાં પડી ગયો. યાચક ખાલી હાથે પાછો ફરી ગયો. મનોમન ભીમ વિચારે કે મોટાભાઈએ આવું કહ્યું શા માટે ? શું દાનનો મહિમા તેઓ વીસરી ગયા ?

ભીમ ભારે ઊંડા વિચારમાં ડૂબી ગયો. એને થયું કે જો હું આ વિશે મોટાભાઈને કંઈ કહું તો કદાચ અવિનય લેખાશે. આમ છતાંય મોટાભાઈની ભૂલ તો મારે સુધારવી જ જોઈએ, નહિ તો એમના દાનીપણાને કલંક લાગે.

એકાએક ભીમના મનમાં એક વિચાર ઝબક્યો.

જોશભેર દોટ લગાવીને ચોગાનમાં પહોંચી ગયો. ચોગાનમાં પડેલા નગારાને ખૂબ જોરથી વગાડવા લાગ્યો.

ધર્મરાજા યુધિષ્ઠિરે નગારાનો સાદ સાંભળ્યો. તેઓ તો નવાઈ પામી ગયા. એમણે કહ્યું,

“અરે ! અત્યારે આવા સમયે વળી કોણ નગારું વગાડી રહ્યું છે ?”

સેવકોએ તપાસ કરી, ખબર લાવ્યા કે આ તો ખુદ એમનો નાનો ભાઈ ભીમ નગારું વગાડે છે. મહારાજ યુધિષ્ઠિરે ભીમને બોલાવ્યો અને પૂછ્યું,

“અરે ભીમ ! તું નગારું વગાડતો હતો ? શા માટે ?”

“મોટાભાઈ ! તમે કાળને જીતી લીધો, સમયને બાંધી લીધો એના આનંદના ઉત્સાહમાં હું નગારું વગાડતો હતો.” ભીમે જવાબ આપ્યો.

મહારાજ યુધિષ્ઠિર તરત જ ભીમસેનની વાત સમજી ગયા. એમણે રાજસેવકોને આજ્ઞા કરી :

“જાઓ ! જલદી જાઓ ! ઠેર ઠેર ઘૂમી વળો ! પેલા યાચકને હમણાં જ બોલાવી લાવો.”

ચોમેર માણસો દોડી ગયા. થોડા જ સમયમાં યાચકને લઈને આવી ગયા. ધર્મરાજાએ યાચકને કહ્યું, “મેં તને કાલનો વાયદો કર્યો હતો, એ મારી ભૂલ હતી. મારે જે કામ કરવાનું છે તે આજે જ કરવું જોઈએ. વાયદાનો વેપાર આમાં ન ચાલે.”

આમ કહી યુધિષ્ઠિરે યાચકને દાન આપીને સંતુષ્ટ કર્યો.

• • •

## ૪૯ ભૂલ મારી છે

ગોપાલકૃષ્ણ ગોખલે.

ભારતના મહાન નેતા. સમાજનાં અનિષ્ટો સામે લડત આપનારા સમાજસુધારક અને એવા જ નિર્ભીક પત્રકાર હતા.

દેશની આઝાદી માટે ચાલતાં આંદોલનોમાં એમણે ભાગ લીધો. ભારત સેવક સમાજની સ્થાપના કરીને દેશસેવાના ભેખધારીઓ તૈયાર કર્યા.

ગોપાલકૃષ્ણ ગોખલે કૉલેજમાં અંગ્રેજી સાહિત્ય અને ગણિતના અધ્યાપક તરીકે કાર્ય બજાવે. વાંચન પણ વિશાળ હતું. ગાંધીજી એમને પોતાના રાજકીય ગુરુ કહીને માન આપતા હતા. ત્રણ-ત્રણ દાયકા સુધી ગોપાલકૃષ્ણ ગોખલેએ દેશસેવા કરી. જ્ઞાતિપ્રથાનો વિરોધ કર્યો. કન્યાકેળવણીને પ્રોત્સાહન આપ્યું.

ગોપાલકૃષ્ણ ગોખલે જુદાં જુદાં અખબારોમાં લેખો લખતા હતા. 'ક્વાર્ટર્લી' નામના મુખપત્રના તંત્રી હતા. વળી 'રાષ્ટ્રભાષા સમાચાર' નામનું સામયિક ચલાવતા હતા. એમની કલમમાંથી દેશસેવા, સમાજસુધારો અને જનજાગૃતિના અનેક વિચારો શબ્દદેહ પામતા હતા.

ઘરમાં બેસીને લેખ લખે.

બાજુમાં એમનો નાનો દીકરો બેઠો બેઠો લેસન કરે.

લખતાં-લખતાં શાહી ખૂટી.

ગોખલેજીએ પુત્રને કહ્યું, ''બેટા, ખડિયો લઈ આવ તો.''

એમનો પુત્ર ખડિયો લાવ્યો. ગોખલેજી લખવામાં મશગૂલ હતા. એમણે હાથ લાંબો કર્યો, પણ વાત વિપરીત બની.

એમના દીકરાએ ખડિયો એમના હાથમાં આપ્યો, પણ લખવામાં પરોવાયેલા ગોખલેજી પોતાના હાથમાં એને બરોબર પકડે એ પહેલાં હાથ છોડી દીધો.

ખડિયો ગાલીચા પર પડ્યો. શાહી બધી ઢોળાઈ ગઈ અને ખડિયો ફૂટી ગયો. નાના બાળકે આ જોયું અને ડરી ગયો. ડરના માર્યો થરથર ધ્રૂજવા લાગ્યો. એને એમ કે હમણાં પિતાજીનો માર ખાવો પડશે.

ગોખલેજીએ પૂછ્યું, ''બેટા ! ખડિયો કેવી રીતે પડી ગયો ?'

પુત્રે કહ્યું, ''પિતાજી, હું આપના હાથમાં એ બરાબર આપી શક્યો નહિ તેથી.''

ગોખલેએ એને ટપલી મારીને કહ્યું, ''ના, એમ ન કહે. મેં બરાબર ખડિયો પકડ્યો નહોતો તેથી.''

બાળકે ફરી કહ્યું, ''ના, ના, પિતાજી ! ના. એવી વાત નથી. ભૂલ મારાથી જ થઈ.''

મહાનુભાવ ગોખલેએ ફરી કહ્યું,

''ના, ના, મારું મન લેખમાં રોકાયેલું હતું અને બેધ્યાનપણે જ ખડિયો પકડવા ગયો. ખડિયો પકડવા મારે મારું ચિત્ત એ તરફ રાખવું જોઈતું હતું. મેં મારી ફરજનું સરખી રીતે પાલન ન કર્યું. ભૂલ તારી નહિ, પણ મારી છે.''

● ● ●

# આચરણ એ ધર્મ

શ્રી કેશવચંદ્ર સેન.

બ્રહ્મોસમાજના સુપ્રસિદ્ધ તત્ત્વવેત્તા.

કેશવચંદ્ર સેન (૧૮૩૮-૧૮૮૪) દેશનું ચિંતન કરે, સમાજનું ચિંતન કરે અને ઈશ્વરપ્રાપ્તિ માટેના માર્ગનો વિચાર કરે.

કેશવચંદ્ર સેન સમાજના સુધારા માટે સતત કામ કરતા હતા. એમનો હેતુ દેશમાં નવજાગૃતિ લાવવાનો હતો. ગરીબો માટે રાહત કેમ્પ કરતા. નિશાળોને સહાય કરીને શિક્ષણનો પ્રસાર કરતા. સહુ કોઈ સરળતાથી ખરીદી શકે એવું સસ્તું સાહિત્ય પ્રગટ કરતા.

એમણે બાળલગ્નનો વિરોધ કર્યો. વિધવા પુનર્વિવાહનો વિચાર કર્યો. એથી આગળ વધીને આંતરજ્ઞાતી લગ્નની સિફારશ કરી. ઈ.સ. ૧૮૭૦માં ઇંગ્લૅન્ડના પ્રવાસે ગયા અને રાણી વિક્ટોરિયાને પણ મળ્યા. કેશવચંદ્ર સેન સર્વત્ર આદર પામતા હતા. સ્વામી રામકૃષ્ણ પરમહંસની નામના સાંભળી. તેઓ એક વાર સ્વામી રામકૃષ્ણ પરમહંસને મળવા ગયા. શ્રી રામકૃષ્ણ પરમહંસ તો સદાય ભક્તિમાં લીન હોય.

કેશવચંદ્ર સેને રામકૃષ્ણને પ્રશ્ન કર્યો, ‘‘મારા મનમાં ઘણા વખતથી દ્વિધા છે. મારે તમારી પાસેથી એનું સમાધાન જોઈએ છે.’’

શ્રી રામકૃષ્ણે કહ્યું, ''પહેલાં કઈ દ્વિધા છે એની વાત તો કરો.''

કેશવચંદ્ર સેને કહ્યું, ''મને એમ થાય છે કે ખૂબ ભણેલાગણેલા લોકો પણ સંસારની માયામાં ફસાયેલા રહે છે. તેઓ બધું જાણે છે, છતાં સંસારની લાલસા અને વૃત્તિઓને સહેજે અળગી કરી શકતા નથી, આનું કારણ શું હશે ? તેમનામાં જ્ઞાનનો ઉદય કેમ થતો નથી ?''

સ્વામી રામકૃષ્ણ બોલ્યા, ''માત્ર વિદ્યાથી જ્ઞાન મેળવી શકાતું નથી. વિદ્યાથી તો શુદ્ધ ઉચ્ચાર, પંડિતાઈ અને અટક્યા વગર શ્લોકો બોલી શકે. બ્રહ્મ, પરબ્રહ્મ, પ્રકૃતિ, ભક્તિયોગ જેવા આધ્યાત્મિક વિષયો પર વાદવિવાદ કરીને શ્રોતાઓને ચકિત કરી શકીએ, પરંતુ આપણું મન જો ભક્તિથી દ્રવીને પરમાત્મા તરફ ન જાય તો સઘળું પાંડિત્ય વ્યર્થ જશે. માત્ર સા, રે, ગ, મ જેવા સ્વરોનું ઉચ્ચારણ કશા કામનું નથી. સ્વરો લયની સાથે બોલવાથી જ સંગીત જાગે છે.''

કેશવચંદ્ર સેન રામકૃષ્ણની વાણી સાંભળી રહ્યા. શ્રી રામકૃષ્ણએ એક દૃષ્ટાંત આપતાં કહ્યું, ''જુઓ, સમડીઓ આકાશમાં બહુ ઊંચે શુદ્ધ હવામાં ઊડતી હોય છે. પણ તેની સાથે જ તેની નજર નીચે પડેલા મરેલા પ્રાણીનાં માંસ તથા હાડકાં પર જ રહે છે. આ રીતે વૈરાગ્ય અને જ્ઞાનની વાતો જાણવી કે કહેવી સરળ છે, પણ આચરવી કઠણ છે.''

• • •

## ૫૧ મૂળની મહત્તા

આધુનિક ચીનના નિર્માતા ગણાય છે માઓ-ત્સે-તુંગ. લેનિન અને માર્ક્સની વિચારસરણીના મહાન પુરસ્કર્તા બન્યા. સમય આવ્યે સ્વયંસેવક તરીકે યુદ્ધમાં ઝુકાવ્યું. એ પછી સામ્યવાદી ચળવળમાં માઓ-ત્સે-તુંગે ભાગ લીધો.

ચીન પર અડધી સદી સુધી માઓ-ત્સે-તુંગનો પ્રભાવ રહ્યો. એમણે પોતાના વિચારો ગ્રંથોમાં રજૂ કર્યા. એમણે અનેક ભાષણો આપ્યાં.

ચીનના પ્રજાજીવન પર કોન્ફ્યુશિયસ પછી સૌથી વધુ પ્રભાવ માઓ-ત્સે-તુંગ(ઈ.સ. ૧૮૯૩-૧૯૭૬)નો જોઈ શકાય.

માઓ-ત્સે-તુંગના બાળપણની આ વાત છે. તેમની માતાને બગીચો ખૂબ ગમતો. છોડની ભારે માવજત કરે. એકેએક છોડની સંભાળ લે. જાતે જ ખાતર અને પાણી નાખે.

બગીચામાં એવાં સુંદર ફૂલો ખીલતાં હતાં કે ક્યાંય દૂરદૂરથી લોકો ઉદ્યાનનો આનંદ માણવા અને ફૂલોની રંગભરી શોભા નિરખવા આવતા હતા.

બન્યું એવું કે માઓની માતા બીમાર પડી. એને બીમારીને બદલે વધુ તો બગીચાની ચિંતા હતી.

કોણ આ બગીચાની સંભાળ રાખશે ? કોણ સમયસર પાણી પાશે ?

નાનકડો માઓ માતાની મૂંઝવણ પારખી ગયો. એણે માતાને કહ્યું કે, “બગીચાની તું સહેજે ફિકર ન કરીશ. ફૂલ-

છોડ બરાબર સાચવીશ. પૂરતી કાળજી લઈશ.''

માઓ રોજ સવારથી સાંજ સુધી બગીચાની સાચવણમાં વ્યસ્ત રહેવા લાગ્યો.

એકાદ મહિના બાદ એની માતા સાજી થઈ. તરત જ બગીચામાં આવી પહોંચી. એણે બગીચો જોયો તો દુઃખનો પાર ન રહ્યો. છોડ સૂકાઈ ગયા હતા, ફૂલો કરમાઈ ગયાં હતાં.

માતાએ માઓને ઠપકો આપ્યો અને કહ્યું,

''આખો દિવસ બગીચામાં રહીને તું શું કરતો હતો ?''

માઓ રડવા લાગ્યો. રડતાં રડતાં એણે કહ્યું, ''મને પણ આ વાત સમજાતી નથી. હું આખો દિવસ બગીચામાં રહેતો હતો. એકેએક ફૂલને પ્રેમ કરતો હતો. કોઈને ચુંબન પણ કરતો હતો. પાંદડાં પર સહેજ ધૂળ ઊડી હોય તો એના પરની ધૂળ જાળવીને લૂછતો હતો છતાં કોણ જાણે કેમ ફૂલો કરમાતાં ગયાં અને પાંદડાં સૂકાતાં ગયાં.''

માઓની માતા આ સાંભળીને ખડખડાટ હસી પડી અને બોલી, ''તું તો સાવ ગાંડો જ રહ્યો. તને હજી ખબર નથી કે ફૂલોના પ્રાણ ફૂલોમાં નથી અને પાંદડાનાં પ્રાણ પાંદડાંમાં હોતા નથી. એ તો જમીનમાં છુપાયેલા મૂળમાં હોય છે.''

• • •

# ૫૨ ગીત ન જડ્યું !

કવિવર રવીન્દ્રનાથ ટાગોર. આધુનિક ભારતના સર્વશ્રેષ્ઠ બંગાળી કવિ ગણાય.

ઈ.સ. ૧૯૧૩માં 'ગીતાંજલિ' માટે એમને સાહિત્યનું નોબેલ પારિતોષિક પ્રાપ્ત થયું. તેઓ કુશળ ચિત્રકાર હતા અને રવીન્દ્ર સંગીતના પ્રવર્તક હતા. શાંતિનિકેતનમાં શિક્ષણ આપવાનો અનોખો પ્રયોગ કર્યો. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે ભારતને રાષ્ટ્રગીત આપ્યું.

કવિવર રવીન્દ્રનાથ ટાગોરનો જન્મ ૧૮૬૧ની ૭મી મેએ કલકત્તાની જોડાસાંકોની ઠાકુરવાડીમાં થયો હતો. કવિએ એંશી વર્ષનું આયુષ્ય ભોગવ્યું. ૧૯૪૧ની ૭મી ઑગસ્ટે જ્યાં જન્મ્યા હતા ત્યાં જોડાસાંકોની ઠાકુરવાડીમાં તેઓ અંતિમ શ્વાસ લઈ રહ્યા હતા.

એમની આજુબાજુ સ્નેહીજનો અને મિત્રો બેઠા હતા. સ્વજનો મળવા આવતા હતા. એવામાં એક સ્વજને કવિવરને કહ્યું,

"કેટલા બધા ભાગ્યશાળી છો તમે ? છ હજાર જેટલાં તો મધુર ગીતો લખ્યાં ! તમારાં એ ગીતોને કોણ ભૂલી શકે ?"

કવિવર રવીન્દ્રનાથ ટાગોર આંખો બંધ કરીને સૂતા હતા.

પેલા સ્નેહીજને વિશેષ પ્રશંસા કરતાં કહ્યું, "તમને કેટલો બધો આત્મસંતોષ થયો હશે ! કવિવર, જીવનની આખરી વેળાએ કેટલી બધી સંતૃપ્તિનો અનુભવ થતો હશે

આપને ! આટલાં ગીતો તો કોઈએ સર્જ્યાં નથી !"

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે આંખ ઉઘાડી અને કહ્યું, "ભાઈ, શાંત રહો. મારે વાતચીત ચાલે છે."

સ્વજને પૂછ્યું, "આપ તો મૌન છો અને કહો છો કે વાતચીત ચાલે છે ?"

કવિવર બોલ્યા, "હું પરમાત્મા સાથે વાતચીત કરું છું. એને કહું છું કે મારે જે ગીત ગાવાં હતાં એ તો હજી હું ગાઈ શક્યો નથી."

"તો પછી આ છ હજાર ગીત રચ્યાં શા માટે ?"

કવિવર બોલ્યા, "એ ગીત ગાવાના પ્રયત્નમાં મેં છ હજાર ગીત લખ્યાં છે, પરંતુ હું જે ગીત ગાવા ચાહતો હતો એ હજી પ્રગટ્યું નથી કે ગવાયું નથી. એ તો મારા હૃદયમાં રહેલું છે. છ હજારવાર હું પ્રયાસ કરી ચૂક્યો, છતાં જે કહેવું હતું તે કહી શક્યો નથી."

સ્વજને પૂછ્યું, "તો તમે પરમાત્માને શું કહેતા હતા ?"

"પરમાત્માને કહેતો હતો, હજી તો હું માંડ ગીતની ધૂન બેસાડી શક્યો છું. હજી ગાયું છે ક્યાં ? અને હજી સાજ સરખા કરી શક્યો ત્યાં જવાનો સમય પાકી ગયો ! મારા એ ગીતનું શું ?"

• • •

# ૫૩ અપરિગ્રહનો આદર્શ

રવિશંકર મહારાજ ગામડામાં ફરતા હતા. લોકોને દયા-દાનની વાતો કરતા હતા. સાંજની વેળાએ એક ડોશી એમની પાસે આવી. ડોશી હતી તો દરિદ્રનો અવતાર ! મોં પર કરચલીઓ, સાડલો સાવ જૂનો અને તેય વળી ફાટેલો. ડોશીની દશા જોઈને એમ લાગ્યું કે એ જરૂર કશુંક માગવા આવી છે. પણ એણે વાત કરી ત્યારે તો ભારે આશ્ચર્ય થયું. એ કશુંક આપવા આવી હતી.

એણે કહ્યું : "મા'રાજ ! હું તો ગરીબ માણસ. તમને શું આલું ? મારી કણે તો દહ બકરીઓ છે. એમાંથી એક દૂઝણી બકરી આલું તો લેશો ?"

મહારાજ કહે, "શા માટે નહિ ? અમે બકરીનું દાન પણ લઈએ છીએ, પણ હું કંઈ અહીં રહેવાનો નથી. એટલે અહીંના જ કોઈ લાયક માણસને બકરી આપી દઈશું. તમે કહો તેને આપીએ."

થોડી વાર ડોશીએ વિચાર કર્યો પછી બોલ્યાં, "મા'રાજ ! અમારા ગામમાં એક ભંગીનો છોકરો છે. નથી મા કે બાપ. સાવ એકલો છે, બિચારો. ઈને આલો તો ?"

પૂજ્ય રવિશંકર મહારાજે પેલા ભંગીના છોકરાને બોલાવડાવ્યો. એને કહ્યું, "જો, આ માજી તને એક બકરી આપે છે. તું એને જાળવીશ ?"

પેલા છોકરાએ તો ભારે આનંદથી હા પાડી. બકરી તેને આપવામાં આવી. તેની ખુશીનો પાર ન રહ્યો. વળી બીજે દિવસે ડોશી આવ્યાં. આવીને મહારાજને કહે, "મા'રાજ ! મારી પાસે બે ઘર છે અને હું છું એકલી. એક ઘરમાં હું રહું છું અને બીજામાં બકરીઓને રાખું છું. પણ મા'રાજ, મને થયું કે બકરીઓ તો વાડામાં ય રહી શકે. માટે મારું બીજું ઘર પણ દાનમાં લઈ લો."

રવિશંકર મહારાજ આ વૃદ્ધ નારીની ત્યાગવૃત્તિ જોઈને સ્તબ્ધ બની ગયા. એમણે કહ્યું, ''માજી ! તમારા ગામમાં કોઈ ઘર વગરનો માણસ છે ખરો ? આપણે એને આપીએ.''

થોડો સમય વિચાર કરીને ડોશી બોલ્યાં, ''હા, મા'રાજ ! એક રાવળિયો છે. ગામની ચોકી કરે છે. જો ઈને આલશો તો બહુ રાજી થશે.''

પૂજ્ય રવિશંકર મહારાજે તો રાવળિયાને બોલાવડાવ્યો. એને પૂછ્યું, ''તારી પાસે ઘર છે ખરું ?''

''ના, મહારાજ ! નથી.''

મહારાજે પૂછ્યું, ''તો કેમ બાંધતો નથી ?''

રાવળિયાએ કહ્યું : ''બાંધું તો ખરો મા'રાજ ! પણ કોઈ ગભાણની જમીન આલતું નથી.''

''આ ડોશીમા તને રહેવા ઘર આપે તો તે લઈશ ?''

રાવળિયાએ હા ભણી. મહારાજે હસતાં હસતાં કહ્યું : ''પણ જો, એક શરત. આ ડોશી જીવે ત્યાં સુધી તારે એની સેવા કરવી પડશે !''

સેવાની વાત સાંભળતાં જ ડોશી તરત બોલી ઊઠ્યાં : ''ના, ના, મા'રાજ ! એની પાંહે નથી ને મારી પાંહે એક વધારાનું પડ્યું છે એટલે હું આલું છું. મારે એની પાસે સેવા નથી કરાવવી. મારી તો તમને એટલી વિનંતી છે કે એવું કંઈક લખીને આપો કે હું મરી જાઉં પછી પણ એ ઘર એની પાસેથી કોઈ લઈ ન લ્યે !''

એ ડોશીએ રાવળિયાને કપાળે કંકુનો ચાલ્લો કરી એને ઘરમાં પ્રવેશ કરાવ્યો. રવિશંકર મહારાજે ગામ છોડ્યું ત્યારે એ ડોશીનું કરચલીવાળું મોં એમની આંખો સામે તરવરી રહ્યું.

• • •

## ૫૪ કાનની વાળી

એક બાદશાહે તાજ બંધાવ્યો જમુનાના ઘાટે. એક શાહે ગગનચુંબી દેરાં બાંધ્યાં શત્રુંજયના પહાડે. એકે ઈશ્કેમિજાજી (પ્રિયાપ્રેમ) બતાવી, બીજાએ ઈશ્કેહકીકી (પ્રભુપ્રેમ) પાછળ અનર્ગળ ધન કુરબાન કર્યું. એ શાહનું નામ મોતીશા ! આંગણે હાથી ઝૂલે. દરિયામાં વહાણ ડોલે. સોનાં-રૂપાં ખજાનામાં અપરંપાર.

એ મોતીશા શેઠના દીકરા ખીમચંદ શેઠ. કાળના વેરાફેરા આવ્યા. પિતાજી ગયા. નાણું ગયું. ધંધો ખોરવાયો. પેઢી કાચી પડી. વિ.સં. ૧૯૦૮ના શ્રાવણ વદ એકમે પેઢી બંધ કરી, સરકારને જાણ કરી.

સ્વજનોએ કહ્યું : ''ધંધામાં તો બધું ચાલે, જોજે, જે હોય તે બતાવી દેતો નહિ, નહિ તો તને બાવો બનાવી દેશે.''

દરિયાવદિલ ખીમચંદ શેઠે કહ્યું : ''જેના માતા-પિતાએ પૈસાને હાથનો મેલ માન્યો છે, એ પૈસા માટે મન મેલું નહિ કરે.''

ખીમચંદ શેઠે દોકડા-પાઈ સાથે હિસાબ કોરટમાં રજૂ કરી દીધો, ઘરેણાં-ગાંઠાંનું પૂરું લિસ્ટ આપી દીધું.

જજ આભો થઈ ગયો. આવો કોઈ શેઠિયો જનમ ધરીને જોયો નહોતો. રે ! કાગળ પર તે આમ કાંડાં કાપી અપાતાં હશે ?

ખીમચંદ શેઠ ધીરે પગલે કોરટની બહાર નીકળી ગયા,

પણ ત્યાં તો હાંફળાફાંફળા પાછા આવ્યા. જજને કહ્યું : ''મારે માફી માગવી છે.''

જજને અચરજ થયું, ''કેમ ?''

''મારા કાનમાં એક વાળી છે. નીલમ, હીરા ને મોતીની છે. મિલકતમાં એ નોંધવી રહી ગઈ છે ! હમણાં કાને હાથ જતાં એ યાદ આવી. નોંધી લો, સાહેબ !''

જજ આ સાંભળી ગળગળા થઈ ગયા.

• • •

'સારશો કોણ કર્તવ્ય મારાં ?'
સાંભળી પ્રશ્ન એ સ્તબ્ધ ઊભાં સહુ,
મોં પડ્યાં સર્વનાં સાવ કાળાં,
તે સમે કોડિયું એક માટી તણું
ભીડને કોક ખૂણેથી બોલ્યું :
'મામૂલી જેટલી મારી ત્રેવડ, પ્રભુ !
એટલું સોંપજો, તો કરીશ હું.'
**(રવીન્દ્રનાથ ઠાકુરના 'કર્તવ્યગ્રહણ'માંથી)**

# ૫૫ સમતા એ જ સાધ્ય

જાજલિ નામના એક તપસ્વીએ ઘોર તપશ્ચર્યા કરી. વૃક્ષની નીચે એ અડગ ઊભો રહ્યો. એની જટામાં પક્ષીઓએ માળો કર્યો. માત્ર માળો જ નહીં, પણ પછી એ જટામાં પક્ષીઓએ ઈંડાં મૂક્યાં, અને બચ્ચાં થયાં.

ઋષિ જાજલિને થયું કે જો એ સહેજ પણ ડગશે તો માળો પડી જશે, અને પક્ષીનાં બચ્ચાં મરી જશે. આથી એ લેશમાત્ર હાલ્યા-ચાલ્યા નહીં. ભિક્ષા માગવા ક્યાંય ગયા નહીં. મહિના સુધી એમ ને એમ ઊભા રહ્યા.

આખરે એક દિવસ પક્ષીનાં બચ્ચાં ઊડવા લાગ્યાં. એટલે ઋષિના મનમાં ગર્વ થયો કે કેવી કઠિન તપશ્ચર્યા પોતે કરી ! ન સહેજે હાલ્યા કે ચાલ્યા ! ઋષિના મનમાં ગર્વ તો માતો નથી. તપના અહંકારથી વનમાં નીકળ્યા, તો કોઈ ભેદી અવાજ સંભળાયો. એ અવાજ કહેતો હતો,

"હે ઋષિ ! અહંકાર કરીશ નહીં. હજી ક્યાં તને જ્ઞાન પ્રાપ્ત થયું છે ? જો સાચો જ્ઞાની જોવો હોય તો કાશીમાં જઈને તુલાધર વૈશ્યને મળી આવ. એની પાસેથી તને જાણ થશે કે સાચો જ્ઞાની કોણ કહેવાય."

ઋષિને પારાવાર આશ્ચર્ય થયું. પોતે આવો મહાન તપસ્વી અને એક સામાન્ય વેપારી પાસે જાય ! એની પાસેથી વળી શું જ્ઞાન મેળવવાનું હોય ? પોતે કેવી કરુણા દાખવી ? વર્ષો સુધી અડગ રહીને પક્ષીઓને કેવાં બચાવ્યાં !

આમ છતાં જાજલિ ઋષિને થયું કે જરા તપાસ તો કરું કે કાશીનો તુલાધર વૈશ્ય કેવો છે ?

ઋષિ તો કાશીમાં ગયા. તુલાધર વૈશ્યની દુકાન શોધી કાઢી. જોયું તો સાવ નાનકડી દુકાન અને બહાર ગ્રાહકોની ભીડ. એણે

જાજલિ ઋષિને જોયા. ઋષિને તો એમ કે એમનો આ સામાન્ય વેપારી ભારે આદરસત્કાર કરશે. પણ વેપારીએ તો ઋષિને જોઈને કહ્યું,

'આવો, બેસો. તમે જ જાજલિ ઋષિ કે ? જેમની જટામાં પક્ષીએ માળો બાંધ્યો હતો. એને સાચવવા તમે અડગ રહીને તપ કર્યું, અને તેનો તમને ગર્વ છે. પણ થોડીવાર બાજુમાં બેસો. આ ગ્રાહકોને પતાવીને પછી વાત કરીએ.''

ઋષિ જાજલિ તો ઊંડા આશ્ચર્યમાં પડી ગયા. ક્યાંથી આ વેપારીને બધી ખબર પડી ગઈ ? નક્કી, સાધનામાં એ મારાથી આગળ છે. પણ આ દુકાનદાર પાસે કોઈ સાધના હોય એમ તો જણાતું નથી.

ગ્રાહકો આવે. કોઈ સારું કહે, તો કોઈ ઝઘડો કરે. કોઈ થોડું સંભળાવી દે. પણ તુલાધર તો શાંતિથી બધાની વાત સાંભળે. કોઈની સામે ક્રોધ કરે નહીં, કે કોઈની સામે રાગ-રોષ નહીં. જાણીતો હોય કે અજાણ્યો, પોતાનો હોય કે પારકો, પણ એક જ સરખો તોલ કરે.

સાંજ પડી. દુકાનનો હિસાબ પૂરો કર્યો ત્યાં સુધીમાં તો ઋષિનો ગર્વ ગળી ગયો હતો. એમણે તુલાધરને પૂછ્યું કે 'મને કોઈ ઉપદેશ આપશો ?'

તુલાધર વૈશ્યે કહ્યું, 'હું તો સામાન્ય દુકાનદાર છું. આપના જેવો તપસ્વી નથી કે કોઈ જ્ઞાની પંડિત નથી. પણ એટલું જાણું છું કે જેમ ત્રાજવાને બે પલ્લાં સમાન થાય તો સંતુલન સધાય છે એ જ રીતે મનના રાગ અને દ્વેષ, ક્રોધ અને પ્રેમ સમાન થાય તો હૃદયમાં એક સમતોલન સધાય છે, અને હૃદય અહંકાર-શૂન્ય બની જાય છે.'

• • •

## ૫૬ ગાયના પગ કેટલા ?

અમેરિકાના સોળમા પ્રમુખ અબ્રાહમ લિંકન. ઉચ્ચ વિચારો અને ઉન્નત આદર્શો ધરાવતા અબ્રાહમ લિંકને માનવતાવાદી તરીકે જગતને નવો આદર્શ આપ્યો.

અબ્રાહમ લિંકનને ગુલામીની પ્રથા મંજૂર નહોતી. એમણે આંતરવિગ્રહનું જોખમ ઉઠાવીને પણ ગુલામીની પ્રથા નાબૂદ કરી. નિખાલસ સ્વભાવના લિંકને અમેરિકાની પ્રજાનું હૃદય જીતી લીધું.

એમને માથે મોત ભમતું હતું છતાં દેશને ખાતર એમણે જીવનની લેશમાત્ર પરવા કરી નહિ. આને માટે લિંકન જાનના જોખમે ઝઝૂમ્યા અને પ્રજાને સર્વનાશના માર્ગેથી ઉગારી લીધી. એકલવીર લિંકનનું હૃદય અત્યંત ક્ષમાશીલ અને કરુણામય હતું.

આવા અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકનને એક વિખ્યાત ધર્મગુરુ મળવા આવ્યા. એમણે લિંકનની સમક્ષ મોટી મોટી વાતો કરવા માંડી. સ્વર્ગના સુખ અને નર્કની સ્થિતિનું વિગતવાર વર્ણન કર્યું.

અબ્રાહમ લિંકન આ બધું જ શાંતિથી સાંભળતા હતા. છેવટે એમણે પ્રશ્ન કર્યો.

''આ સ્વર્ગ અને નર્ક, આ પ્રેમ અને તૃષ્ણા એ કોઈએ પાડેલાં નામ તો નથી ને ?''

ધર્મગુરુ વિચારમાં પડી ગયા. એ જોઈને અબ્રાહમ લિંકને

કહ્યું, ''ચાલો, એ વાત જવા દઈએ. પણ મારે તમને એક વાત પૂછવી છે. ગાયને કેટલા પગ હોય છે ?''

ધર્મગુરુને આશ્ચર્ય થયું. મનમાં વિચાર્યું કે સ્વર્ગ અને નરકની ગહન વાતો કરનારનો આવો પ્રશ્ન ? છતાં એમણે જવાબ આપ્યો, ''ગાયને ચાર પગ હોય છે.''

લિંકને કહ્યું, ''જો ગાયની પૂંછડીને પણ પગ માનવામાં આવે, તો કેટલા પગ થાય ?''

ધર્મગુરુને પ્રશ્ન વિચિત્ર લાગ્યો. છતાં જવાબ વાળ્યો, ''પાંચ પગ થાય.''

આ સાંભળીને લિંકને સવાલ કર્યો, ''શું પૂંછડીને પગ કહેવાથી તે પગ થઈ જાય ખરી ? અરે, પૂંછડી પર ''આ પગ છે'' તેવું લેબલ લગાડીએ તો પણ એ પગ બને ખરી ? એ પૂંછડી પગનું કામ કરી શકે ખરી ? કારણ કે પગ એ માત્ર નામ નથી, પણ પગનું નિશ્ચિત કામ છે. પૂંછડીને ગમે તે નામ આપો. પણ એ પગનું કામ કરી શકશે નહીં.''

પ્રમુખ અબ્રાહમ લિંકનની વાત સાંભળીને ધર્મગુરુ વિચારમાં પડ્યા. આજ સુધી સ્વર્ગ અને નર્કની વાતોની રટણા કરી. કોઈ પ્રત્યક્ષ અનુંભવ તો સાંપડ્યો નહોતો. વાંચેલાં વર્ણનોનું પુનરુચ્ચારણ કર્યું હતું, કિંતુ એનો આ જીવનમાં અર્થ કેટલો ?

• • •

## ૫૭ સેવાનું સ્મારક

રાષ્ટ્રને માટે લડતાં લડતાં ફુગરે પ્રાણ આપ્યા. આખા દેશમાં ફુગરની શહીદીનો ઘેરો શોક વ્યાપી ગયો. લોકોની વેદનાનો પાર ન હતો. છેવટે લોકોએ નક્કી કર્યું કે આ મહાન રાષ્ટ્રભક્તનું સ્મારક રચવું જોઈએ.

દેશના શ્રેષ્ઠ શિલ્પીને બોલાવવામાં આવ્યો. એણે આ કામ ઊલટભેર સ્વીકારી લીધું. આવા મહાપુરુષની પ્રતિમા પોતાને હાથે તૈયાર થાય તેમાં એ પોતાનું સદ્ભાગ્ય સમજતો હતો.

શિલ્પીએ કામનો પ્રારંભ કર્યો, ત્યાં એને એક વિચાર આવ્યો. આ પ્રતિમા અંગે ફુગરની પત્નીનું માર્ગદર્શન લેવું જોઈએ.

ફુગરની પત્નીએ જીવનભર પોતાના પતિની સાથે ખભેખભા મિલાવીને કામ કર્યું હતું. પતિના વિચારો સાકાર કરવા પ્રયત્ન કર્યો હતો. આને માટે ફુગરની પત્નીએ ઘણું બલિદાન આપ્યું હતું. આથી ફુગરનું શિલ્પ તૈયાર કરવા માટે એની પત્નીને મળવાનો વિચાર સહુને યોગ્ય લાગ્યો.

શિલ્પી ફુગરની પત્નીને મળવા ગયો અને કહ્યું,

‘‘દેશવાસીઓની એવી ઇચ્છા છે કે મહાન દેશભક્ત ફુગરની સ્મૃતિમાં એમની એક પ્રતિમા તૈયાર કરવી, જાહેર સ્થળે તે મૂકવી. જેથી દેશના લોકોને અને આવનારી પેઢીને એમની દેશભક્તિનું સ્મરણ થાય. અને એમાંથી સહુને પ્રેરણા મળે.’’

ક્રુગરની પત્નીએ કહ્યું, ''મારા પતિએ દેહ કરતાં દેશનો વિચાર વધુ કર્યો છે. પોતાના કરતાં એમને દેશની પ્રજાને વધુ ચાહી છે. એમણે દેશની રક્ષા માટે પોતાના પ્રાણ પાથરી દીધા, તેથી જરૂર એમના જીવનમાંથી દેશભક્તિની પ્રેરણા મળી શકે તેમ છે. દેશવાસીઓની ઇચ્છા એમનું સ્મારક રચવાની હોય તો તેમાં મારો સૂર પુરાવજો.''

શિલ્પીએ કહ્યું, ''અમને આપનો માત્ર સદ્ભાવ જ જોઈતો નથી, પરંતુ એ અંગે આપનું સૂચન જોઈએ છે. રાષ્ટ્રભક્ત ક્રુગરની પ્રતિમા કેવી બનાવવી તે અંગે તમે કોઈ સૂચન આપશો ?''

ક્રુગરની પત્નીએ કહ્યું, ''આપના જેવા શ્રેષ્ઠ શિલ્પીને હું વળી સૂચન શું કરી શકવાની ? પણ મારી આપને એક વિનંતી છે કે એમની જે મૂર્તિ તમે બનાવો, તેનો માથાનો ભાગ ખુલ્લો રાખજો.''

શિલ્પીના આશ્ચર્યનો પાર ન રહ્યો. ''અરે ! એવું શા માટે ? મૂર્તિના માથાનો ભાગ તે ખુલ્લો રહે ?''

ક્રુગરની પત્નીએ કહ્યું, ''માથાનો ભાગ ખુલ્લો હોય તો એમાં પાણી ભરી શકાય અને એ રીતે તરસ્યાં પક્ષીઓને પાણી મળે. અન્યને ઉપયોગી થાય નહિ તેવું સ્મારક શા કામનું ?''

• • •

# ૫૮ પ્રસિદ્ધિની પરેશાની

ફ્રાંસના પ્રસિદ્ધ ક્રાંતિકાર વોલ્તેરે પોતાની રોજનીશીમાં એક અનુભવ નોંધ્યો છે. આ વોલ્તેર પોતાને મહાન વિચારક માનતો હતો. પોતાના અગાધ જ્ઞાન અને મૌલિક વિચારો માટે સહુ કોઈ એને માન આપે એમ ઇચ્છતો.

વોલ્તેર ગામની બજાર વચ્ચેથી નીકળતો ત્યારે એ ચોતરફ જોતો અને વિચારતો, ''કેવા છે આ લોકો ! આવો મહાન વિચારક પસાર થાય છે અને એને નમસ્કાર પણ કરતા નથી !''

વોલ્તેરને આ જોઈને ખૂબ દુ:ખ થતું. એની અકળામણનો પાર ન રહેતો. પરંતુ કરે પણ શું ? પોતાની ઇચ્છા દર્શાવે પણ કઈ રીતે ?

આવી પરિસ્થિતિથી પરેશાન વોલ્તેર એક એવા ગામમાં ગયા કે જ્યાં ચારેબાજુ એની કીર્તિ ફેલાયેલી હતી. લોકો એને પહેચાનતા હતા. એના ઉત્કૃષ્ટ વિચારોને જાણતા હતા અને એનો આદર કરતા હતા. આ ગામની બજારમાંથી વોલ્તેર નીકળતો હતો ત્યારે કેટલાય એને નમસ્કાર કરતા, કેટલાય એની પાસે આવતા, કેટલાય એની સાથે આદરપૂર્વક વાતચીત કરતા.

શરૂઆતમાં તો વોલ્તેરને આ બધું ખૂબ-ખૂબ ગમતું હતું. પણ ધીરે ધીરે તે આનાથી પરેશાન થવા લાગ્યો. એ બજારમાં નીકળતો અને લોકોની વચ્ચે ઘેરાઈ જતો. માણસોની ભીડમાંથી

નીકળવું એને માટે મુશ્કેલ બની જતું. ક્યારેક તો મૂંઝવણ થાય તેટલી હદે લોકો ઘેરી વળતા.

વોલ્તેર વિચારવા લાગ્યો, ઓહ ! આ લોકો પણ કેવા છે ? મને સુખે જીવવા દેતા નથી. શાંતિથી હરવા-ફરવા દેતા નથી. જેવો મને જુએ છે કે બસ, વળગી જ પડે છે.

વોલ્તેર વિચારક હતો અને એક દિવસ આ પરિસ્થિતિ અંગે વિચાર કરતાં એ ખ્યાલ આવ્યો કે આ સ્થિતિનો સર્જક એ પોતે જ છે, અન્ય કોઈ નથી. પહેલાં અગાઉના ગામમાં એ નીકળતો ત્યારે કોઈ પ્રણામ કરતું નહીં તેથી એને પારાવાર દુઃખ થતું હતું, પણ હવે એ નીકળે છે ત્યારે આ ગામનાં લોકોનાં ટોળેટોળાં ઊભરાય છે અને તેથી પારાવાર દુઃખ થાય છે.

વોલ્તેરે પોતાની ડાયરીમાં લખ્યું કે મેં સામે ચાલીને જ આ આપત્તિ ઊભી કરી છે. માનવી પહેલાં પ્રસિદ્ધિ શોધે છે ! પછી પ્રસિદ્ધિથી પરેશાન થઈને એકાંત ચાહે છે !

• • •

# ૫૯ બાઈબલ અને બગીચો

સર વિન્સ્ટન ચર્ચિલ (૧૮૭૪-૧૯૬૫).

હિટલરના ભય સામે એણે દેશાભિમાન જગાડ્યું. શિક્ષણ મેળવ્યા પછી યુદ્ધ-ખબરપત્રી તરીકે કામ કર્યું.

ઈ.સ. ૧૯૦૦માં બ્રિટનના રૂઢિચુસ્ત પક્ષના સભ્ય તરીકે આમસભામાં ચૂંટાયા. સૈનિક તરીકે ફ્રાંસની ધરતી પર જર્મની સામે લડવા ગયા. ૧૯૩૯ના સપ્ટેમ્બરમાં બીજું વિશ્વયુદ્ધ શરૂ થયું. પછીને વર્ષે ચર્ચિલ વડાપ્રધાન બન્યા. આ બીજા વિશ્વયુદ્ધમાં ઇંગ્લૅન્ડને અને મિત્ર રાજ્યોને વિજય અપાવવામાં ચર્ચિલે મોટો ફાળો આપ્યો. ઇંગ્લૅન્ડને જીત અપાવનાર મહાન મુત્સદ્દી ગણાયા.

યુદ્ધ પછી શાંતિનો કાળ આવે છે. બ્રિટનની પ્રજાએ યુદ્ધના અગ્રણી તરીકે ચર્ચિલને વધાવી લીધો હતો, એ જ ચર્ચિલને શાંતિના કાળમાં વિદાય આપી દીધી ! ચર્ચિલ નિવૃત્ત થયો. એણે રાજકારણને અલવિદા કરી દીધી.

નિવૃત્ત ચર્ચિલને મળવા માટે એનો એક મિત્ર આવ્યો. વૃદ્ધ ચર્ચિલ બગીચામાં છોડ રોપી રહ્યો હતો.

ચર્ચિલના મિત્રને આ પસંદ પડ્યું નહીં. ક્યાં યુદ્ધમાં આખા દેશને કુનેહભરી દોરવણી આપનાર ચર્ચિલ અને ક્યાં ખાડો ખોદીને છોડ રોપતો ચર્ચિલ ?

ચર્ચિલના મિત્રએ ચર્ચિલ સાથે રાજકારણની ચર્ચા શરૂ

કરી. ચર્ચિલને એક પછી એક પ્રશ્નો પૂછવા લાગ્યા. ચર્ચિલનું મંતવ્ય માગવા લાગ્યા. અભિપ્રાય પૂછવા લાગ્યા.

મિત્ર બોલતો જાય અને ચર્ચિલ બાગકામ કરતા જાય. આખરે એમનો મિત્ર રાજકીય પ્રશ્નો પૂછીને થાક્યો ત્યારે ચર્ચિલે એને કહ્યું,

''જુઓ મિત્ર, તમારા સવાલો પૂરા થઈ ગયા લાગે છે. પણ એનો જવાબ હું આપી શકું એમ નથી. કારણ કે હવે મને રાજનીતિમાં કોઈ રસ રહ્યો નથી. અત્યારે તો બાઇબલ વાંચું છું અને આ બગીચાના છોડનો ઉછેર કરું છું.''

મિત્રએ પૂછ્યું,''નિવૃત્તિવેળાએ માત્ર આ બે કાર્ય કરવા પાછળનો મર્મ શો ?''

ચર્ચિલે કહ્યું, ''એક પ્રાર્થના છે અને બીજો શ્રમ છે.''

મિત્રએ પ્રશ્ન કર્યો, ''પણ રાજનીતિ તો તમારા લોહીમાં હતી. એનું ય વિસ્મરણ ?''

વિન્સ્ટન ચર્ચિલે કહ્યું, ''ભાઈ ! તમારે બગીચા કે બાઇબલ વિશે કંઈ પૂછવું હોય તો જરૂર પૂછો. બીજામાં હવે રસ નથી રહ્યો.''

ચર્ચિલને પ્રશ્ન કરનાર સમજી ગયો કે પોતે જે રાજકારણમાંથી નિવૃત્તિ લીધી છે તે વિશે હવે ચર્ચિલ વાત કરવા માંગતો નથી.

• • •

## ૬૦ આજની ઘડી રળિયામણી

ખ્રિસ્તી ધર્મના આદ્ય પ્રવર્તક ઈસુ ખ્રિસ્ત. આધ્યાત્મિક સાધના કાજે અવારનવાર એકાંતમાં ચાલ્યા જતા. ઈસુ ખ્રિસ્ત અને એમના બાર અનુયાયીઓએ ઠેર ઠેર ફરીને સમાજસુધારાનો ઉપદેશ આપ્યો. એમનાં દાખલા-દલીલો સાંભળી શ્રોતાઓ મંત્રમુગ્ધ બનતા. ગરીબ અને સામાન્ય માનવીઓને તેઓ સદાય સહાયરૂપ થતાં. એમની ભાવનાઓ જોઈ માનવસમાજ પુલકિત થતો.

એમની ઉપેદશ આપવાની રીત તદ્દન સરળ હતી. તેઓ કહેતાં કે બાળકો જેવી નિર્દોષતા, નમ્રતા અને પ્રેમ હશે તો જ સ્વર્ગના રાજમાં પ્રવેશી શકાશે.

ઈસુ ખ્રિસ્ત એક ગામમાંથી બહાર નીકળ્યા અને પ્રકૃતિ એમને વીંટળાઈ વળી.

કુદરતનું રળિયામણું રૂપ જોઈને એમના ચહેરા પર અવર્ણનીય આનંદ તરવરવા લાગ્યો.

ઈસુ ખ્રિસ્ત થંભી ગયા અને પ્રકૃતિનું સૌંદર્ય નિહાળવા લાગ્યા.

એમના સાથીઓ પણ અટકી ગયા. એ બધા ઈસુ ખ્રિસ્તના ચહેરા પરનો ઉલ્લાસ જોઈને અભિભૂત થઈ ગયા.

ઈસુ ખ્રિસ્તે આનંદભેર પોતાના શિષ્યોને કહ્યું, ‘‘જુઓ, પેલાં પુષ્પો કેવાં ખીલ્યાં છે ! લીલીનાં પુષ્પોનું આવું સૌંદર્ય મેં ક્યારેય દીઠું નથી. તમને એ દેખાય છે ને ?’’

શિષ્યોએ કહ્યું, ''હા, અમે લીલીનાં ખીલેલાં પુષ્પોનું સૌંદર્ય જોઈ શકીએ છીએ.''

ઈસુ ખ્રિસ્તે કહ્યું, ''સૌંદર્ય માત્ર જોવાથી નહીં, કિંતુ ડૂબવાથી મળે છે. એ નજરથી દેખાતું નથી પરંતુ દૃષ્ટિથી લાધે છે. તમે જુઓ, કે લીલીનાં ફૂલો કેવાં હસતાં દેખાય છે! એ કેવાં સરસ ખીલી ઊઠ્યાં છે! એમનો વૈભવ કેવો છે તે તમે જાણો છો ?''

શિષ્યોએ સવાલ કર્યો,''આ લીલીનાં ફૂલોને વળી વૈભવ કેવો ? સુંદર મજાનું ફૂલ એટલે ફૂલ; બીજું શું ?''

ઈસુ ખ્રિસ્તે કહ્યું, ''અરે! આ તો અનુપમ સૌંદર્ય છે. આખી દુનિયાની સંપત્તિ ધરાવનાર સમ્રાટ સોલોમન પોતાના વૈભવની પરાકાષ્ઠાએ હતો ત્યારે એ પણ આટલો સુંદર નહોતો જેટલા કમનીય આ જંગલમાં ઊગેલાં લીલીનાં ફૂલ છે.''

એક શિષ્યને આશ્ચર્ય થયું. એણે સવાલ કર્યો, ''શા માટે પૂર્ણ વૈભવ સાથેના સમ્રાટ સોલોમનનું સૌંદર્ય આ લીલીનાં ફૂલના સૌંદર્ય કરતાં આપને ઊણું લાગે છે?''

ઈસુ ખ્રિસ્તે કહ્યું, ''આ ફૂલ આજમાં જીવી રહ્યા છે. વર્તમાનના આનંદમાં જીવી રહ્યા છે, જ્યારે સમ્રાટ સોલોમન આવતી કાલમાં જીવતો હતો. એની પાસે વર્તમાનનો આનંદ નહોતો, આજનો ઉલ્લાસ નહોતો. ફક્ત આવતી કાલનો બોજ હતો.''

• • •

## હિન્દીજન

[વૈષ્ણવ જન તો તેને કહીએ જે - એ ઢાળ]

હિન્દીજન તો તેને કહીએ
જે કર જોડી રહે ઊભા રે
એકબીજાના કાસળના જે
ખૂબ કરે મનસૂબા રે -

આંતરરાષ્ટ્રીય ઉત્પાતોમાં (જેને) સૂઝે એક જ રસ્તો રે
ચેમ્બરલેન હિટ્લર કે સ્ટેલીન સૌનો ખાવો ઘુસ્તો રે.
- હિન્દીજન૦

શૂરાતન વ્યાપે નહિ જેને, દઢ કિન્નો જેના મનમાં રે,
કોમ પંથ શું તાળી લાગી, સકળ સ્વારથ તેના તનમાં રે.
- હિન્દીજન૦

સકળ દેશથી સૌ કોઈ આવો દાસ થશું સહુ કો'ના રે !
હોશકોશ જેના જાય હાકોટે, ધન ધન પૂર્વજ તેના રે.
- હિન્દીજન૦

મિયાં કહે મને કોમી હક ઘો, દેશને મારું ગરદન રે
હિન્દુ કહે હું રહ્યો અહિંસક, આત્મા મારો મર્દ ખરે.
- હિન્દીજન૦

પરદેશી પાડાઓ વચ્ચે ઝાડ બની ઊખડશું રે
માણસ થૈ સંપી જીવવાનું પાપ કદાપિ ન કરશું રે.
- હિન્દીજન૦

ચિર રોગી ને ઝપટ રહિત છે, હામ હોશ કરે ઘોળ્યાં રે
ભણે ખરસૈયો તેનું દર્શન કરતાં કુળ સત્તોતેર બોળ્યાં રે.
- હિન્દીજન૦

(''એકતારો''માંથી) - ઝવેરચંદ મેઘાણી

# હું તમામનો ગુલામ !

[ગુલબંકી છંદ]

હું જુવાન, હું જુવાન
હું તમામનો ગુલામ.
હું સદાય ઝીલતો બીજા તણાં સડેલ જ્ઞાન;
કોથળી નથી ક્યહીંય ચામડાની હું સમાન !
હું સિપાહી જુદ્ધનો
બુધો અને અબુધનો.
નવીન ચેલકાઓ મૂંડનાર સર્વ શોખીનો !
મને નિહાળતાંની વાર હોંશઘેલડા બનો !
હું તમારી ટોપલી
ચિરાડિયાં થકી છલી.
નકામ ચિત્ત-ચીંથરાં વિચારનાં વહું ભલી
તૂટેલ ટાંક, ડાબલી,
હુંમાં સમાય : હું તમારી ટોપલી.
હું ફૂટેલ ડોલચું
ભરાય શું ? ઝિલાય શું ?
હરેક વાપરી પછી પછાડતું ફગાવતું
ફરી વચાળ : હું ફૂટેલ ડોલચું !
હું જુવાન, હું જુવાન,
માફી માગું મે'રબાન !
હું નહિ બનું ગુલામ.

(''એકતારો''માંથી) - ઝવેરચંદ મેઘાણી

## ચર્ચિલની ભવિષ્યવાણી

ઇંગ્લૅન્ડના મજૂર પક્ષના નેતા મિ. એટલી જ્યારે વડા પ્રધાન હતા ત્યારે ભારતને આઝાદી આપવા અંગેના ખરડા વિષે ત્યાંની પાર્લામેન્ટમાં ચર્ચા થઈ રહી હતી. તે સમયે એ ખરડાનો વિરોધ કરતાં ત્યાંના વિરોધ પક્ષના નેતા મિ. ચર્ચિલે જણાવેલું કે, ''જો ભારતને આઝાદી આપવામાં આવશે તો રાજસત્તા બદમાશો, લુચ્ચાઓ અને ચાંચિયાઓના હાથમાં જશે. પાણીની એક શીશી કે રોટીનો એક ટુકડો પણ કરવેરાના ભારણમાંથી છટકી શકશે નહીં. માત્ર હવા જ મુક્ત રહેશે. આ લાખો ભૂખ્યા લોકોના લોહીની જવાબદારી મિ. એટલીના શિરે રહેશે. આ લોક તણખલા જેવા છે. થોડાં વર્ષો પછી એમનું નામો-નિશાન નહીં રહે. તેઓ એકબીજા સામે લડશે અને ભારત રાજકીય ઝઘડાઓમાં પાયમાલ થશે.'' ભારતનું આજનું વાતાવરણ જોતાં એ પ્રશ્ન થાય છે કે, શું ચર્ચિલની ભવિષ્યવાણી સાચી ઠરશે ?

• • •

# ABOU BEN ADHEM

ABOU BEN.ADHEM (may his tribe increase ! )
Awoke one night from a deep dream of peace,
And saw, within the moonlight in his room,
Making it rich, and like a lily in bloom,
An Angel writing in a book of gold;
Exceeding peace had made Ben Adhem bold,
And to the Presence in the room he said,
" What writest thou " The Vision raised its head,
And with a look made of all sweet accord
Answered "The names of those who love the Lord".
"And is mine one?" said Abou. "Nay, not so",
Replied the Angel. Abou spoke more low,
But cheerily still; and said, "I pray thee, then,
Write me as one that loves his fellow men".

The Angel wrote, and vanished. The next night
It came again with a great wakening light,
And showed the names whom love of :God
had bleassed,
And, lo ! Ben Adhem's name led all the rest !

JAMES HENRY LEIGH HUNT